

પાના ૮, કિંમત રૂ.૨, તા. ૨૬-૦૩-૨૦૨૬-ગુરૂવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૮૮ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11


## આંધ્ર પ્રદેશમાં વહેલી સવારે ગંભીર વાહન અકસ્માતમાં ૨૩ મુસાફરો ઘાયલ

# પ્રકાશમમાં ડમ્પર સાથે મુસાફર બસ અથડાતા આગમાં ૧૪નાં મોત



નવી દિલ્હી, તા. ૨૬

આંધ્ર પ્રદેશના પ્રકાશમ જિલ્લામાં રાયવરમ પાસે ગુરુવારે એક મોટો અકસ્માત થયો હતો. એક પ્રાઈવેટ ટ્રાવેલ બસ એક ડમ્પર સાથે અથડાઈ હતી. ટક્કર થતાં જ બસમાં ભીષણ આગ લાગી ગઈ હતી. બસમાં સવાર ૧૪ મુસાફરો જીવતા સળગી ગયા હતા. જ્યારે ૨૩ ઘાયલ થયા છે. આ અકસ્માત સવારે ૬:૦૦ વાગ્યાની આસપાસ થયો હતો. આગ પર કાબુ મેળવી લેવાયો હતો.

મારકાપુરમના SP વી. હર્ષવર્ધન રાજુએ જણાવ્યું હતું કે ડમ્પર ડ્રાઈવર સહિત ૨૩ ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

બસમાં ૩૫થી વધુ મુસાફરો સવાર હતા. ઘટનાની સંપૂર્ણ માહિતી એકત્રિત કરવાના પ્રયાસો ચાલુ છે. મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ જાનહાનિ પર દુખ વ્યક્ત કર્યું હતું.

એક ખાનગી ટ્રાવેલ બસ તેલંગાણાના જાગિત્યાલ/નિર્મલથી આંધ્રપ્રદેશના કાલીગિરી/નેલ્લોર જઈ રહી હતી. રાયવરમ નજીક તે પુરપાટ ઝડપે આવી રહેલા ડમ્પર સાથે સામ-સામે અથડાઈ હતી. ટક્કર બાદ, બસમાં અચાનક આગ લાગી ગઈ, જેમાં ઘણા મુસાફરો અંદર ફસાઈ ગયા અને બળીને ખાખ થઈ ગયા.

કર્ણાટકના ચિત્રદુર્ગમાં ટક્કર બાદ એક સ્લીપર બસમાં આગ લાગી. આ અકસ્માતમાં ૬થી વધુ લોકો જીવતા બળી ગયા. મૃતકોમાં ૪ મહિલાઓ, એક બાળક અને ડ્રાઈવરનો સમાવેશ થાય છે. રાત્રે ૨.૩૦વાગ્યે, એક ઝડપથી આવતી ટ્રક ડિવાઈડર તોડીને બીજી બાજુથી આવતી ખાનગી કંપનીની સીબર્ડ ટ્રાન્સપોર્ટની બસ સાથે અથડાઈ.

બસમાં તરત જ આગ લાગી. તે સમયે મુસાફરો સૂતા હતા, તેથી તેમને પોતાને બચાવવાની તક મળી નહીં.

# ભારત સહિત પાંચ રાષ્ટ્રો માટે હોર્મુઝ સ્ટ્રેટ ખુલ્લુ મુકતુ ઈરાન

## પેટ્રોલીયમ સહિતની કટોકટીમાં મોટી રાહત મળશે : ભારત ઉપરાંત ચીન , રશિયા , ઈરાક, પાકિસ્તાનને લાભ થશે

નવી દિલ્હી, તા. ૨૬

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભીષણ યુધ્ધને કારણે હોર્મુઝ સ્ટ્રેટમાં અવરોધાયેલા જહાજ-પરિવહનથી પેટ્રોલીયમ સહિતના મોરચે સર્જાયેલી કટોકટીમાંથી ભારત સહિત પાંચ દેશોને મોટી રાહત મળી છે.

ઈરાને પાંચ મિત્ર રાષ્ટ્રો માટે હોર્મુઝ સ્ટ્રેટ ખુલ્લું કરવાની જાહેરાત કરી છે. આ દેશોમાં ભારત ઉપરાંત ચીન, રશિયા, ઈરાક અને પાકિસ્તાનનો સમાવેશ થાય છે. આ મંજુરી આપવાની સાથોસાથ એવી શરત પણ મુકી છે કે ઈરાનના નૌકાદળ અધિકારીઓ સાથે સંકલન સાધીને જ જહાજ પસાર કરાવવાના થશે.ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ જણાવ્યું હતું કે તેહરાને ભારત, ચીન, રશિયા, ઈરાક અને પાકિસ્તાન સહિતના 'મિત્ર દેશો'ના જહાજોને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થવાની મંજૂરી આપી છે.ઈરાને અગાઉ જણાવ્યું હતું કે હોર્મુઝ સ્ટ્રેટ સંપૂર્ણપણે બંધ નથી. આ માર્ગ ફક્ત ઈરાનના દુશ્મન દેશો માટે જ બંધ છે. અન્ય દેશોને ચોક્કસ શરતો હેઠળ પસાર થવાની મંજૂરી છે.ઈરાને અમેરિકાના યુદ્ધવિરામ પ્રસ્તાવને નકારી કાઢ્યો છે, અને કહ્યું છે કે તે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા નક્કી કરાયેલી શરતો પર સંઘર્ષનો અંત લાવશે નહીં. ઈરાની અધિકારીઓના મતે, મધ્યસ્થી કરનારા દેશો દ્વારા આપવામાં આવેલ પ્રસ્તાવ "ભ્રામક" છે, જે વાસ્તવિકતાઓથી દૂર છે અને મુખ્યત્વે દબાણ લાવવાનો હેતુ ધરાવે છે. તેહરાને સ્પષ્ટ કર્યું છે કે દુશ્મનાવટનો કોઈપણ અંત તેની પોતાની શરતો પૂર્ણ થવા પર નિર્ભર રહેશે.ઈરાને પાંચ મુખ્ય માંગણીઓ રજૂ કરી છે : તેમાં ઈરાન સામે હુમલાઓ અને લક્ષિત હત્યાઓ પર સંપૂર્ણ રોક,ભવિષ્યમાં કોઈપણ સંઘર્ષ અટકાવવા માટે મજબૂત ગેરંટી,યુદ્ધ સંબંધિત નુકસાન માટે વળતર,બધા મોરચાઓ પર દુશ્મનાવટનો સંપૂર્ણ અંતથ,હોર્મુઝ સ્ટ્રેટ પર ઈરાનના અધિકારોની આંતરરાષ્ટ્રીય માન્યતાનો સમાવેશ થાય છે.ઈરાને વધુમાં જણાવ્યું હતું કે, જ્યાં સુધી આ શરતો પૂર્ણ ન થાય ત્યાં સુધી તે તેના બદલો લેવાના પગલાં ચાલુ રાખશે, અને અમેરિકા પર આરોપ લગાવ્યો કે તેહરાનનું વલણ સતત રહે છે અને વારંવાર તેનું વલણ બદલી રહ્યું છે.

# બાંગ્લાદેશમાં યાત્રી બસ પદ્મા નદીમાં ખાબકતા ૨૩નાં મોત

નવી દિલ્હી, તા. ૨૬

બાંગ્લાદેશમાં એક પેસેન્જર બસ પદ્મા નદીમાં ખાબકી હતી. આ અકસ્માતમાં અત્યાર સુધીમાં ૨૩ લોકોના મોત થયા છે. ૧૧ મુસાફરો તરીને પોતાનો જીવ બચાવવામાં સફળ રહ્યા હતા. બસમાં લગભગ ૪૦ લોકો સવાર હતા. આ અકસ્માત બુધવારે સાંજે થયો હતો. ત્યારે માત્ર ૨ લોકોના મોત થયાના સમાચાર આવ્યા હતા.

કોલંબિયામાં સોમવારે એરફોર્સનું હર્ક્યુલસ C-૧૩૦ વિમાન ટેક-ઓફ દરમિયાન ક્રેશ થઈ ગયું. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૬૬ સૈનિકોના મોત થયા છે. જ્યારે, ૫૦થી વધુ લોકો ઘાયલ થયા છે.

આ અકસ્માત રાજબાડી જિલ્લાના દાઉલાદિયા ટર્મિનલ પર થયો હતો. બસ ફેરી પર ચઢી રહી હતી. આ દરમિયાન ડ્રાઈવરે કાબૂ ગુમાવ્યો અને બસ સીધી નદીમાં ખાબકી. બાંગ્લાદેશમાં બસો અને વાહનોને નદી પાર કરાવવા માટે ફેરીનો ઉપયોગ થાય છે. આ એક મોટી બોટ કે જહાજ જેવું હોય છે.

વડાપ્રધાન તારિક રહેમાને બચાવ કામગીરીની માહિતી લીધી છે. સાથે જ અકસ્માતની તપાસના આદેશ આપ્યા છે.

બચાવ ટીમે 'હમઝા' નામના જહાજની મદદથી લગભગ ૬ કલાકની જહેમત બાદ મધ્યરાત્રિએ બસને બહાર કાઢી. તેમાંથી ૨૧ મૃતદેહો મળ્યા, જ્યારે ડાઈવર્સે અગાઉથી જ બે મહિલાઓના મૃતદેહો શોધી કાઢ્યા હતા. ફાયર સર્વિસ અને કોસ્ટગાર્ડના ડાઈવર્સ સેના અને પોલીસની મદદથી ગુમ થયેલા લોકોની શોધખોળમાં લાગેલા છે.

અધિકારીઓએ જણાવ્યું કે બસ ઢાકા જઈ રહી હતી. તેમાં સવાર ઘણા મુસાફરો ઈદની રજાઓ પૂરી કરીને રાજધાની પરત ફરી રહ્યા હતા, જેમાં બાળકો પણ સામેલ હતા. પ્રત્યક્ષદર્શીઓ અનુસાર, બસમાં સવાર ઘણા લોકો એક જ પરિવારના હતા. કેટલાક લોકો બહાર ઊભા હોવાને કારણે બચી ગયા, જ્યારે તેમના પરિવારજનો બસની અંદર ફસાયેલા રહી ગયા.



બસને મોટી બોટ પર ચઢાવતી વખતે ડ્રાઈવરે કાબૂ ગુમાવતા અકસ્માત

# ઈરાન હાર સ્વીકારી લે નહીં તો વધુ મોટો હુમલો કરીશું : અમેરિકા

## અમેરિકાના યુદ્ધ વિરામના પ્રસ્તાવને ઈરાને નકારી દીધો

નવી દિલ્હી, તા. ૨૬

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધનો આજે ૨૭મો દિવસ છે. અમેરિકાએ ઈરાનને સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો તેણે હાર નહીં માની, તો તેના પર પહેલા કરતા પણ વધુ જોરદાર હુમલો કરવામાં આવશે.

વ્હાઈટ હાઉસના પ્રવક્તા કેરોલિન લેવિટે ગુરુવારે કહ્યું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ આ બાબતે બિલકુલ ગંભીર છે અને જો ઈરાન નહીં માને, તો અમેરિકા વધુ કડક કાર્યવાહી કરશે.બીજી બાજુ, ઈરાને અમેરિકાના સીઝફાયર પ્રસ્તાવને સ્પષ્ટપણે ફગાવી દીધો છે. ઈરાનનું કહેવું છે કે તે ટ્રમ્પની શરતો પર યુદ્ધ સમાપ્ત નહીં કરે અને તેને અમેરિકાના શાંતિ પ્રસ્તાવ પર બિલકુલ વિશ્વાસ નથી.ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ કહ્યું કે અત્યારે કોઈ વાસ્તવિક વાતચીત થઈ રહી નથી. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે ભલે કેટલાક દેશો મધ્યસ્થી કરવાનો પ્રયાસ કરી રહ્યા હોય, પરંતુ તેને વાતચીતની શરૂઆત માની શકાય નહીં. અત્યારે શાંતિની કોઈ આશા દેખાઈ રહી નથી.ન્યૂઝ એજન્સી ANI એ મુંબઈ સ્થિત ઈરાની કોન્સ્યુલેટના હવાલાથી આ જાણકારી આપી છે. કોન્સ્યુલેટ જણાવ્યું કે ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ કહ્યું છે કે 'મિત્ર દેશો' ને હોર્મુઝમાંથી પસાર થવાની છૂટ છે.ઈરાન પહેલા પણ કહી ચૂક્યું છે કે હોર્મુઝ સ્ટ્રેટ સંપૂર્ણપણે બંધ નથી. આ રસ્તો માત્ર એવા દેશો માટે બંધ છે જે ઈરાનની વિરુદ્ધ છે. બાકીના દેશોને કેટલીક શરતો સાથે પસાર થવાની પરવાનગી આપવામાં આવી રહી છે.

અનુસંધાન પાના ૭ પર

# ૧ એપ્રિલથી આવશ્યક શ્રેણીની દવાના ભાવોમાં વધારો થશે

## સરકારે ૦.૬૪ ટકાનો ભાવ વધારો મંજુર કરતા દવા લોબી નારાજ

નવી દિલ્હી, તા. ૨૬

મધ્ય પૂર્વમાં ચાલતા યુધ્ધથી ભારત સહિત દુનિયાભરના અનેક દેશોને વિવિધ ક્ષેત્રોમાં માર પડ્યો છે. ભારતમાં વિવિધ ચીજો મોંઘી થઈ જ છે. હવે ૧લી એપ્રિલથી પેઈનકિલર, એન્ટીબાયોટીક્સ તથા ઈન્ફેક્શન વિરોધી દવાઓના ભાવ પણ વધશે. જથ્થાબંધ ભાવાંકની ગણતરીએ કેન્દ્ર સરકારે આવશ્યકની શ્રેણીમાં આવતી દવાઓના ભાવમાં ૦.૬ ટકાનો વધારો કરવાની છૂટ આપી છે.નેશનલ ફાર્માસ્યુટીકલ્સ પ્રાઈઝીંગ ઓથોરીટીએ જાહેર કર્યું છે કે, આર્થિક સલાહકાર, ઉદ્યોગ-વાણિજ્ય મંત્રાલય દ્વારા અપાયેલા આંકડાકીય આર્થિક રીપોર્ટના આધારે આવશ્યકની શ્રેણીમાં આવતી દવાઓમાં ૦.૬૪૯૫૬ ટકાનો વધારો મંજુર કરાયો છે. આવશ્યક શ્રેણી હેઠળની ૧૦૦૦થી વધુ દવાઓને લાગૂ પડશે. વર્ષમાં એક વખત આ આવશ્યક દવાઓના ભાવમાં ફેરફાર કરાય છે.આવશ્યક દવાઓમાં પેરાસીટામોલ ઉપરાંત એન્ટી બાયોટીક, એન્ટી એનેમીયા વિટામીન, એન્ટી

અનુસંધાન પાના ૭ પર

# બંગાળમાં સરની પ્રથમ પુરક યાદીમાં ૧૩ લાખ નામ કપાયા

## અત્યાર સુધીમાં ૭૬ લાખ મતદારોની બાદબાકી : ૨૮ લાખ નામો પર નિર્ણય બાકી

નવી દિલ્હી, તા. ૨૬

પશ્ચિમ બંગાળમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) ની પ્રથમ સપ્લીમેન્ટરી યાદીમાં ૧૩ લાખ નામ મતદાર યાદીમાંથી હટાવવામાં આવ્યા છે. આ સાથે રાજ્યમાં કુલ હટાવવામાં આવેલા મતદારોની સંખ્યા લગભગ ૭૬ લાખ થઈ ગઈ છે.ચૂંટણી પંચના એક અધિકારી અનુસાર, 'અંડર એડજુડિકેશન'માં રાખવામાં આવેલા લગભગ ૬૦ લાખ મતદારોમાંથી ૩૨ લાખ નામોની તપાસ થઈ ચૂકી છે. આમાંથી લગભગ ૪૦% મતદારોને યાદીમાંથી હટાવવામાં આવ્યા છે.જ્યારે, હજુ પણ લગભગ ૨૮ લાખ કેસ પેન્ડિંગ છે, જેના પર નિર્ણય લેવાનો બાકી છે. આ કેસોની સુનાવણી રાજ્યમાં તૈનાત ૭૦૫ ન્યાયિક અધિકારીઓ કરી રહ્યા છે.

SIR ના એન્યુમરેશન તબક્કા દરમિયાન ડિસેમ્બરમાં ૫૮ લાખ નામ હટાવવામાં આવ્યા હતા, જેના કારણે કુલ મતદારોની સંખ્યા ૭.૬૬ કરોડથી ઘટીને ૭.૦૮ કરોડ થઈ ગઈ હતી.

ત્યારબાદ ૨૮ ફેબ્રુઆરીએ જાહેર થયેલી મતદાર યાદીમાં આ સંખ્યા ઘટીને ૭,૦૪,૫૯,૨૮૪ (લગભગ ૭.૦૪ કરોડ) થઈ ગઈ. આ યાદીમાં ૬૦ લાખથી વધુ નામ અંડર એડજુડિકેશન રાખવામાં આવ્યા હતા. અંડર એડજુડિકેશન હેઠળ તે મતદારોને રાખવામાં આવ્યા હતા, જેમના દસ્તાવેજો અથવા પાત્રતા પર શંકા હતી.

ચૂંટણી પંચે સોમવારે મોડી રાત્રે અંડર એડજુડિકેશન મતદારોની પ્રથમ સપ્લીમેન્ટરી યાદી જાહેર કરી હતી. જેમાં લગભગ ૧૦ લાખ નામ વેબસાઈટ પર અપલોડ કરવામાં આવ્યા હતા.

જોકે, આ યાદીમાં કેટલા નામ દૂર કરવામાં આવ્યા કે કેટલા કેસોનો નિકાલ થયો તે સ્પષ્ટ કરવામાં આવ્યું નથી.અધિકારીઓના મતે, જે કેસોમાં ઈ-સાઈન ઓથેન્ટિકેશન પૂર્ણ થઈ શક્યું, ફક્ત તે જ નામોને યાદીમાં સામેલ કરવામાં આવ્યા. લગભગ ૨૯ લાખ કેસો પર પ્રક્રિયા કરવામાં આવી હતી, પરંતુ તકનીકી કારણોસર બધા નામ એકસાથે જાહેર

અનુસંધાન પાના ૭ પર

# દેશના ૭૦ એરપોર્ટ પરથી CISFની સુરક્ષા હટશે

## ૭૦ એરપોર્ટ પર સિક્યોરિટી ગાર્ડ તૈનાત કરવામાં આવશે

નવી દિલ્હી, તા. ૨૬

દિલ્હી-મુંબઈ સહિત દેશના ૭૦થી વધુ એરપોર્ટની સુરક્ષામાં લાગેલા સીઆઈએસએફના જવાનોને મોટી સંખ્યામાં હટાવી શકાય છે. બ્યુરો ઓફ સિવિલ એવિએશન સિક્યોરિટી (બીસીએએસ)એ આ એરપોર્ટનો સિક્યુરીટી રિવ્યુ કર્યો હતો. ત્યારબાદ ૫૦ હજાર જવાનોમાંથી લગભગ ૧૨ હજાર જવાનોને હટાવવાનું લિસ્ટ બનાવવામાં આવ્યું છે.

સુત્રોનું કહેવું છે કે, બીએસએએસે આ લિસ્ટ નાગર વિમાનનું મંત્રાલય અને સંબંધિત એજન્સીઓને પણ સોંપી દીધી છે. હવે તેની પણ ગહન ચર્ચા કરવામાં આવી રહી છે કે શું દેશ અને દુનિયામાં હાલના સંકટોને જોતા દેશના એરપોર્ટ્સ પરથી આટલી મોટી સંખ્યામાં સીઆઈએસએફજવાનોને હટાવવા યોગ્ય લેખાશે?

મંત્રાલય સાથે સંકળાયેલા સુત્રોનું એમ પણ કહેવું છે કે તેમાં સુરક્ષા સાથે કોઈ સમજૂતી નથી કરવામાં આવી રહી, બલ કે સર્વેમાં બધા એરપોર્ટના સંવેદનશીલ, અતિ સંવેદનશીલ અને એવા પોઈન્ટ્સની ઓળખ કરવામાં આવી, જ્યાં ખતરો નહીં ના બરાબર છે અને આવા પોઈન્ટ્સ પર પ્રાઈવેટ સિક્યોરિટી ગાર્ડ રાખીને પણ કામ ચલાવી શકાય છે.

સૌથી વધુ જવાન દિલ્હી, મુંબઈ, બેંગ્લુરુ, હૈદ્રાબાદ અને ચેન્નાઈ જેવા મોટા એરપોર્ટ પર તૈનાત છે. અહીં ઘણા પોઈન્ટ પર તેમની આટલી મોટી સંખ્યામાં

અનુસંધાન પાના ૭ પર

# કેરળમાં યુડીએફની જીત નક્કી હોવાનો શશી થરૂરનો દાવો

## કેરળમાં ભાજપ ઝીરો સીટ વાળી પાર્ટી છે : થરૂર

નવી દિલ્હી, તા. ૨૬

કેરળ વિધાનસભા ચૂંટણી પહેલા કોંગ્રેસના સાંસદ શશિ થરૂરે યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (UDF)ની જીત પર વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. થરૂરે કહ્યું કે ભાજપ કેરળમાં 'ઝીરો સીટ'વાળી પાર્ટી છે. સાચો મુકાબલો UDF અને LDF વચ્ચે છે. અમારી પાસે સારા અને અનુભવી ઉમેદવારો છે.

થરૂરે વધુમાં કહ્યું કે લોકો ન્ઢહ્લના કુશાસનથી કંટાળી ગયા છે અને ભાજપ તેનો જવાબ નથી કારણ કે તેમની પાસે ક્ષમતાનો અભાવ છે. જો તેઓ વિધાનસભામાં એક, બે કે ત્રણ બેઠકો જીતે છે, તો તેઓ જંગી વિજયનો દાવો કરશે, જે અર્થહીન છે.

કેરળમાં કોંગ્રેસ પાર્ટીને "B-ટીમ" કહેવાના નિવેદનો અંગે થરૂરે કહ્યું, આ બિલકુલ બકવાસ છે. અમને કોઈની B-ટીમ બનવામાં કોઈ રસ નથી કારણ કે અમે કેરળની છ-ટીમ છીએ. ભાજપ અને એલડીએફ બંને નથી ઈચ્છતા કે કોંગ્રેસ પાર્ટી રાજ્યમાં સત્તામાં આવે. અમારી ડીલ કેરળના લોકો સાથે છે, અને અમે ખાતરી કરીશું કે કેરળના લોકો અને તેમના હિતોનું અમારી સાથે રક્ષણ થાય.

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ બુધવારે સાંજે કેરળના કોઝિકોડમાં એક ચૂંટણી સભામાં વર્ચ્યુઅલી સંબોધન કર્યુ. તેમણે કહ્યું- કેરળમાં માત્ર બે જ પક્ષો ચૂંટણી લડી રહ્યા છે. એક છે UDF ગઠબંધન અને બીજું છે ભાજપ અને LDFની પાર્ટનરશિપ.

રાહુલે કહ્યું- UDF જનતાને એકજુટ કરે છે, તેમની વાત સાંભળે છે અને તેમને સશક્ત બનાવે છે. જ્યારે, LDF અને ભાજપ જનતાને વિભાજીત કરે છે અને તેમના સપનાને કચડી નાખે છે. તેમણે આરોપ લગાવ્યો કે LDF અને ભાજપની નીતિઓ એક જ છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે દેશભરમાં વિપક્ષી નેતાઓ વિરુદ્ધ કેન્દ્રીય એજન્સીઓ કાર્યવાહી કરે છે, પરંતુ કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયન વિરુદ્ધ કોઈ કાર્યવાહી થતી નથી. તેમણે તેને મિલીભગતનો સૌથી મોટો પુરાવો ગણાવ્યો.આ તરફ ચૂંટણી પંચે આસામમાં એક્ઝિટ પોલના પ્રસારણ અને પ્રકાશન પર ૯ એપ્રિલથી ૨૯ એપ્રિલ સુધી પ્રતિબંધ મૂક્યો છે. પંચે કહ્યું કે આ નિર્ણય સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણી કરાવવા માટે લેવામાં આવ્યો છે. આ ઉપરાંત, મતદાન સમાપ્ત થવાના ૪૮ કલાક પહેલા કોઈપણ ઓપિનિયન પોલ કે સર્વેના પરિણામો પર પણ રોક રહેશે.

# સુરતનું નવું નઝરાણું 'ડુમસ સી-ફેસ' હવે બનશે 'લીટર ફ્રી ઝોન'

## ગંદકી કરનારાઓ સામે લેવાશે કડક પગલાં

સુરત, તા.૨૬

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'સ્વચ્છ ભારત મિશન' અંતર્ગત સુરત શહેરને ગાર્બેજ ફ્રી સીટી બનાવવાના હેતુથી સુરત મહાનગરપાલિકા દ્વારા એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. સાઉથ વેસ્ટ ઝોન હેઠળ તાજેતરમાં લોકાર્પણ કરાયેલ અને પર્યટકોમાં અત્યંત લોકપ્રિય બનેલા'ડુમસ સી-ફેસ' (Dumas Sea Face)ને હવે સંપૂર્ણપણે'લીટર ફ્રી ઝોન' (કચરા મુક્ત વિસ્તાર)તરીકે વિકસાવવામાં આવશે. ડુમસ સી-ફેસ ખાતે વીકેન્ડમાંસુરતી નાગરિકો ઉપરાંત આજુબાજુના વિસ્તારમાંથી૧૦ થી ૧૫ હજાર જેટલાપર્યટકોમુલાકાત લેતા હોય, ત્યાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટેસુરત મહાનગરપાલિકા દ્વારા નીચે મુજબનું સઘન આયોજન કરવામાં આવ્યું છેઃ

૧. આધુનિક માળખાગત સુવિધાઓ અને દેખરેખ ડસ્ટબિનનું આયોજનઃદર ૨૦-૩૦ મીટરના અંતરે ભીના અને સૂકા કચરા માટે કલર-કોડેડ ડસ્ટબિન મૂકવામાં આવશે. આ ઉપરાંત ૨૦ થી ૨૫ મુવેબલ ડસ્ટબિનની વ્યવસ્થા કરવામાં આવશે. સીસીટીવી મોનિટરિંગઃકચરો ફેંકનારા તત્વો પર નજર રાખવા હાઈ-ડેફિનેશન કેમેરા લગાવવામાં આવશે, જેનું મોનિટરિંગ અઠવા ઝોન અને ICCC ખાતેથી કરવામાં આવશે.

૨. કડક નિયમો અને દંડનીય કાર્યવાહી ઓન-ધ-સ્પોટ દંડઃજો કોઈ પ્રવાસી કે સ્થાનિક નાગરિક કચરો ફેલાવતા પકડાશે, તો સુપરવાઈઝર ટીમ દ્વારા તેમની પાસેથી વહીવટી ખર્ચની વસૂલાત કરવામાં આવશે. માર્શલની નિમણૂકઃ૨૫ થી ૩૦ માર્શલો સતત પેટ્રોલિંગ કરશે અને લોકોને સમજાવવાની સાથે દેખરેખ રાખશે. પ્લાસ્ટિક પ્રતિબંધઃએન્ટ્રી પોઈન્ટ પર જ પ્રતિબંધિત પ્લાસ્ટિકની તપાસ કરી તેને જપ્ત કરવામાં આવશે.

૩. જનજાગૃતિ અને વેપારીઓનો સહયોગ સી-ફેસ પર મોટી ન્ઈદ્ઘ સ્ક્રીન અને સાઉન્ડ સિસ્ટમ દ્વારા સ્વચ્છતાના સંદેશા પ્રસારિત કરવામાં આવશે. લોકોને પ્રોત્સાહિત કરવા"I Supprot Litter-Free Dumas"થીમ આધારિત સેલ્ફી પોઈન્ટ્સ બનાવવામાં આવશે. ખાણી-પીણીના સ્ટોલ ધારકો માટે ડસ્ટબિન રાખવું ફરજિયાત છે, નિયમ ભંગ બદલ લાયસન્સ રદ કરવા સુધીની કાર્યવાહી થઈ શકે છે.

૪. જન-ભાગીદારી અને ઝોન વાઈઝ જવાબદારી સ્વચ્છતા અભિયાનને વધુ વેગ આપવા માટે વિકેન્ડ દરમ્યાન ડુમસ સી-ફેસના અલગ-અલગ વિસ્તારોની જવાબદારી જુદા-જુદા ઝોનને સોંપવામાં આવેલ છે. ઝોન દ્વારાદર શનિવાર અને રવિવારે

અનુસંધાન પાના ૭ પર

# હાઈકોર્ટે હોસ્ટાઈલ સાક્ષીની ૩૦ દિવસની સજા સ્થગિત કરી દીધી


## કોર્ટે સજા પર સ્ટે આપી જામીન અરજી મંજૂર કરી

સુરત, તા.૨૬

નામદાર ગુજરાત હાઈકોર્ટમાં આરોપી ગૌતમ કાલુભાઈ ગોહિલ દ્વારા સજા ઉપર સ્ટે માંગી તેમજ જામીન અરજી પોતાના વકીલ ઝમીર શેખ દ્વારા કરવામાં આવેલ તે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવેલ છે.

કેસની ટૂંકી હકીકત એવી છે કે આરોપી ગૌતમ કાલુભાઈ ગોહિલ એ એક કેસમાં સાક્ષી હતા જે કેસ મહેરબાન સુરતના ૯મા એડી. ડિસ્ટ્રીક્ટ જજ સાહેબની કોર્ટમાં ચાલતો હતો, તે કેસમાં આરોપી ગૌતમ કાલુભાઈ ગોહિલ સાક્ષી હતા પરંતુ તેઓએ કોર્ટમાં જુબાની આપતી વખતે કેસને સમર્થન આપેલ નહી તેથી તેઓને ફરી ગયેલ સાક્ષી યાને કે હોસ્ટાઈલ વિટનેસ જાહેર કરવામાં આવેલ. તેથી સુરતના ૯મા એડી. ડિસ્ટ્રીક્ટ જજ સાહેબે સાક્ષીને ૩૦ દિવસની સજા કરેલ તે હુકમથી નારાજ થઈ આરોપી ગૌતમ કાલુભાઈ ગોહિલે એડવોકેટ ઝમીર શેખ મારફતે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ દાખલ કરેલ જે જસ્ટીસ એસ. વી. પિન્ટો સાહેબની કોર્ટમાં ચાલી જતા આરોપીને જામીન મુક્ત કરવાનો અને સજા મોકૂફીનો હુકમ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા કરવામાં આવેલ.





ગુજરાત રાજયના લોકલાડીલા નાયબ મુખ્યમંત્રીશ્રી અને ગૃહમંત્રીશ્રી યુવા આઇકોન શ્રી હર્ષભાઈ સંઘવી સાહેબની સામાજિક શૈક્ષણિક અને રાજકીય આગેવાન એરવદ ફરોખભાઈ કેરસી રૂવાલા 'દસ્તુર' (કુમાર બાવાજી) અને અમિષા ફરોખભાઈ રૂવાલા (માયાકુમાર)એ શુભેચ્છા મુલાકાત લીધી હતી.

# બિહાર વિકાસમંડળ દ્વારા કોઝવે ખાતે ચૈત્રી છઠ પૂજા મહોત્સવ

## અસ્ત અને સૂર્યોદય થતા સૂર્ય અઘ્ર્ય અર્પણ કરી વ્રતનું સમાપન

સુરત, તા.૨૬

બિહાર વિકાસ મંડળ દ્વારા આયોજિત ચૈતી છઠ પૂજા ૩૬વાં વર્ષ યોજાઈ હતી. આ કાર્યક્રમમાં (મુખ્ય મહેમાન) ડીસીપી શ્રી રાઘવ જૈનજી, આવકવેરા અધિકારી શ્રી અમર શર્માજી, ભૂતપૂર્વ શાસક પક્ષના નેતા શ્રી ગિરજાશંકર મિશ્રાજી,

કોર્પોરેટર સુવર્ણા જાધવ , કોર્પોરેટર શ્રી ચીમનભાઈ પટેલ, ભાજપ વોર્ડ પ્રમુખ અને તેમની સમગ્ર ટીમ, તેમજ અન્ય મ્યુનિસિપલ પ્રતિનિધિઓ અને અગ્રણી સામાજિક મહાનુભાવો સહિત અનેક પ્રતિષ્ઠિત મહેમાનોની હાજરી આપી હતી. અસ્ત થતા સૂર્યને સંધ્યા અઘ્ર્ય )અર્પણ કરવામાં આવ્યો, ત્યારબાદ સૂર્ય ભગવાનની આરતી (ધાર્મિક પૂજા) કરવામાં આવી. આ સમારોહ સાથે, સૂર્યની પૂજાને સમર્પિત છઠ પર્વ સફળ રીતે અસ્ત અને સૂર્યોદય થતા સૂર્ય અઘ્ર્ય અર્પણ કરી વ્રત સમાપન કરવામાં આવી પૂર્ણ થયો હતો

છેલ્લા ૨૬ વર્ષથી મહાનગરમાં ઉત્સવ અને નવા વર્ષની ઉજવણીમાં કરવામાં આવી હતી. બિહાર વિકાસ મંડળના પ્રમુખ શ્રી પ્રભુનાથ પ્રસાદ યાદવ, સેક્રેટરી બાંકે બિહારી સિંહ, નંદકુમાર પંડિત, ઉદયપ્રકાશ, ભાજપા ઉપાધ્યક્ષ શ્રીમતી પૂનમ દેવી, રાજીવ શાહ, શમશેર સિંહ, ઉદય પ્રકાશ, સંતોષ યાદવ, ઓમ પ્રકાશ, ચંદ્રકાંત, સૂર્યકાંત, શ્રી રામ યાદવ, જિતેન્દ્ર ગુરુદેવ, દીનાનાથ ચૌરસિયા, બલીરામ, રાકેશ ગુપ્તા, સંદીપ દુબે, સુજીત દુબે વગેરેના સહયોગથી વ્યવસ્થા કરવામાં આવી છે.

# યુસીસી સામે સખત વિરોધ રજૂ કરતા કદીર પીરઝાદા

## બેરોજગારી અને મોંઘવારી પરથી ધ્યાન હટાવવાનો પ્રયાસ ગણાવતા કોંગ્રેસના વરિષ્ઠ આગેવાન



સુરત, તા.૨૬

કદીર પીરઝાદાએ ગાંધીનગર વિધાનસભા દ્વારા બહુમતી મતથી સમાન નાગરિક સંહિતા (યુસીસી) ને મંજૂરી આપવાના નિર્ણયનો વિરોધ વ્યક્ત કર્યો છે. બુધવારે પોતાનું વલણ સ્પષ્ટ કરવા માટે એક પત્રકાર પરિષદ યોજીને, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ અને ભૂતપૂર્વ મેયર કદીર પીરઝાદાએ આ પગલાને સંપૂર્ણપણે રાજકીય નિર્ણય ગણાવ્યો. તેમણે આરોપ લગાવ્યો કે સરકારે બેરોજગારી અને વધતી જતી મોંઘવારી જેવા વાસ્તવિક મુદ્દાઓથી જનતાનું ધ્યાન હટાવવાના ચોક્કસ ઉદ્દેશ્યથી આ નિર્ણય લીધો છે. તેમના મતે, આ પગલું આગામી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યું છે, ખાસ કરીને વોટ બેંકને મજબૂત કરવા માટે - એક એવું પગલું જેનો કોંગ્રેસ સખત વિરોધ કરે છે. પીરઝાદાએ સ્પષ્ટ કર્યું કે પાર્ટી આ મુદ્દાને માત્ર રાજકીય સ્તરે જ નહી પરંતુ કાનૂની માધ્યમો દ્વારા પણ પડકારવાનો ઈરાદો ધરાવે છે. તેમણે કહ્યું કે યુસીસી અંગેનો નિર્ણય કોર્ટમાં લઈ જવામાં આવશે, જ્યાં તેના બંધારણીય પાસાઓ અંગે પ્રશ્નો ઉભા થશે. આ પ્રસંગે વરિષ્ઠ વકીલ ઝમીર શેખ પણ હાજર હતા અને કાયદાકીય માળખામાં અપનાવવામાં આવનારી ભવિષ્યની રણનીતિ અંગે ચર્ચા કરી હતી. કોંગ્રેસે સંકેત આપ્યો છે કે, આગામી દિવસોમાં, આ મુદ્દાને લગતા આંદોલનને વધુ ઉગ્ર બનાવવામાં આવી શકે છે.

# કતારગામ શીટ નં.૨,૩,૭,૮ના રેકર્ડનું જમીન મહેસુલ હેઠળ પ્રમોલગેશાન

## પ્રોપર્ટી કાર્ડ, રેકર્ડ, નકશા સામે જો કોઈને વાંધો હોય તો લેખિતમાં રજૂ કરવા અનુરોધ

સુરત, તા.૨૬

સુરત શહેરના કતારગામ સિટી સર્વે દાખલ કરવા માટે મળેલી મંજૂરી અનુસાર સિટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ નં.૧ની કચેરીના શીટ નં.૨,૩,૭,૮નું પાર્ટ રેકર્ડ તૈયાર કરીને તા.૧૫/૪/૨૦૨૬ના રોજ ગુજરાત જમીન મહેસુલ નિયમો મુજબ પ્રમાણિત કરવામાં આવનાર છે. તૈયાર થયેલા કતારગામના રેકર્ડને સિટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ નં.૧ ની કચેરીમાં ખુલ્લું મૂકવામાં આવ્યું છે. જેથી આ પ્રોપર્ટી કાર્ડ, રેકર્ડ, નકશા સામે જો કોઈને વાંધો હોય તો તા.૧૫/૪/૨૦૨૬ સુધીમાં સિટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ નં.૧ની કચેરી, એ-બ્લોક, ૭મો માળ, બહુમાળી ભવન, નાનપુરા ખાતે લેખિતમાં રજૂ કરવા નાયબ નિયામક, જમીન દફતર-સુરતની નાયબ નિયામકની યાદીમાં જણાવાયું છે.

# વૈશ્વિક પ્રતિકૂળ પરિસ્થિતિ વચ્ચે ઉદ્યોગ સાહસિકો અને રોકાણકારોને માર્ગદર્શન

## આગામી રોકાણ માટે સ્ટ્રેટેજી પર ઉદ્યોગ અગ્રણીઓ અને નિષ્ણાતોએ વિસ્તૃત જાણકારી આપી

સુરત, તા.૨૬

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા જેએમ ફાઈનાન્શિયલ પ્રાઈવેટ વેલ્થના સહયોગથી બુધવાર, તા. ૧૮ માર્ચ, ૨૦૨૬ના રોજ સાંજે ૭:૦૦ કલાકે પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ખાતે 'નેવીગેટીંગ માર્કેટ્સ ઈન અ શિફટીંગ ગ્લોબલ લેન્ડસ્કેપ' વિષય પર ઈન્ટરેક્ટિવ સેશનનું યોજાયું હતું, જેમાં ઉદ્યોગ અગ્રણીઓ અને નિષ્ણાતોએ વૈશ્વિક બજારોની હાલની સ્થિતિ, જીઓપોલિટિકલ પરિસ્થિતિઓના પ્રભાવ, મેક્રો ટ્રેન્ડ્સ તથા તેનાથી રોકાણકારોના પોર્ટફોલિયોમાં થતી અસર અંગે ઉદ્યોગ સાહસિકો અને રોકાણકારોને વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સત્રમાં ઉપસ્થિતોને આવકારી ચેમ્બરની વિવિધ પ્રવૃત્તિઓ વિષે માહિતી આપતા જણાવ્યું હતું કે, આજના વૈશ્વિક અને ઝડપથી બદલાતા આર્થિક પરિપ્રેક્ષ્યમાં ઉદ્યોગકારો અને રોકાણકારો માટે માહિતી અને યોગ્ય માર્ગદર્શન ખૂબ જ આવશ્યક બની ગયું છે. આવા સેશન દ્વારા સભ્યોને વૈશ્વિક બજારની દિશા, મેક્રો ઈકોનોમિક પરિબળો અને રોકાણ માટેની નવી તકો અંગે સમજણ પ્રાપ્ત થાય છે.

મુખ્ય અતિથિ તરીકે લુથરા ગૃપના ચેરમેન શ્રી ગિરીશ લૂથરાએ પોતાના સંબોધનમાં વૈશ્વિક આર્થિક પરિસ્થિતિમાં આવી રહેલા બદલાવ અને તેના ઉદ્યોગો તેમજ રોકાણકારો પર પડતા પ્રભાવ અંગે મહત્વપૂર્ણ વિચારો રજૂ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, આજના સમયમાં વૈશ્વિક અર્થતંત્ર ઝડપથી પરિવર્તનશીલ બની રહ્યું છે, જેમાં જીઓપોલિટિકલ પરિસ્થિતિ, ટેકનોલોજીનો વિકાસ અને સપ્લાય ચેઈનના બદલાતા માળખાનો સીધો પ્રભાવ ઉદ્યોગ અને રોકાણ ક્ષેત્ર પર જોવા મળી રહ્યો છે. તેમણે કહ્યું હતું કે, ઉદ્યોગકારો અને રોકાણકારો માટે લાંબા ગાળાની દ્રષ્ટિ સાથે મજબુત મૂળભૂત તત્વો ધરાવતા ક્ષેત્રોમાં રોકાણ કરવું અત્યંત જરૂરી છે.

મુખ્ય અતિથિ તરીકે એથર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના સ્થાપક પ્રમોટર અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી અશ્વિન દેસાઈએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, ભારતીય અર્થવ્યવસ્થા વૈશ્વિક પડકારો વચ્ચે પણ મજબૂત સ્થિતિમાં છે અને મેક ઈન ઈન્ડિયા તથા આત્મનિર્ભર ભારત જેવી પહેલો ઉદ્યોગોને નવી દિશા આપી રહી છે. તેમણે કહ્યું હતું કે, કેમિકલ અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં ભારત માટે વિશાળ તકો ઉપલબ્ધ છે, ખાસ કરીને ગ્લોબલ સપ્લાય ચેઈનમાં ભારતની ભૂમિકા દિવસેને દિવસે મજબૂત બની રહી છે.

અતિથિ વિશેષ તરીકે જૈનમ બ્રોકિંગ લિ.ના મેનેજિંગ ડિરેક્ટર અને કો-ફાઉન્ડર શ્રી મિલન પરીખે રોકાણકારોને સંબોધતા જણાવ્યું હતું કે, ટૂંકાગાળાના બજારના ઉતાર-ચઢાવ કરતા લાંબા ગાળાની મૂલ્ય આધારિત રોકાણ પદ્ધતિ અપનાવવી વધુ ફાયદાકારક સાબિત થાય છે. સાથે જ યોગ્ય ડાઈવર્સિફિકેશન અને જોખમ વ્યવસ્થાપન દ્વારા પોર્ટફોલિયોને સ્થિર રાખી શકાય છે. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે પણ યોગ્ય માહિતી, સંશોધન અને લાંબા ગાળાની દ્રષ્ટિ રાખનાર રોકાણકારો માટે અનેક નવી તકો ઉપલબ્ધ છે.

એથર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરપર્સન અને જે.આર. ગૃપના ચેરમેન શ્રી કમલવિજય તુલસિયાને પણ પોતાના અનુભવના આધારે

અનુસંધાન પાના ૭ પર

# ગુમ થયેલી યુવતીની પોલીસ દ્વારા શોધખોળ

સુરત, તા.૨૬

બારડોલી ગ્રામ્ય પોલીસ સ્ટેશનના જણાવ્યાનુસાર બારડોલી તાલુકાના મસાડ ગામે રહેતી હિરલબેન સુધીરભાઈ બાબરભાઈ પટેલ નામની ૨૩ વર્ષીય યુવતી ગત તારીખ ૦૨/૦૨/૨૦૨૫ ના રોજ કોઈને કંઈ પણ કહ્યા વગર ઘરેથી ક્યાંક ચાલ્યા ગયા છે. હિરલબેનની ઊંચાઈ આશરે ૫ ફૂટ છે, રંગ ઘઉંવર્ણ અને ચહેરો ગોળ છે. તેમણે શરીર પર કાળા રંગનો કુર્તો તથા કાળા રંગનો ટ્રેક પેન્ટ પહેરેલ છે. આ યુવતી અંગે કોઈ માહિતી મળે, બારડોલી ગ્રામ્ય અથવા તાત્કાલિક નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# ગુજરાત સરકારની 'ટેક હોમ રાશન' યોજના

## માતા અને બાળકના ઉત્તમ સ્વાસ્થ્ય માટે વરદાન સાબિત થતી 'ટેક હોમ રાશન' યોજના

સુરત, તા.૨૬

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના બાળકો, સગર્ભા મહિલાઓ અને ધાત્રી માતાઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા માટે 'ટેક હોમ રાશન' યોજના અમલી બનાવી છે. મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ કાર્યરત આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય ખાસ કરીને અંતરિયાળ વિસ્તારોમાં રહેતા જરૂરિયાતમંદ પરિવારો સુધી પૌષ્ટિક આહાર પહોંચાડી કુપોષણની સમસ્યાને જળમૂળથી નાબૂદ કરવાનો છે. આ યોજના દ્વારા રાજ્ય સરકાર સુપોષિત ગુજરાતના સંકલ્પને સાકાર કરી રહી છે.

'ટેક હોમ રાશન' યોજનાનો મુખ્ય ઉદ્દેશ ૬ માસથી ૬ વર્ષના બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓમાં જોવા મળતા કુપોષણ અને એનીમિયાના દરને ઘટાડવો, પૌષ્ટિક આહાર દ્વારા માતા અને બાળકની રોગપ્રતિકારક શક્તિ વધારવી, શિશુ મૃત્યુદર અને માતા મૃત્યુદરમાં ઘટાડો લાવી સુરક્ષિત માતૃત્વ સુનિશ્ચિત કરવું અને આંગણવાડી કેન્દ્રો દ્વારા પોષણયુક્ત આહારના મહત્વ અંગે જનજાગૃતિ ફેલાવવાનો છે.

આ યોજનાનો લાભ મેળવવા માટે અમુક ચોક્કસ માપદંડો નક્કી કરવામાં આવ્યા છે, જેમાં મુખ્યત્વે આંગણવાડી કેન્દ્રમાં નોંધાયેલા ૬ માસ થી ૩ વર્ષના તમામ બાળકોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ૩ થી ૬ વર્ષની વયના એવા બાળકો કે જેઓ આંગણવાડીમાં નોંધાયેલા છે અને અતિ ઓછા વજનવાળા એટલે કે કુપોષિત શ્રેણીમાં આવે છે, તેઓ પણ આ યોજના હેઠળ સહાય મેળવવા પાત્ર છે. મહિલાઓના સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપતા, રાજ્યની તમામ સગર્ભા મહિલાઓ તેમજ જેમના બાળકના જન્મના હજુ ૬ માસ પૂર્ણ થયા નથી તેવી ધાત્રી માતાઓને આ યોજનામાં આવરી લેવામાં આવી છે. વધુમાં, શિક્ષણ છોડી દીધું હોય તેવી અને શાળાએ ન જતી કિશોરીઓને પણ તેમના ચોક્કસ વય જૂથના નિયમો અનુસાર આ પૌષ્ટિક આહાર યોજનાનો લાભ આપવામાં આવે છે.

ગુજરાત સરકારની આ યોજના હેઠળ લાભાર્થીઓને પૌષ્ટિક આહાર પૂરો પાડવામાં આવે છે. જેમાં ૬ માસથી ૩ વર્ષના સામાન્ય બાળકોને દર મહિને 'બાલશક્તિ' ના ૫૦૦ ગ્રામના ૭ પેકેટ આપવામાં આવે છે, જ્યારે આ જ વયજૂથના અતિ કુપોષિત બાળકોને વિશેષ કાળજી

અનુસંધાન પાના ૭ પર

# વાંઝમાં ગુજરાત વિધાનસભાના પ્રથમ સ્પીકર સ્વ.કલ્યાણજી મહેતાના સ્મારકનું લોકાર્પણ

## ચોર્યાસી તાલુકાના વાંઝ ગામના ઐતિહાસિક વારસામાં વધુ એક યશકલગી

સુરત, તા.૨૬

સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના વાંઝ ગામના ઐતિહાસિક વારસામાં વધુ એક ગૌરવપૂર્ણ ક્ષણનો ઉમેરો થયો છે. વાંઝ ગામે ગ્રામપંચાયત દ્વારા ગુજરાત વિધાનસભાના પ્રથમ સ્પીકર સ્વ. કલ્યાણજી વિઠ્ઠલજી મહેતાના સ્મારકનું લોકાર્પણ કરાયું હતું.

ગામના આગેવાનોની ઉપસ્થિતમાં વાંઝ ગામના મૂળ વતની એવા સ્વતંત્રસેનાની કલ્યાણજી મહેતાના સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરી તેમના રાષ્ટ્ર સમર્પણ ભાવ અને સામાજિક યોગદાનને બિરદાવવામાં આવ્યો હતો. કલ્યાણજી મહેતાએ સ્વતંત્રતા આંદોલનમાં સક્રિય ભાગ ભજવવાની સાથે ગુજરાત વિધાનસભાના પ્રથમ સ્પીકર તરીકે લોકશાહી પરંપરાને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, વાંઝ ગામ દેશની સ્વતંત્રતા અને તેની ચળવળ સાથે ઐતિહાસિક વારસો ધરાવે છે. દાંડીયાત્રા દરમિયાન તા.૨ એપ્રિલ, ૧૯૩૦ના રોજ મહાત્મા ગાંધીજીએ અહીં સત્યાગ્રહીઓ સાથે રાત્રી રોકાણ કર્યું હતું. આ ઐતિહાસિક ધરોહર આજે પણ ગામના લોકજીવનમાં દેશભક્તિની ભાવનાને જીવંત રાખે છે. સ્વ.કલ્યાણજી મહેતાનું સ્મારક માત્ર સ્મૃતિનું નહીં, પરંતુ નવી પેઢીને સ્વતંત્રતા સેનાનીઓના બલિદાન અને રાષ્ટ્રસેવાના મૂલ્યો તરફ પ્રેરિત કરતું જીવંત પ્રતિક બની રહેશે. આ પહેલ દ્વારા ગામના ઐતિહાસિક વારસાને આવનારી પેઢી સાથે જોડવાનો અનેરો પ્રયાસ કરાયો છે.

# કડોદરામાં કિશોરીના અપહરણ મામલે ફરિયાદ નોંધાઈ

સુરત, તા.૨૬

કડોદરા GIDC પોલીસ સ્ટેશનના જણાવ્યાનુસાર ચલથાણ ખાતે રહેતી ૧૬ વર્ષીય કિશોરી શ્રદ્ધા અશોકભાઈ ઓમકારભાઈ ગોડસેના અપહરણ અંગેની ફરિયાદ નોંધાઈ છે. ગોળ ચહેરો અને મધ્યમ બાંધો ધરાવતી આ કિશોરીએ ગુલાબી કલરની કુર્તી અને બ્લુ કલરનું જીન્સ પહેરેલ છે. તેમના વિશે કોઈ પણ ભાળ મળે તો કડોદરા GIDC પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા જણાવાયું છે.

# માંગરોળ તાલુકામાં કિશોરીનું અપહરણ

સુરત, તા.૨૬

કોસંબાપોલીસ સ્ટેશનના જણાવ્યાનુસાર કુવરદા, તા.માંગરોળ ખાતે રહેતી ૧૬ વર્ષીય કિશોરીશીવાની કાલુપ્રસાદ બેંગા ના અપહરણ અંગેની ફરિયાદ નોંધાઈ છે. આ કિશોરીએ સફેદ કલરની કુર્તી અને કમરે બ્લુ કલરનું સલવાર પહેરેલ છે. તેમના વિશે કોઈ પણ ભાળ મળે તો કોસંબાપોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા જણાવાયું છે.

# પલસાણામાં ૫ વર્ષીય પ્રતિક ભોઈનું અપહરણ

સુરત, તા.૨૬

પલસાણાપોલીસ સ્ટેશનના જણાવ્યાનુસાર કારેલીગામ, તા.પલસાણા ખાતે રાકેશભાઈ રજુભાઈ ભોઈનો ૫ વર્ષીય પુત્ર પ્રતિકના અપહરણ અંગેની ફરિયાદ નોંધાઈ છે. આ બાળકે બ્લુ કલરની અને સફેદ-પીળા પટ્ટાવાળી ટીશર્ટ તેમજ અને કમરે બ્લુ કલરનું પેન્ટ પહેરેલ છે. તેમના વિશે કોઈ પણ ભાળ મળે તો પલસાણાપોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા જણાવાયું છે.



# ઓલપાડ તાલુકાના તેજસ્વી તારલાઓનો કેવડિયા પ્રવાસ

## વિદ્યાર્થીઓમાં એકતા અને રાષ્ટ્રભક્તિની ખીલવવાના પ્રયાસો

સુરત, તા.૨૬

સમગ્ર શિક્ષા, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારનાં પરિપત્રને અનુસરી ગતરોજ ઓલપાડ તાલુકાનાં ૧૧ ક્લસ્ટરની વિવિધ પ્રાથમિક શાળાઓનાં કુલ ૮૫ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે વિશેષ શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. સદર શૈક્ષણિક પ્રવાસ અંતર્ગત વિદ્યાર્થીઓ કેવડીયા કોલોની ખાતે વિશ્વ વિખ્યાત સ્ટેચ્યૂ ઓફ યુનિટી તથા સરદાર સરોવર ડેમ સાઈટની મુલાકાત લઈ રોમાંચિત થયા હતાં. આ સાથે સફારી પાર્કમાં સૌએ પ્રાકૃતિક માહોલમાં વિચરતાં વન્ય પ્રાણીઓને નિરખવાની મજા માણી હતી. બી.આર.સી. કો-ઓર્ડિનેટર બ્રિજેશ પટેલનાં માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ શૈક્ષણિક પ્રવાસમાં સી.આર.સી. કો-ઓર્ડિનેટરમિત્રો પરેશ પટેલ, રાકેશ પટેલ, મિતેશ પટેલ, તેજસ નવસારીવાલા, હર્ષદ ચૌહાણ, અશોક પટેલ, આશા ગોપાણી તથા રેશ્મા પટેલે પ્રવાસી વિદ્યાર્થીઓને મુલાકાતનાં દરેક સ્થળોની મહત્ત્વપૂર્ણ બાબતોથી અવગત કર્યા હતાં. જે થકી વિદ્યાર્થીઓની જિજ્ઞાસાવૃત્તિ સંતોષાય હતી.

બી.આર.સી. કો-ઓર્ડિનેટર

અનુસંધાન પાના ૭ પર

# ખેડૂતોએ આઇ ખેડૂત પોર્ટલ પર અરજી કરવી

## ખેડૂત સહાયનો લાભ લેવા માટે તા:૨૭ માર્ચથી પોર્ટલ શરૂ થશે

સુરત, તા.૨૬

સુરત રાજ્યના ખેતીવાડી વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટે વિવિધ સહાય યોજનાઓનો લાભ ખેડૂતો સુધી પહોંચે તે માટે આઇ ખેડૂત પોર્ટલ તા. ૨૭ માર્ચ ૨૦૨૬થી તા. ૨૬ એપ્રિલ ૨૦૨૬ સુધી ઓનલાઈન અરજીઓ માટે ખુલ્લું મુકવામાં આવનાર છે.

વર્ષ ૨૦૨૬-૨૭ માટે ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓ હેઠળ વિવિધ ખેત ઓજાર સાધનો (કમ્બાઈન હાર્વેસ્ટર, કલ્ટીવેટર, રોટાવેટર, લેસર લેન્ડ લેવલર,સબસોઈલર, પોટેટો પ્લાન્ટર, ગ્રાઉન્ડનટ ડીગર, હેરો (તમામ પ્રકાર), પ્લાઉ (તમામપ્રકાર), (પાવર ટીલર), તારની વાડ, સોલાર પાવર યુનિટ, પાક સંગ્રહ સ્ટ્રક્ચર(ગોડાઉન), માલ વાહક વાહન, પમ્પ સેટ્સ પાક સંરક્ષણ સાધનો અને સમાર્ટફોનખરીદી પર સહાય વગેરે જેવા ૪૨ ઘટકો માટે આઇ ખેડુત પોર્ટલ તા.૨૭/૦૩/૨૦૨૬થી તા. ૨૬/૦૪/૨૦૨૬ સુધી ખેડુતો દ્વારા ઓનલાઇન અરજીઓ કરવા માટે ખુલ્લું મૂકવામાં આવનાર છે. આ વર્ષે આઈ.ખેડૂત પોર્ટલ પર નોંધણી થયેલા ખેડૂતો અને નોધણી બાકી હોય તેવા તમામ ખેડૂતોએ ઓનલાઈન પોર્ટલ પર આધાર ઓથેન્ટિકેશન માટે આધારકાર્ડ સાથે

અનુસંધાન પાના ૭ પર

# તમે ખરીદીને લાવ્યા છો એ કલિંગર કુદરતી રીતે પકાવવામાં આવ્યું છે કે કેમિકલથી? આ રીતે મિનિટોમાં ઓળખો...

ઉનાળાની કાળઝાળ ગરમીમાં ઠંડા અને લાલચોળ તરબૂચ જોતાં જ ખાવાનું મન થઈ જાય છે. પરંતુ, શું તમે જાણો છો કે જે તરબૂચ તમે ખરીદીને ઘરે લાવી રહ્યા છો એ કુદરતી રીતે પાકેલું છે કે કેમિકલયુક્ત? વધુ નફો કમાવવા માટે આજકાલ તરબૂચને જલ્દી પકવવા અને વધુ લાલ બતાવવા માટે જોખમી કેમિકલ્સ અને ઈન્જેક્શનનો ઉપયોગ કરવામાં આવે છે. ચાલો આજે તમને આ સ્ટોરીમાં જણાવીએ. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) દ્વારા પણ આ બાબતે ચેતવણી ઉચ્ચારવામાં આવી છે. તમારા પરિવારના સ્વાસ્થ્યની રક્ષા માટે કેમિકલયુક્ત તરબૂચને ઓળખવાના કેટલાક સિમ્પલ સ્ટેપ્સ વિશે માહિતી આપવામાં આવી છે.



કુદરતી તરબૂચનો રંગ આછો ગુલાબી કે ઘટ્ટ લાલ હોય છે. જો કાપ્યા પછી તરબૂચ અસામાન્ય રીતે ચમકીલું કે લોહી જેવું લાલચોળ દેખાય, તો સમજી લેવું કે તેમાં 'ઈરિથ્રોસિન' જેવા આર્ટિફિશિયલ રંગોની ભેળસેળ હોઈ શકે છે.

સફેદ કે પીળી ધારીઓ:

જ્યારે તમે બજારમાંથી લાવીને કલિંગરને ઘરે આવીને સુધારો છો ત્યારે તરબૂચને કાપ્યા પછી જો અંદરના ભાગમાં સફેદ કે આછી પીળી નસો જેવી ધારીઓ જોવા મળે, તો તે સંકેત છે કે તેમાં કેમિકલ ઈન્જેક્શન આપવામાં આવ્યું છે. કુદરતી રીતે પાકેલા તરબૂચમાં આવો પેટર્ન ભાગ્યે જ જોવા મળે છે.

વોટર ટેસ્ટ કરો:

કલિંગર કુદરતી રીતે પકાવવામાં આવ્યું છે કે નહીં તે ચકાસવા માટે તમે વોટર ટેસ્ટ પણ કરી શકો છો. આ માટે તમારે કલિંગરનો એક નાનો ટુકડો લઈને અને તેને

પાણી ભરેલાં ગ્લાસમાં નાખો. જો પાણીનો રંગ તરત જ ગુલાબી કે લાલ થવા લાગે, તો તેમાં કૃત્રિમ રંગ છે. જો પાણીનો રંગ ન બદલાય, તો તરબૂચ ખાવા માટે સુરક્ષિત છે.

સ્વાદ અને ટેક્સચરનું રાખો ધ્યાન:

કુદરતી રીતે પકાવવામાં આવેલા તરબૂચનો સ્વાદ મીઠો અને એકદમ ફ્રેશ હોય છે. જ્યારે કેમિકલથી પકાવવામાં આવેલા તરબૂચ ઘણીવાર સ્વાદમાં ફીકા, સહેજ કડવા કે અજીબ લાગે છે. કુદરતી રીતે પકાવવામાં આવેલા કલિંગરનું ગર ક્રિસ્પી હોવાને બદલે સ્પોન્જી અથવા વધુ પડતું નરમ હોઈ શકે છે.

ગર અને બીયા ચેક કરો:

કુદરતી રીતે પકાવવામાં આવેલા તરબૂચમાં બીયા સમાન રીતે ફેલાયેલા હોય છે. જો તરબૂચમાં બીજ ખૂબ જ ઓછા હોય અથવા બીજ સફેદ હોય છતાં તરબૂચ અંદરથી ખૂબ લાલ હોય, તો તેને હોર્મોનલ ટ્રીટમેન્ટ આપવામાં આવી છે કે પછી તેને કેમિકલથી પકાવવામાં આવ્યું હોઈ શકે છે.

# ફ્લાઈટ જર્નીમાં કપલ્સમાં વધી રહ્યો છે સીટ ડિવોર્સનો ક્રેઝ, થેરાપિસ્ટ પણ આ ટ્રેન્ડને ગણાવે છે હેલ્ધી રિલેશનશિપની ઓળખ

તમને પણ એવું થશે કે ભાઈસાબ આ વળી શું નવો ટ્રેન્ડ છે. હજી તો માંડ સ્લિપ ડિવોર્સનો કોન્સેપ્ટ મગજે એક્સેપ્ટ કર્યો હતો તો વળી આ સ્લિપ ડિવોર્સ શું નવી બલા છે? છેલ્લાં કેટલાક સમયથી કપલ્સમાં એક નવો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે, જેનું નામ છે 'સીટ ડિવોર્સ' (Seat Divroce). સાંભળવામાં આ શબ્દ થોડો અજીબ લાગી શકે છે, પરંતુ આજના દોડધામભર્યા જીવનમાં ઘણા યુગલો તેને એક સમજદારીભર્યો નિર્ણય ગણાવી રહ્યા છે. 'સીટ ડિવોર્સ' શું છે અને તે કેમ લોકપ્રિય થઈ રહ્યો છે એ વિશે આ સ્ટોરીમાં આપણે વિસ્તારથી વાત કરીશું.

વાત કરીએ 'સીટ ડિવોર્સ' શું છે એની તો એટલે ફ્લાઈટમાં મુસાફરી કરતી વખતે પતિ-પત્ની કે પછી પાર્ટનર સાથે પ્રવાસ કરતાં હોય તો પણ એકબીજાની બાજુમાં બેસવાને બદલે અલગ-અલગ સીટ પસંદ કરવી. આનો અર્થ સંબંધોમાં ખટાશ નથી, પરંતુ મુસાફરી દરમિયાન પોતાનો અંગત સમય (Me Time) માણવો અને આરામ કરવો એવો થાય છે.

પર્સનલ સ્પેસની જરૂરિયાત:

લાંબી મુસાફરી, બાળકોની જવાબદારી અને કામના થાક પછી ઘણા લોકો ફ્લાઈટમાં શાંતિથી ઊંઘવા અથવા પોતાની મનપસંદ ફિલ્મ જોવા માંગતા હોય છે. અલગ બેસવાથી તેઓ કોઈ પણ દબાણ વગર આરામ કરી શકે છે.

મનપસંદ સીટની પસંદગી:


ઘણીવાર સાથે બેસવાના ચક્કરમાં એક પાર્ટનરે વચ્ચેની (Middle Seat) મોસ્ટ અનકમ્ફર્ટેબલ ગણાતી સીટ પર બેસવું પડે છે. આવી પરિસ્થિતિમાં કપલ્સ 'સીટ ડિવોર્સ'ની મદદથી બંને જણ પોતાની મનગમતી વિન્ડો અથવા આઈલ સીટ પસંદ કરી શકે છે.

રિલેશનશિપમાં બેલેન્સ માટે છે જરૂરી

થેરાપિસ્ટ અને એક્સપર્ટ્સના મતે કપલ્સે સતત ૨૪ કલાક સાથેને સાથે રહેવા કરતાં ટ્રાવેલિંગ દરમિયાન થોડો સમય અલગ વિતાવવાથી જ્યારે કપલ ફરી મળે છે, ત્યારે તેમની વચ્ચેની વાતચીતને વધુ મીનિંગ ફૂલ અને ફ્રેશનેસથી ભરી દે છે.

શો-શાઈનિંગનો ધી-એન્ડ

અત્યાર સુધી લોકોની એવી માન્યતા હતી કે કપલ્સ જાહેરમાં સાથે બેસનું એ મજબૂત સંબંધ અને કપલના પ્રેમને દર્શાવે છે. પરંતુ હવે સમય બદલાયો છે અને લોકો એવું માને છે કે ફ્લાઈટમાં સાથે બેસીને પણ પોતપોતાના ફોનમાં મશગૂલ રહેવા કરતાં અલગ અલગ બેસીને પોતાની જાત સાથે ક્વોલિટી આરામ કરવો વધુ સારો છે.





# કચ્છ પ્રવાસની વિસ્તરતી ક્ષિતિજો

સફેદ રણ અને રણોત્સવે સમગ્ર વિશ્ર્વને ઘેલું લગાડી દીધું છે. તો ધોળાવીરાનો વૈશ્ર્વિક ધરોહરમાં સમાવેશ થતાં જ કચ્છના પ્રવાસન માટે શિરમોર મહોર બની ચૂકયાની લાગણી આ સૂત્રોએ વ્યક્ત કરી હતી. યુનેસ્કોએ ધોળાવીરાની હડપ્પીયન સાઈટને 'વર્લ્ડ હેરિટેજ સાઈટ'માં સમાવેશ કરી કચ્છના તંત્ર અને ગુજરાત પ્રવાસન ખાતાની જવાબદારી વધારી દીધી છે. કારણ કે તે માટે રોડ-રસ્તા, હોટલો, વાહન વ્યવહાર અને જે સુવિધાનું માળખું તૈયાર કરવાના ભાગરૂપે ઘડુલી-સાંતલપુર માર્ગનું કામ જે કાંઢવાઢથી ખડીર સુધીનો રોડ ઝડપથી પૂરો કર્યો. એકલ-બાંભણકા માર્ગનું ટૂંક સમયમાં આરંભ થઈ રહ્યો છે. જે ખડીર પોતાના તાલુકા ભચાઉ સાથે આ રસ્તે રણના રસ્તે જોડાશે અને લોકોને ભચાઉથી ધોળાવીરાનો ૭૦-૮૦ કિમી જેટલું વધારાનું અંતર નહીં કાપવું પડે તે એક ખરેખર મોટી ઉપલબ્ધી કહી શકાય. તે ઉપરાંત થ્રી સ્ટાર અને ફાઈવ સ્ટાર રિસોર્ટ આકાર લઈ રહ્યા છે. લોકોની અવરજવર વધી છે. ધોળાવીરા ઉપરાંત ખડીરમાં જીઓ લોજીકલ એટલી બધી સાઈટસ છે જે ભૂસ્તર પ્રેમીઓ ખડીર ને એક ‘‘જીઓલોજી ની પ્રયોગશાળા માને છે.જો આ પ્રવાસનને અલગથી વિકસાવવામાં આવે તો ખડીરની શિકલ ત્વરાએ બદલાય જે અત્યાર સુધી પશ્ર્ચાદભૂમાં ધરબાયેલું હતું.કાંઢવાઢથી ધોળાવીરા ને જોડતો ટૂંકો રસ્તો જે ‘‘રોડ ટુ હેવન તરીકે ઓળખાય છે તેના પર વાહનો અને લોકોની અવર જવર ખૂબ વધી રહી છે અને આ રોડથી પસાર થવુ એ સ્વર્ગીય આનંદથી જરાય કમ નથી.પ્રવાસનના ક્ષેત્રને વધુ સવલત સાથે આનંદમય બનાવવાના અનેકવિધ પગલાં પણ અમલમાં મૂકવાનાં શરૂ થઈ ગયાં છે અને હજુ પાઈપલાઈનમાં પણ છે. જો આ બધી સુવિધાઓ ઉપલબ્ધ થશે તો પ્રવાસને ચાર ચાંદ લાગશે તેમાં જરાય અતિશયોક્તિ નથી.બીજી બાજુ પૂર્વ આયોજન વગર આવતા પર્યટકો ને ખાસ કરીને ઉનાળુ વેકેશન જેવા સમયે પડતી તકલીફો અને મુશ્કેલીઓને લઈને ઉત્તરોત્તર વધતા ક્ષેત્રની અધૂરાશો-ઉણપો તરફ અંગુલીનિર્દેશ થયા વગર રહી શકતો નથી.રાજ્યનું પ્રવાસન નિગમ કચ્છના પર્યટન તરફ વિશેષ લગાવ સાથે તેની વેબસાઈટ અને કચેરીઓના માધ્યમથી ઉપયોગી વિગતો માર્ગદર્શન આપી રહ્યું છે. જો કે તેમાં પણ ઘણા પર્યટકોની રાવ આવ છે કે વેબસાઈટ અપડેટ નથી થતી અથવા હેંગ થઈ જાય છે. સાથે સાથે કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ પણ પ્રવાસીઓનું પર્યટન સુગમ બનાવવા માટે પ્રયત્નશીલ રહેતી હોય છે. આમ છતાં સિઝનમાં ઉતારાના સ્થળોએ નિયત ભાવનું બાંધણુ અને વાહન વગર આવતા ઉતારુઓ માટે યાતાયાત અર્થે વાહનોનાં ભાડાના માપદંડ નિયત કરવા જરૂરી બન્યા છે. કેટલીક ફરિયાદો એવી પણ આવી કે હોટલ, ગેસ્ટહાઉસ, લોકલ વાહન વ્યવહાર તેમ જ ખાણીપીણીની વસ્તુઓમાં મનફાવે તેવા ભાવોથી લૂટાય છે. જે લાંબા ગાળે આ પ્રવાસન ઉદ્યોગ માટે સારું નથી. ગરજનો ગેરફાયદો લેવો તે સારી બાબત નથી અને તેનાથી આ કચ્છનું નામ ખરાબ થાય છે અને બીજી વાર આવતા યાત્રાળુ-પ્રવાસીઓ નિરાશ થઈ અન્ય સ્થળને પસંદગી આપતાહોય છે.દરમ્યાન પ્રવાસીઓ માટે કચ્છ ભ્રમણ દરમ્યાન ભરપૂર સિઝનના સમયે રહેવાની સગવડ સૌથી વધુ મુશ્કેલભરી બની રહી છે. બે પૈસા ખર્ચી શકનારો વર્ગ ઓનલાઈન બુકિંગ કે વર્તમાન ભાવ ચૂકવીને તેમનું ગાડું ગબડાવી લે છે પણ બજેટ સાથે આવનારા વર્ગ માટેની ખાસ વ્યવસ્થા પણ વિચાર માગી લેનારી બની રહી છે. આ માટે‘‘હોમ સ્ટે, ‘‘ડોરમેટરી સ્ટે જેવી બાબતોને પ્રોત્સાહન અપાય અને આ માટે સરકારી નિયમોને લોકભોગ્ય કરી અમલ બનાવાય તો અનેક ઉતારુઓને ફાયદો થાય તેમ છે.હજુ પણ કચ્છમાં ટ્રેનની સુવિધા માત્ર ભૂજ સુધી જ છે. જો એને નલિયા સુધી શરૂ કરવામાં આવે તો કચ્છના મહત્ત્વના યાત્રાધામોને કવર કરી શકાય, કારણ કે ઉંમરલાયક યાત્રાળુઓ માટે ટ્રેન આજે પણ વરદાન રૂપ સાબિત થઈ રહી છે.વિમાની સેવાને પણ વધુ વિસ્તરવાની જરૂર છે. ભૂજ-ગાંધીધામ વિમાની મથકો પરથી મુંબઈ, દિલ્હી અને અન્ય સ્થળોથી કનેક્ટીવિટી વધારવાની જરૂર છે અને તેને નિયમિત કરવાની જરૂર છે.હજુ પણ વધુ કચ્છને લગતા પ્રવાસનના મુદ્દાઓ આવતા અંકમાં ચર્ચા કરીશું.

# જે આપણા ગળે ભરાયેલા ડૂમાને આંસુના સ્વરૂપમાં પરિવર્તિત કરી દે

શું તમને ક્યારેય એવું લાગ્યું કે તમારી આસપાસ લોકોના ટોળાં છે પણ એમાંથી ખરેખર પોતાના કહી શકાય એવા કેટલાં? કેટલી વ્યક્તિને તમારી ફિકર હોય છે? કેટલી વ્યક્તિઓ તમારી ગેરહાજરીની નોંધ લે છે? ઢગલો માણસોની વચ્ચે ઘેરાયેલી આપણી જાતની એબસન્સની અસર કેટલા લોકો પર થાય છે?

ઘણીવાર આપણે એવા ભ્રમમાં જીવતા હોઈએ છીએ કે આપણા એક સાદથી હાજર થવાવાળા પાર વગરના છે. મોબાઈલમાં સેવ્ડ ૨૦૦૦ ના કોન્ટેક્ટ લિસ્ટ કે પછી સોશયલ મીડિયાનું ૨૦સ ફોલોઅર્સ ધરાવતા એકાઉન્ટથી ઉપર ઊઠીને આપણી જાતને પૂછવું જોઈએ કે આ તમામ લોકોમાંથી જેને ખરેખર આપણા કહી શકાય એવા કેટલાં? વ્યક્તિની આસપાસ બે વર્તુળ હોય છે. એમાં બીજા વર્તુળની બહાર આપણી પબ્લિક અને પ્રોફેશનલ લાઈફ હોય છે જ્યાં આપણને સમજી શકનાર લોકો કરતાં જાણનારા લોકો વધુ હોય. પહેલાં અને બીજા વર્તુળની વચ્ચે એવા લોકો હોય જે આપણા ઘર સુધી આવવા જવાના સંબંધ રાખતા હોય અથવા તો ઘરના લોકો જ હોય કે જેઓ આપણને સમજી શકતા હોય. જ્યારે પહેલાં વર્તુળની અંદર જ્યાં આપણે ઊભા છીએ ત્યાં એકાદ આંગળીના વેઢે ગણી શકાય એટલી વ્યક્તિઓ હોય જે આપણને ખરા અર્થમાં ઓળખતા હોય. કદાચ એકપણ ન હોય એવુંય બને. પણ જો છે તો આપણે જેવા છીએ એઝ ઈટ ઈઝ સ્વીકારતાં પણ હોય. કોઈપણ પ્રકારના ખચકાટ વગર આપણને અપનાવતા હોય. અહી દંભને કોઈ સ્થાન નથી. આવા સંબંધને કાટ નથી લાગતો, કારણ કે એ સંબંધ સોનાની જેમ શુદ્ધ છે. જો આપણી આસપાસ આવી વ્યક્તિ છે તો આપણા પર ગર્વ થવો જોઈએ. અને જો આપણી આસપાસ આવી વ્યક્તિ નથી તો આપણી જાતને પ્રશ્ર્નો કરવા જોઈએ.

અહી આપણે એ વહેમમાંથી બહાર નીકળી જઈશું કે આપણા શુભચિંતક ઘણાંબધા છે. પબ્લિક લાઈફ અને પ્રાઈવેટ લાઈફથી પર આપણી પોતાની એક સ્પેસ છે જ્યાં આવવાની પરમિશન દરેક માટે નથી હોતી. બહુ ખાસ વ્યક્તિઓ જ એ સ્પેસને આંબી શકે છે. ત્યાં આવનારા લોકો આપણી ઈચ્છાથી ત્યાં સુધી પહોંચે છે જેની સંખ્યા લિમિટેડ હોય છે. આપણે જ્યાં સુધી ઇચ્છીએ ત્યાં સુધી એ સ્પેસમાં રહે છે. આપણી ઈચ્છાથી બહાર નીકળી જાય છે. ખુલ્લી કિતાબ જેવી આપણી જાત અહી કોઈપણ પ્રકારનું મ્હોરું લઈને ફરતી નથી.ગળગળા થવાથી લઈને ગાળો સુધીની અભિવ્યક્તિની આઝાદી આ સ્પેસમાં રહેલ વ્યક્તિ પાસે હોય છે.બીજા વર્તુળની અંદર રહેલા એવા લોકો કે જે આપણી નાની નાની વાતો જાણતા હોય છે, જે આપણા એક્સપ્રેશન્સથી આપણી વ્યથા જાણી લે છે, જે આપણા મૌનથી આપણા શબ્દો કળી જાય છે. જે આપણી ‘ના’ નો મતલબ સારી પેઠે ‘હા’માં સમજી જાય છે, જે આપણા ગુસ્સા પાછળનો ઈરાદો જાણી લે છે, જે આપણા ચૂપકીદીને વાચા આપી જાણે છે, જે આપણા ગળે ભરાયેલા ડૂમાને આંસુના સ્વરૂપમાં પરિવર્તિત કરી દે છે, જે આપણી વણજોતી બકબક પાછળની આપણી બેચેની પારખી લે છે, જે આપણા હલનચલન ઉપરથી આપણો હવે પછીનો નિર્ણય જાણી લે છે, જે આપણા ડર પાછળનું કારણ જાણી લે છે, જે આપણા હાસ્ય પાછળની પીડા કળી જાય છે. આ એવી વ્યક્તિ કે વ્યક્તિઓ છે જે આપણું જમા પાસું છે, આપણી સાચી મૂડી છે. એ છે તો જીવન જીવવાની મજા છે. એ છે તો આપણી ઊતરતી જતી ગાડી પાટે ચડી જાય છે.


જ્યારે મન ઉદ્વેગ અનુભવે ત્યારે આંખ બંધ કરતાંની સાથે જેનો ચહેરો દેખાય, જેની સાથે બે ઘડી વાત કરવાનું મન થાય એ હકીકતમાં આપણા છે. જેની સામે હૈયું વલોવી શકાય, આંસુઓ ઓગાળી શકાય, સંતાપ ભૂલી શકાય એ આપણા છે. જેની સામે આપણી લાઈફની અજીબોગરીબ ઘટનાઓ શૅર ન કરીએ ત્યાં સુધી ચેન ન પડે એ આપણા છે. જેને મળીને મન હળવું ફૂલ થઈ જાય એ આપણા છે. જે આપણી ભૂલો બતાવી જાણે અને આપણી ભૂલોને સ્વીકારી પણ જાણે એ આપણા છે. આપણને તૂટતાં અટકાવે, આપણી હિંમત અને પ્રેરણા બને એ આપણા છે. આપણા ખોટા વખાણ કરીને નહિ, પરંતુ જરૂર જણાય ત્યાં વખોડીને આપણું વ્યક્તિત્વ નિખારે એ આપણા છે. જેને આપણી સાથેની હયાતી કરતાં આપણી ખુશીઓની ફિકર હોય એ આપણા છે. આપણા પાસે હોવા કરતાં આપણા સાથને મહત્તા આપે એ આપણા છે. મોઢે મીઠું બોલીને બીજા પાસે વગોવતાં હોય એ નહી પણ મોઢે કડવા વેણ કહીને અન્યો પાસે આપણી તારીફ

કરી જાણનારા હકીકતમાં આપણા છે. એને જે કહેવું છે એ સીધું ને સ્પષ્ટ જ કહેશે, ખોટું વધારી ચડાવીને નહીં કહે.હવે પ્રશ્ર્ન એ થાય કે આવી વ્યક્તિને ઓળખવી કેવી રીતે? ખાસ કરીને આપણા લોકોને ઓળખવાની બેસ્ટ ટ્રીક એ છે કે કેટલાક સમય માટે અલિપ્ત થઈ જવાનું. કોઈપણ વ્યક્તિ સાથે કોઈપણ પ્રકારનો કોન્ટેક્ટ નહી રાખવાનો. કેટલાક દિવસો કે મહિનાઓ સુધી જાહેર જીવનમાંથી સંપૂર્ણપણે નિષ્ક્રિય થઈ જવાનું. ફોન કોલ્સ હોય કે પછી ચેટ, સ્ટેટસ હોય કે સ્ટોરી કે પછી સોશ્યલ મીડિયા, અરે રૂબરૂ મુલાકાત પણ કેમ ન હોય, આ બધું જ બંધ કરી દેવાનું. પોતાની જાતને એક અલગ દુનિયામાં ટેમ્પરરી કેદ કરી દેવાની. શક્ય હોય તો મોબાઈલ ફોન જ સ્વિચ ઓફ કરી દેવાનો. સોશ્યલ મીડિયાના તમામ એકાઉન્ટ્સ ડીએક્ટિવેટ કરી દેવાના. અમુક દિવસો બાદ ફરી નોર્મલ સ્થિતિમાં આવી જવાનું. હવે જોવાનું એ છે કે આપણા અજ્ઞાતવાસ દરમ્યાન કેટલી વ્યક્તિ હતી જેણે આપણને મળવાનો પ્રયાસ કર્યો હતો? કેટલા લોકો એવા હતા જેણે વાયા વાયા પણ આપણા ખબર અંતર પૂછ્યા હતા? કેટલા ટેક્સ્ટ મેસેજીસ અને કેટલા વોટ્સએપ મેસેજીસ આપણા ફોનમાં પડ્યા છે જેમાં આપણી ગેરહાજરીની નોંધ લેવાઈ હોય? અચાનક ફોન બંધ કરી દેવાથી કેટલી ગાળોનો સામનો કરવો પડ્યો? કોલ રિસીવ ન કરવાથી કેટલી વ્યક્તિ ઘર કે ઓફિસ સુધી પહોંચી? ખરેખર કેટલી વ્યક્તિઓને આપણી હયાતીની અસર છે એ આના પરથી સાબિત થઈ જશે.બાકી ટોળામાં જીવતા ટેવાયેલા સ્વને બહુ પ્રેમથી સમજાવી દેવાનું કે, ‘અહીં દેખાતાં દરેક માણસ પર ભરોસો મૂકતા પહેલાં એટલિસ્ટ એકવાર વિચારી લેજે. આ જાકમજોળ તારા પૈસા, પાવર અને પોઝિશનના લીધે છે. તારા ખરાબ સમયમાં, તારી જરૂરિયાત વખતે તારી પડખે ઊભા રહેનારને બરાબર પિછાણી લેજે. તારી આસપાસ આંટાફેરા કરતા, તારા દરેક સ્ટેન્ડ વખતે તારા વખાણ કરતા હંમેશાં તારી કેર કરનાર અને તને ધરપત દેનાર નથી જ હોવાના. તારા એકાદ ખોટા નિર્ણય પછી પણ તને છોડીને ન જનાર એ ખરા અર્થમાં ‘તારા’ છે. આ વાતને મગજના છેલ્લાં કોષ સુધી ફિટ કરીને રાખજે.’

ક્લાઈમેક્સ

હું તો હજીએ તારી આસપાસ જ છું જો મને મહેસૂસ કરે તોપ તારા વર્તુળમાંથી બહાર નીકળવાની શિક્ષા મેં પ્રાપ્ત કરેલ નથી.

**અહીં આપણે એ વહેમમાંથી બહાર નીકળી જઈશું કે આપણા શુભચિંતક ઘણાંબધા છે. પબ્લિક લાઈફ અને પ્રાઈવેટ લાઈફથી પર આપણી પોતાની એક સ્પેસ છે જ્યાં આવવાની પરમિશન દરેક માટે નથી હોતી.**



તંત્રી લેખ...-

ગુરૂવાર, તા. ૨૬ માર્ચ ૨૦૨૬

# વૈશ્વિક જ્ઞાનનો સમન્વય

જ્ઞાનનો વિકાસ નિરંતર શિક્ષણ અને તેમાં નવા-નવા પ્રવાહોને અનુસરવામાં કેન્દ્રીત રહ્યો છે. ભારતે પણ ઉચ્ચ શિક્ષણના આંતરરાષ્ટ્રીયકરણ માટે પગલાં લેવા શરૂ કર્યાં છે. ભારતે ઉચ્ચ શિક્ષણ વૈશ્વિક લક્ષને હાંસલ કરવા વિજ્ઞાન અને સમાજ વિજ્ઞાનના સમન્વયની ઉપર ખાસ ધ્યાન કેન્દ્રીત કર્યું છે. ટેક્નોલોજી ને સામાજિક વિષયોને એકીકૃત કરવાના પ્રયાસથી ભારત ખરા અર્થમાં વિશ્વગુરુનો દરજ્જો હાંસલ કરી શકશે. આ સંદર્ભમાં કેન્દ્રીય શિષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાને ભારતીય ઉચ્ચ શિક્ષણના આંતરરાષ્ટ્રીયકરણ દેશના સર્વાંગી વિકાસ માટે ભારે મહત્ત્વ ધરાવે છે. દેશના વિશાળ ઉચ્ચ શિક્ષણ ફલકને દુનિયાની સંસ્થાઓ માટે ખોલવાનાં પગલાં હંમેશાં આવકાર અને વિરોધ બંનેની ચર્ચા છેડતા રહ્યા છે. જો કે, શિક્ષણના હાલના બદલાતાં જતાં વૈશ્વિક ચિત્ર અને ઘરઆંગણાની જરૂરતોને જોતાં સરકારનું આ પગલું યોગ્ય જણાય છે. એક તરફ દુનિયાની અગ્રણી શિક્ષણ સંસ્થાઓ ભારતીય યુવાનોની આઈટીની પારંગતતાથી પ્રભાવિત છે, તેની સાથોસાથ આ સંસ્થાઓને ભારતના સમાજ વિજ્ઞાનમાં પણ ભારે રસ છે. તેઓ ભારતના સામાજિક માળખાં તથા તેને સંલગ્ન આર્થિક પાસાને સમજીને પોતાની બૌદ્ધિક સંપદાનો વિસ્તાર કરવા માગે છે. તે ઉપરાંત ભારતમાં આવી વિદેશી યુનિવર્સિટીઓના અગામનથી ભારતીય વિદ્યાર્થીઓને સમાજ વિજ્ઞાન અને કૌશલ વિકાસની નવી તક મળતી થશે. ભારતીય વિદ્યાર્થીઓ વૈશ્વિક ધોરણો મુજબ સામાજિક વિષયો પર અધ્યયન અને સંશોધન કરી શકશે. તેમને શિક્ષણના વિવિધ વિકલ્પો મળતા થશે. હવે ભારતીય ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની જવાબદારી છે કે, તેઓ દુનિયાના અન્ય ભાગોમાં પોતાનો વિસ્તાર કરે. ખાસ તો આફ્રિકા, લેટિન અમેરિકા અને એશિયાના દેશોમાં ભારતીય ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માટે અપાર તકો છે. વળી આજે દુનિયામાં ભારતીય સમુદાયની સંખ્યા દિવસાદિવસ વધી રહી છે અને સમુદાયને પણ ભારતીય શિક્ષણ પ્રવાહથી જોડેલો રાખવાની જવાબદારી પણ આપણી યુનિવર્સિટીઓની બને છે. આની સાથોસાથ ભારતીય ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓએ અમેરિકા, ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા અને જર્મની જેવા દેશોમાં ભારતીય પરંપરા અને ફાવટને અનુરૂપ ખાસ વિષયો પર કેન્દ્રીત હોય એવાં કેન્દ્રો પણ ખોલવા પર હવે ધ્યાન અપાવાની જરૂરત છે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં ટાટા ઈન્સ્ટિટયૂટ ઓફ સોશિયલ સાયન્સે એક મહત્ત્વની એકેડેમિક પહેલ કરીને દુનિયાભરમાં ભારત પર સંશોધન કરતા વિદ્વાનોને આમંત્રિત કર્યા છે. આ વિદ્વાનોની સાથે ઘરઆંગણાના ટોચના સમાજ વૈજ્ઞાનિકો અને વિકાસ નિષ્ણાતોને એક મંચ પર લાવીને ભારતીય સમાજ અને વિકાસના હકારાત્મક પરિમાણો પર સંશોધન અને વિમર્શની માટે નવી પહેલ કરાશે. ઉચ્ચ શિક્ષણના સતત વિકસતાં જતાં વૈશ્વિક માળખાંનો દેશના વિદ્યાર્થીઓ અને સંશોધકોને મળતો થાય તો ભારતના વિકાસમાં શિક્ષણના સમન્વયની અનિવાર્યતા પરીપૂર્ણ થઈ શકશે.

# ઉચ્ચ કક્ષાના ચરિત્ર નિબંધોમાં જીવંત પાત્રો

'માણસાઈનાં ધરૂ' પુસ્તકના લેખક શ્રી ભગીરથ બ્રહ્મભટ્ટ છે. સંપાદક તરીકે દેવેન્દ્ર એલ. ત્રિવેદી (પુનિત પદરજ) છે. પ્રથમ પૃષ્ઠ ઉપર લેખકની 'ધૂળ નથી કંઈ...' કવિતા ખૂબ સુંદર છે. સ્વ. લલ્લુભાઈ માધવલાલ પટેલ, સ્વ. પ્રેમિલાબેન લ. પટેલ તથા સ્વ. જીતિશચંદ્ર લ. પટેલના સ્મરણાર્થે, શ્રી નવીનચંદ્ર લ. પટેલ સુરતના સૌજન્યથી અને સ્વ. મનસાબેન અને શંકરલાલ શાહના સ્મરણાર્થે શ્રી હરિવલ્લભદાસ શં. શાહ, લંડનના સૌજન્યથી પુસ્તક પ્રગટ થયું છે. 'પ્રકાશકીય'માં દેવેન્દ્ર ત્રિવેદી જણાવે છે કે લેખકે પોતાની આસપાસના અને ક્યારેક સંસર્ગમાં આવેલા વ્યક્તિત્વોને પ્રસંગના નિરુપણ દ્વારા આલેખ્યા છે. લેખકની લાક્ષણિક શૈલીથી 'જનકલ્યાણ'ના વાચકોને સુપરિચિત છે. 'પ્રસ્તાવના'માં લેખક જણાવે છે કે સામાન્ય સ્તરના પાત્રોને પણ શબ્દદેહ આપ્યો છે. વિભિન્ન સામયિકોમાં આ ચરિત્ર નિબંધો પ્રગટ થયા છે. વિવિધ અભ્યાસીઓના વિવેચન લેખો પણ પ્રાપ્ત થયા છે.

૧૭૫ પાન ઉપર ૩૭ પ્રકરણોનું પ્રાગટ્ય થયું છે. 'રામસિંહ'માં કોલેજના હિંદી ભાષી પટાવાળાની વાત છે. 'ચંદુ'માં કોલેજના નિષ્ઠાવાન પટાવાળા દ્વારા સુવિચાર લેખનની વાત છે. 'ભણેલા મહારાજ'માં નાડાછડીના ટુકડા બાંધતા મહારાજની સાહિત્યપ્રીતિ ગજબની છે. 'શાંતુભાઈ'માં જેલ જઈ આવેલ માણસના પરિવર્તનની સરસ હકીકત છે. 'ભૂપેન્દ્ર'માં ઉદ્યોગ શિક્ષક પર આચાર્યની જોહુકમીનું વર્ણન છે. દાદા શંકરજીને 'ઢબોભા' તરીકે, ગ્રામ્ય પરિવેશમાં ચિત્રિત કર્યા છે. 'માધીયાની વહુ' શકરી પતિ માધુને સુધારવા મથે છે. 'કંકુમા'માં ઊંચી હવેલીના માલિકનો દાનનો સ્વભાવ અને છેલ્લે મજૂરીની પરિસ્થિતિ આવે છે. 'જે પરભુ'માં વિધવાઓની ભજનમંડળીનું વર્ણન છે. 'નરસિંહ'માં વહુ જતી રહેલી. મોટાભાઈ પોતાની સાથે અમદાવાદ લઈ ગયેલા. 'ઉદોજી'માં સામાન્ય ખેડૂતની ઈમાનદારીનાં દર્શન થાય છે. ગણોતધારામાં મળતી જમીનનો અસ્વીકાર કરે છે. 'નિર્મલા'માં આદર્શ સ્ત્રીનું સ્વરૂપ જોવા મળે છે. સાસરિયામાં ઝગડો થતાં સ્વમાનને ઠેસ પહોંચી અને પિયર આવી ગઈ. વર્ગખંડમાં ભાવવાહી ગીતની તેના પર અસર થયાનું સુંદર ચિત્રણ છે. 'વજુભા'માં ગામડાના અભણ માણસની સમજ શક્તિ જોવા જેવી છે. 'રંછો ઢોલી'માં રણછોડ રાવળની ઢોલીની કામગીરીની રોનક જોવા મળે છે. ભક્તિભાવ પણ ભારે. પેટમાં પાપવાળી મજૂરણ બાઈને મદદના ભાવથી લઈ આવેલો. 'રામે મેરાઈ'માં ગામના દરજીની વાત છે. લગનવાળા ઘરમાં સંચો લઈને પંદર દિવસ પહેલાં પહોંચી જાય. ગરીબ સાથે તેનો વ્યવહાર તે મુજબનો હોય.'જાડિયો જમાદાર'માં ગામના વાઘરીનું શબ્દચિત્ર છે. દરેક કામમાં બધાને મદદ કરે. બે સ્ત્રીઓ રાખતો. ચા, દેશી બીડી, ભજીયાં અને સિનેમાનો શોખ. 'જેઠાકાકા'માં આણંદ રેલવે સ્ટેશન પરના પોલીસ કરવાવાળાની અનોખી વાત છે. કુલીઓ, હાથ લારીવાળાઓ વધારાની રકમ તેમને જમા મૂકી જતા રેલગાડીઓ આવ્યા-ગયાની સરસ માહિતી તેમને હોય. શાકભાજીવાળો 'અમરત બારડ' લેખકના હાથે ભણેલો. જગતની વાસ્તવિકતા સમજી આ ધંધો તેણે શરૂ કરેલો. 'ભૂપેન્દ્ર દરજી'માં મહેળાવના યુવાનને પગની તકલીફ, બદા ડોક્ટર પગ કપાવવા કહે. છેવટે વિદ્યાનગર પંચાયત દવાખાનાના ડોક્ટર બાલચંદાનીએ મટાડી આપ્યું તેની લાગણીસભર વાત છે. 'ભાનુપ્રસાદ ચોક્સી'માં પેટલાદના વતની અને સેવાભાવી અધ્યાપકની વાત છે. 'બાલચંદાણી સાહેબ'માં વિદ્યાનગરના ડોક્ટરની સેવાઓની વાત છે. 'અસલમ ચાવાળો'માં રાંધેજા રેલવે સ્ટેશન સામેના લારીવાળાની વાત છે. રેડિયો સાંભળતા ડોલતા ડોલતા કામ કરે. તેની પ્રામાણિકતા ભારે. 'બેચો ઠાકોર'માં લૂંટારાની ઈમાનદારી જોવા મળે છે. સામાન્ય લોકોને જરાપણ ન પજવે. વેપારી-વાણિયાને લૂંટે. 'ઈશવર ગોર'માં ભાઈઓના છેહનો ભોગ બનતાં મગજની ડાગળી ચસકી ગયેલા માણસની હકીકત છે.

## ઈરાન ઈઝરાયલ સામે લડતાં હમાસ સહિતનાં સંગઠનોને મદદ કરે છે

# મુસ્લિમ રાષ્ટ્રો ઈરાન સાથે હાથ મિલાવે એ વાતમાં માલ નથી

## આ માહોલમાં ઈરાને એક બીજો રસપ્રદ પ્રસ્તાવ મૂક્યો છે.

ઈઝરાયલ-અમેરિકા વર્સીસ ઈરાનના યુદ્ધમાં હમણાં ટેબ્લો પડ્યો છે. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ઈરાન પર પાંચ દિવસ સુધી હુમલા નહીં કરવાની જાહેરાત કરીને સમાધાન માટે હાથ લંબાવ્યો તેમાં હમણાં શાંતિ છે. અમેરિકાએ હુમલા બંધ કરવા માટે ઈરાન સામે ઢગલાબંધ ૧૫ શરતો મૂકી છે ને સામે ઈરાને પણ સાતેક શરતો મૂકી દીધી છે. બંને દેશોએ શરતો તો મૂકી દીધી પણ વાટાઘાટો ક્યાં થશે ને કોણ વાટાઘાટો કરશે એ જ નક્કી નથી. પહેલાં ઓમાન મધ્યસ્થી કરતું હતું પણ હવે ઓમાન મધ્યસ્થી કરશે કે નહીં એ પણ નક્કી નથી તેથી આખી વાત અધ્ધરતાલ છે. આ માહોલમાં ઈરાને એક બીજો રસપ્રદ પ્રસ્તાવ મૂક્યો છે. ઈરાને મુસ્લિમ અને આરબ દેશોને ખાડીની સુરક્ષા માટે એવું જોડાણ બનાવવાની અપીલ કરી છે કે જેમાં અમેરિકા અને ઈઝરાયલની કોઈ ભૂમિકા ના હોય. ઈરાનનું કહેવું છે કે, મિડલ ઈસ્ટને હજારો કિલોમીટર દૂર બેઠેલી તાકતોની સુરક્ષા માટે કોઈ જરૂર નથી અને મિડલ ઈસ્ટના દેશો હવે પોતાની સુરક્ષા જાતે કરે એ સમય આવી ગયો છે. એ માટે મિડલ ઈસ્ટના દેશોએ સામાજિક અને સાંસ્કૃતિક એકતા પર આધારિત જોડાણ કરવું જરૂરી છે. ઈરાને ઈઝરાયલ સામેના ૧૯૬૭ અને ૧૯૭૩ના યુદ્ધનો ઉલ્લેખ કરીને કહ્યું છે કે, આ બંને યુદ્ધમાં આરબો હારી ગયા કેમ કે આરબો એક નહોતા પણ હવે આપણે એક થઈએ તો કોઈ ના હરાવી શકે. ઈઝરાયલ અને અમેરિકા મિડલ ઈસ્ટનો ઉપયોગ પોતાના સ્વાર્થ માટે કરે છે એવો આક્ષેપ કરીને ઈરાને સવાલ પણ કર્યો છે કે, અમેરિકાની લશ્કરી છાવણીઓથી મિડલ ઈસ્ટને શું મળ્યું ? ઈરાને મૂકેલી દરખાસ્તથી મિડલ ઈસ્ટમાં કાયમ માટે શાંતિ સ્થાપી શકાય એ વાત શંકાસ્પદ છે કેમ કે મિડલ ઈસ્ટની અશાંતિ માટે એક કારણ જવાબદાર નથી. જો કે એ બધી વાત તો પછી પણ પહેલાં તો સુન્ની દેશો ઈરાનની વાત સ્વીકારે કે કેમ તેમાં જ શંકા છે. ઈરાન એવું પ્રસ્થાપિત કરવા મથે છે કે, મુસ્લિમ દેશો એક થાય તો પોતાની સુરક્ષા જાતે કરી શકે છે અને બીજા કોઈની જરૂર નથી. આ વાત સૈદ્ધાંતિક રીતે સાચી છે પણ વાસ્તવિક રીતે સાચી નથી. મિડલ ઈસ્ટમાં અશાંતિ માટે યહૂદીઓ અને મુસ્લિમોની દુશ્મનાવટ અને મુસ્લિમોમાં પણ શિયા વર્સીસ સુન્નીનો ઝઘડો કારણભૂત છે. આ બંને સમસ્યાઓનો અંત આવે તો આપોઆપ શાંતિ સ્થપાઈ જાય ને કોઈ યુધ્ધ ના થાય પણ મુસ્લિમ દેશો ઈઝરાયલ સામેની દુશ્મનાવટ અને પેલેસ્ટાઈનની મમત પડતી મૂકી શકે તેમ નથી ને સુન્ની દેશો શિયાઓ સામેની નફરતને છોડી શકે તેમ નથી તેથી ઈરાન ઈચ્છે છે એવો સંઘ બને એમ જ નથી. સઉદી અરેબિયા સહિતના સુન્ની દેશોને ઈઝરાયલ નથી ગમતું પણ શિયા મુસ્લિમો સામેની નફરત યહૂદીઓ સામેની નફરત જેટલી જ પ્રબળ છે. બલકે છેલ્લાં કેટલાંક વરસોથી ઈરાન સામેની નફરત વધારે પ્રબળ બની છે કેમ કે ઈરાન બધી રીતે મજબૂત થતું જાય છે. આરબોએ અમેરિકાને ચાવી મારી મારીને ઈરાન ફરતેનો ભરડો મજબૂત બનાવ્યો, તેના પર જાત જાતના આર્થિક પ્રતિબંધો મુકાવીને તેને તોડી નાખવા મથામણ કરી પણ ઈરાન મચક નથી આપતું. સઉદી સહિતના સુન્ની દેશોને એમ હતું કે, અમેરિકાનો તાપ ઈરાન જીરવી નહીં શકે ને તૂટી જશે પણ ઈરાન અમેરિકાને પણ ઘોળીને પી ગયું એ સઉદી સહિતના સુન્ની દેશોથી સહન થતું નથી. દુનિયાના મુસ્લિમોમાં ૮૫ ટકા મુસ્લિમો સુન્ની છે જ્યારે શિયાઓનું પ્રમાણ ૧૪ ટકા જ છે. સુન્નીઓ શિયાઓને ઊતરતા માનીને શિયા સંપ્રદાયને ખતમ કરીને આખી દુનિયામાં સુન્નીઓનું રાજ સ્થાપવા માગે છે. સઉદી સહિતના સુન્ની દેશોમાં શિયાઓને ખતમ કરવાની તાકાત નથી તેથી અમેરિકાના ખભે બંદૂક મૂકીને તેમને પતાવવા મથે છે પણ અમેરિકા પણ એ નથી કરી શક્યું તેથી સુન્નીઓ ધૂંધવાયેલા છે.

હવે સુન્ની દેશો ઈરાનની દરખાસ્ત સ્વીકારીને મિડલ ઈસ્ટમાં મુસ્લિમ રાષ્ટ્રોનું સંગઠન બનાવે તો શિયાઓને પોતાની સમકક્ષ તરીકે સ્વીકારી લીધા એવો અર્થ થાય તેથી પણ સુન્ની દેશો ઈરાનની વાત સ્વીકારે તેમ નથી. બીજું એ કે, ઈરાન ઈઝરાયલ સામે લડે છે તેના કારણે સામાન્ય મુસ્લિમોને તેના માટે સહાનુભૂતિ છે. મુસ્લિમ દેશો તેની વાત સ્વીકારે તો આપોઆપ ઈરાન મુસ્લિમોના નેતા તરીકે સ્વીકૃત થઈ જાય તેથી પણ સઉદી અરેબિયા સહિતના દેશો તેની દરખાસ્તને ના સ્વીકારે.

સુન્ની દેશો ઈરાન સાથે હાથ મિલાવે તેના કારણે મિડલ ઈસ્ટમાં શાંતિ ના સ્થપાય એ માટે બીજું એક કારણ મુસ્લિમોની યહૂદીઓ માટેની નફરત છે. મિડલ ઈસ્ટમાં શાંતિ સ્થાપવા માટે મુસ્લિમ દેશોએ ઈઝરાયલ સામેની દુશ્મનાવટ અને પેલેસ્ટાઈનની મમત પડતી મૂકવી પડે. મિડલ ઈસ્ટમાં છાસવારે છમકલાં કે યુદ્ધ થાય છે તેનું કારણ પેલેસ્ટાઈનની સમસ્યા છે. હમાસ સહિતનાં સંગઠનો પેલેસ્ટાઈનની માગને કારણે જ ઈઝરાયલ સામે લડે છે અને કત્લેઆમ કરે છે.

ઈરાન ઈઝરાયલ સામે લડતાં હમાસ સહિતનાં સંગઠનોને મદદ કરે છે કે જેથી મુસ્લિમોની સહાનુભૂતિ મળતી રહે. સઉદી અરેબિયા સહિતના દેશો ઈઝરાયલ સામે ભૂંડી રીતે હાર્યા છે તેથી હવે હિંમત નથી કરતાં પણ ઈરાનને હજુ ઈઝરાયલને હરાવવાના ધખારા છે તેથી હજુ લડ્યા કરે છે. ઈરાન મુસ્લિમ દેશોનું સંગઠન ઈઝરાયલને હરાવવાની ખંજવાળ મટાડવા બનાવવા માગે છે કેમ કે તેણે ૧૯૬૭ અને ૧૯૭૩ના યુદ્ધોનો ઉલ્લેખ કર્યો છે. ઈરાન ઈઝરાયલને હરાવે એ વાતમાં માલ જ નથી પણ મુસ્લિમ રાષ્ટ્રોની એકતાના કારણે ઈઝરાયલને થોડાઘણા ફટકા પણ મારી શકાય તો તેનો યશ ઈરાનને જાય. બધા મુસ્લિમ દેશો ભેગા મળીને ના કરી શક્યા એ ઈરાનની પહલના કારણે થયું એવો જશ ઈરાનને મળે તેથી પણ મુસ્લિમ રાષ્ટ્રો આ પહેલમાં જોડાય એ વાતમાં માલ નથી. અમેરિકાની લશ્કરી છાવણીઓના કારણે મિડલ ઈસ્ટના દેશોને શું મળ્યું એવો સવાલ ઈરાને કર્યો છે. આ સવાલનો જવાબ બહુ સરળ છે. આરબ દેશો અમેરિકાની છાવણીના કારણે સલામત રહ્યા, બાકી ઈઝરાયલે તેમનું જીવવું હરામ કરી નાખ્યું હોત. ઈઝરાયલ સામેના રક્ષણના બહાને અમેરિકાએ મિડલ ઈસ્ટના દેશો પાસેથી પ્રોટેક્શન મની લીધાં છે ને સાદી ભાષામાં કહીએ તો ખંડણી ઉઘરાવી છે. આ ખંડણી આપીને મિડલ ઈસ્ટના દેશો સલામત રહ્યા ને જોરદાર પ્રગતિ કરી શક્યા. બાકી આજે પણ અમેરિકાની છાવણીઓ હટી જાય તો ઈઝરાયલ સઉદી અરેબિયા સહિતના દેશોને ભડકે બાળીને તબાહ કરી નાખે ને આરબ દેશોને ક્રૂડ ઓઈલ મળ્યું એ પહેલાંની સ્થિતિમાં લાવી દે.

## પાકિસ્તાની સેનાના વડા આસિમ મુનીરે તો ટ્રમ્પ સાથે વાત કરીને મધ્યસ્થી કરવાની ઓફર કરી છે

# યુદ્ધવિરામ માટે ટ્રમ્પ ખરેખર ગંભીર છે?

• જવાબી હુમલા જારી રાખ્યા છે. અખાતના પાડોશી દેશો ઉપરાંત ઇઝરાયલ ઉપર પણ હુમલા કર્યા છે અને ઇઝરાયલના આકાશમાં પોલાદી સુરક્ષાચક્ર પણ ભેદી શકાયું છે !

પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે પાંચ દિવસ માટે યુદ્ધવિરામ જાહેર કર્યા પછી ઈરાન સાથે સમજૂતીની વાટાઘાટ શરૂ કરવાના પ્રયાસ શરૂ કર્યા છે અને તેના ભાગરૂપે ભારતને વાકેફ રાખવા માટે વડાપ્રધાન મોદીને સામે ચાલીને ફોન કર્યો અને હોર્મુઝ ખાડી કેવી રીતે તમામ દેશોનાં જહાજો માટે ખોલી શકાય અને સલામતીની ખાતરી આપી શકાય તેની ચર્ચા કરી છે. અલબત્ત, પાંચ દિવસનો યુદ્ધવિરામ યુદ્ધના અંત માટે માર્ગ મોકળો કરશે કે નહીં તે જોવાનું છે. પાકિસ્તાની સેનાના વડા આસિમ મુનીરે તો ટ્રમ્પ સાથે વાત કરીને મધ્યસ્થી કરવાની ઓફર કરી છે અને પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે પણ ટ્રમ્પને ફોન કરીને પશ્ચિમ એશિયામાં શાંતિ સ્થાપવામાં મદદ કરવા વચન આપ્યું છે. આ માટે રચનાત્મક ભાગ ભજવવા પાકિસ્તાન તૈયાર હોવાનું જણાયું છે. હકીકતમાં હોર્મુઝ ખાડી ખૂલે નહીં તો તેલ-ગેસની કટોકટી સર્જાવાનો ડર શરીફને પણ છે. જો કે, સાઉદી અરબ સાથે સંરક્ષણ કરાર કર્યા હોવાથી પાકિસ્તાનના ઈરાન સાથેના સંબંધ મુશ્કેલીમાં છે - સાઉદીને ઈરાનના હુમલા સામે રક્ષણ આપવા બંધાયેલું હોવા છતાં પાકિસ્તાન નિષ્ક્રિય છે, તેથી હવે તટસ્થ રહીને મધ્યસ્થી કેવી રીતે કરી શકે તે જોવાનું છે.

ઈરાન સાથે વાટાઘાટ કરવા માટે અમેરિકાના ઉપપ્રમુખ વાન્સની નિમણૂક થાય એવી ચર્ચા શરૂ થઈ છે. આવી બેઠક પાકિસ્તાનમાં યોજાય એવા પ્રયાસ મુનીર કરી રહ્યા છે. મધ્યસ્થી ઈરાનને સ્વીકાર્ય હોય તો પાકિસ્તાનની વગ અને પ્રતિષ્ઠા મુસ્લિમ જગતમાં સુધરી શકશે એમ મનાય છે. આવી બેઠકની પૂર્વભૂમિકા તરીકે અમેરિકાએ પંદર મુદ્દા મોકલ્યા છે, જેમાં ઈરાનના અણુકાર્યક્રમ અને મિસાઈલ્સ બેલાસ્ટિક પ્રોગ્રામ ઉપર અંકુશ મૂકવાના મુદ્દાનો સમાવેશ થાય છે. હોર્મુઝની ખાડી ફરીથી ખોલવાનો મુદ્દો પણ મુખ્ય છે. દરમિયાન ઈરાની લશ્કરના પ્રવક્તાએ અમેરિકાના મુદ્દા હાસ્યસ્પદ ગણાવ્યા છે અને કહ્યું છે કે, અમેરિકા યુદ્ધ બંધ કરવા અંગે ગંભીર નથી. 'અમારો પહેલો અને છેલ્લો શબ્દ આજે પણ છે કે, અમે તમારા જેવા સાથે કદી સમાધાન કરી શકીએ નહીં - કદી પણ નહીં' ઈરાનની શરતો સ્પષ્ટ છે : અખાતમાં અમેરિકી લશ્કરી થાણાં બંધ કરો. હોર્મુઝની ખાડી માટે અલગ વ્યવસ્થા થાય અને - ઈરાનને ટ્રાન્ઝિટ ફી વસૂલ કરવાની છૂટ મળે. યુદ્ધ ફરીથી શરૂ નહીં થાય તેની ગેરેન્ટી અને અમારો મિસાઈલ્સ પ્રોગ્રામ ચાલુ રહે. ટ્રમ્પ આવી શરતો સ્વીકારે ખરા? હકીકત એ છે કે ટ્રમ્પના દેકારા-પડકારા અને દાવા છતાં ઈરાન ઝૂક્યું નથી, જવાબી હુમલા જારી રાખ્યા છે. અખાતના પાડોશી દેશો ઉપરાંત ઇઝરાયલ ઉપર પણ હુમલા કર્યા છે અને ઇઝરાયલના આકાશમાં પોલાદી સુરક્ષાચક્ર પણ ભેદી શકાયું છે ! અમેરિકાના જેટ ફાઇટરને તોડી પાડવામાં આવ્યું તેવા અહેવાલને અમેરિકાએ રદિયો આપ્યો નથી. આમ ઈરાને મહાસત્તા અમેરિકાને પડકારી બતાવ્યું છે. હોર્મુઝ ખાડી બંધ કરવાના ઈરાનના વ્યૂહ અને પડકાર પછી વિશ્વભરમાં તેલ-ગેસની તંગી અને ભાવવધારાની બૂમ ઊઠી છેઃ ઈરાનના મહત્ત્વના વ્યાપાર કેન્દ્ર ઉપર મિસાઈલ ત્રાટકી ને અમેરિકા અટકી ગયું છે. કારણ કે ઈરાને વળતા હુમલા કરવાની ગંભીર ધમકી આપી છે. ટ્રમ્પે તો તેનાં સાથી રાષ્ટ્રોને - ઈંગ્લેન્ડ અને જાપાનને પણ કહ્યું કે, હોર્મુઝને બચાવવા માટે તમારાં યુદ્ધ જહાજોને મોકલો, પણ એમને યોગ્ય પ્રતિસાદ અને સમર્થન મળ્યાં નથી. હકીકતમાં પશ્ચિમ એશિયાની લડાઈ વ્યાપક બનીને મહાયુદ્ધ બની જાય તેમ કોઈ ઈચ્છતું નથી. રશિયા અને ચીન પણ ઈરાનની વહારે આવી શકે છે. આવી સ્થિતિ ટાળવા માટે અન્ય દેશોના નેતાઓએ સંયમ જાળવ્યો છે. લડાઈની શરૂઆતમાં ટ્રમ્પે ઈરાનનું શાસન બદલવાનું લક્ષ્ય રાખ્યું હતું અને શાસકોની હત્યા પણ થઈ તે છતાં ઈરાન ડગ્યું - ડર્યું નથી. બીજી બાજુ ક્રૂડતેલ અને ગેસની અછત અને ભાવવધારાની અસર વિશ્વના અર્થતંત્ર ઉપર પડી છે ત્યારે લડાઈ અને ભાવવધારો ચાલુ રહે તો ટ્રમ્પને જવાબદાર લેખાવીને વિરોધ થાય એવા સંજોગો છે. આ સમગ્ર સંજોગોનો વિચાર કરીને જ ટ્રમ્પે ઈરાન શરણાગતિ નહીં કરે એવી વાસ્તવિકતા સ્વીકારીને પીછેહઠ કરી છે. હવે તેઓ ફરી પાછા ફેરવી તોળે નહીં એવી આશા રાખીએ

## ૧૪.૨ કિલોની પાછળ છુપાયેલા છે કેટલાક ખાસ સિક્રેટ્સ, ૯૯ ટકા લોકોને નથી ખબર...

# ગેસ સિલિન્ડરનો 'મેજિક નંબર':

**આ સિવાય સંશોધનમાં એવું પણ જાણવા મળ્યું હતું કે સરેરાશ ચારથી પાંચ સભ્યો ધરાવતા ભારતીય પરિવારને આ ૧૪.૨ કિલો ગેસ અંદાજે ૩૦થી ૪૫ દિવસ સુધી ચાલે છે.**

હાલમાં ઈરાન-ઈઝરાયલ અને અમેરિકાના યુદ્ધની અસર દેશના રસોડા સુધી પહોંચી ગઈ છે. મોટાભાગના રસોડામાં વપરાતા લાલ એલપીજી ગેસ સિલિન્ડર માટે નાગરિકોએ લાંબી લાંબી લાઈનો લગાવવી પડી રહી છે અને તેમ છતાં સિલિન્ડર મળી નથી રહ્યા. જો તમે પણ આ ગેસ સિલિન્ડર ધ્યાનથી જોયું હશે તો તમને પણ ખ્યાલ હશે કે તેના પર ૧૪.૨ કિલોગ્રામ વજન લખ્યું હોય છે. પરંતુ ક્યારેય વિચાર્યું છે ખરું કે આખરે આ ગેસ સિલિન્ડરમાં ગેસ ૧૪.૨ કિલોગ્રામ ગેસ જ કેમ હોય છે, એનાથી વધુ કે ઓછું કેમ નહીં? ચાલો આજે તમને આ વિશે જણાવીએ...



વાત કરીએ કે ગેસ સિલિન્ડરમાં કેમ ૧૪.૨ કિલોગ્રામ ગેસ ભરવામાં આવે છે પૂરું ૧૪ કિલો કે પછી ૧૫ કિલો ગેસ કેમ નથી એની. તમારી જાણકારી માટે કે ગેસ સિલિન્ડર પર જોવા મળતો આ ૧૪.૨ કિલોગ્રામ એ કોઈ સામાન્ય નંબર નથી, પરંતુ તેની પાછળ બર્મા શેલ (ﾓ્દ્ધિફ્ર જીરીﾛﾛ) કંપનીનો દાયકાઓ જૂનો સર્વે અને વિજ્ઞાન છુપાયેલું છે. આજે આપણે આ સ્ટોરીમાં આ પાછળના ચાર મુખ્ય કારણો વિશે વાત કરીશું.

ગેસ સિલિન્ડરમાં કેમ ૧૪.૨ કિલોગ્રામ ગેસ જ હોય છે એના સૌથી પહેલાં અને મહત્ત્વના કારણ વિશે વાત કરીએ તો દાયકાઓ પહેલા કરવામાં આવેલા સર્વેમાં જાણવા મળ્યું હતું કે એક સરેરાશ વ્યક્તિ કોઈપણ મશીન વગર અંદાજે ૩૦ કિલો સુધીનું વજન આરામથી ઊંચકી શકે છે. ૧૪.૨ કિલો ગેસ અને સિલિન્ડરનું ખાલી વજન એમ બંને મળીને કુલ વજન અંદાજે ૨૯.૫ કિલોગ્રામથી ૩૦ કિલોગ્રામ જેટલું થાય છે. આવી સ્થિતિમાં જો જો ગેસનું વજન ૧૫ કિલોથી વધુ હોય તો ગેસ અને સિલિન્ડરનું કુલ વજન ૩૫ કિલોથી ઉપર જતું રહ્યું હોત અને એને કારણે તેને ઉચકવા-મૂકવામાં મુશ્કેલી થઈ શકે.

ઉપાડવા- મૂકવામાં સરળતા સિવાય આ ૧૪.૨ કિલો વજનનું બીજું કારણ છે પ્રેશર હેન્ડલ કરવાની ક્ષમતા છે. આપણે સૌ એ વાત તો જાણીએ છીએ કે એલપીજી એ એક અત્યંત જ્વલનશીલ અને તાપમાન પ્રત્યે સંવેદનશીલ છે. ગરમી વધતા ગેસ ફેલાય છે, જેનાથી સિલિન્ડરની અંદર દબાણ વધે છે. સુરક્ષાના નિયમો મુજબ, સિલિન્ડરની અંદર થોડી ખાલી જગ્યા (ઉીફ્ક્ષજૅફ્ષી) છોડવી અનિવાર્ય છે જેથી ગેસને ફેલાવા માટે જગ્યા મળે. એન્જિનિયરિંગની દ્રષ્ટિએ પણ ૧૪.૨ કિલો એ એક એવો આંકડો છે, જેમાં ગેસનું દબાણ સિક્યોર લેવલ સુધી રહે છે અને સિલિન્ડર ફટવાનું જોખમ નહિવત્ થઈ જાય છે.

આ સિવાય સંશોધનમાં એવું પણ જાણવા મળ્યું હતું કે સરેરાશ ચારથી પાંચ સભ્યો ધરાવતા ભારતીય પરિવારને આ ૧૪.૨ કિલો ગેસ અંદાજે ૩૦થી ૪૫ દિવસ સુધી ચાલે છે. આ સમયગાળો રિફિલિંગના ચક્ર માટે સૌથી યોગ્ય માનવામાં આવ્યો છે. ઉપરાંત જો સિલિન્ડર નાનો હોત તો વારંવાર બુકિંગ કરવું પડત અને જો વધુ મોટો હોત તો તેની કિંમત અને વજન મધ્યમ વર્ગના બજેટની બહાર હોત એ પણ એક કારણ છે કે સિલિન્ડરમાં ગેસનું વજન ૧૪.૨ કિલો રાખવાનું નક્કી કરવામાં આવ્યું.

લાસ્ટ બટ નોટ ધ લિસ્ટ સમય સાથે ટેકનિક બદલાઈ, પણ ૧૪.૨ કિલોનું આ બેલેન્સ એટલું સચોટ સાબિત થયું કે તેને ક્યારેય બદલવાની જરૂર પડી નથી. ટ્રકમાં લોડિંગ કરવાથી લઈને ગોડાઉનમાં રાખવા સુધી, આ વજન સૌથી વધુ વાજબી અને સુરક્ષિત જણાયું છે.

છે ને એકદમ અનોખી અને રસપ્રદ માહિતી? આ માહિતી તમારા મિત્રો અને પરિવારના સભ્યો સાથે શેર કરીને તેમના જનરલ નોલેજમાં પણ ચોક્કસ વધારો કરજો હં ને? આવી જ બીજી માહિતી જાણવા માટે અમારી સાથે જોડાયેલા રહો.





# બોલિવૂડ અભિનેત્રી અનન્યા પાંડેએ દ્વારકાધીશ મંદિરમાં કાળિયા ઠાકોરને શીશ ઝુકાવી આશીર્વાદ મેળવ્યા

યાત્રાધામ દ્વારકામાં આજે ભક્તિ અને આસ્થાનું મનોહર દૃશ્ય જોવા મળ્યું હતું, જ્યારે જાણીતી અભિનેત્રી અનન્યા પંડ્યાએ પોતાના પરિવાર સાથે પ્રસિદ્ધ દ્વારકાધીશ મંદિર ખાતે પહોંચી કાળિયા ઠાકોરના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. મંદિરમાં પ્રવેશતા જ તેમણે પરંપરાગત રીતરિવાજ મુજબ ભગવાનને શીશ નમાવી પોતાની શ્રદ્ધા વ્યક્ત કરી હતી.

મંદિરમાં ઉપસ્થિત ભક્તો માટે આ ક્ષણ ખાસ બની હતી. અભિનેત્રી અનન્યા પાંડે જાણીતા અભિનેતા ચંકી પાંડેયની પુત્રી છે અને ફિલ્મ જગતમાં યુવા પેઢીની લોકપ્રિય કલાકાર તરીકે ઓળખાય છે. દ્વારકાધીશના દર્શન બાદ પાંડે પરિવારે દ્વારકા નજીક આવેલ પવિત્ર નાગેશ્વર જ્યોર્તિલિંગ ખાતે જઈ ભગવાન શિવના દર્શન કર્યા અને આધ્યાત્મિક આનંદ અનુભવ્યો હતો. આ પ્રસંગે મંદિરમાં ભક્તોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. યાત્રાધામ દ્વારકા ખાતે દેશના વિવિધ વિસ્તારોમાંથી આવતાં શ્રદ્ધાળુઓ સાથે સાથે જાણીતી હસ્તીઓ પણ સમયાંતરે આવી ભગવાનના દર્શન કરી આધ્યાત્મિક શાંતિનો અનુભવ કરે છે.

# નિખિલ અડવાણીની ૧૮૫૭ના વિપ્લવ પરની ધ રિવોલ્યુશનરીઝનું ટીઝર લોંચ



## રોહિત સરાફ, પ્રતિભા રાંટા, ગુરફતેહ પીરઝાદા અને ભુવન બામ સ્વતંય સેનાનીઓ બનશે

એમેઝોન પ્રાઈમ વીડિયોએ તેની આવનારી ઐતિહાસિક ડ્રામા ધ રિવોલ્યુશનરીઝનું ટીઝર સત્તાવાર રીતે રજૂ કર્યું છે, જેના કારણે ભારતના સ્વતંત્રતા સંગ્રામના ઓછા જાણીતા અધ્યાયને જોવા આતુર દર્શકોમાં ઉત્સુકતા છે.

નિખિલ અડવાણી દ્વારા દિગ્દર્શિત આ શો સંજીવ સાન્યાલનાં પુસ્તક ધ રિવોલ્યુશનરીઝ પર આધારિત છે અને ૧૮૫૭ના નિષ્ફળ બળવા પછીના સમયને ઊંડાણથી દર્શાવવાનો પ્રયત્ન કરે છે. વાર્તા એવા યુવાનો પર કેન્દ્રિત છે, જે ન્યાય અને સ્વતંત્રતાની ઊંડી લાગણીથી પ્રેરાઈને બ્રિટિશ શાસનને પડકારવાનું નક્કી કરે છે.

૧૮૫૭ના બળવા પછીના સમયમાં આકાર પામેલી આ કહાની ચાર યુવાન ક્રાંતિકારીઓની વાત કહે છે, જે બ્રિટિશ રાજ વિરુદ્ધ ખડાં થાય છે. મજબૂત વિશ્વાસ અને દૃઢ નિશ્ચય સાથે, તેઓ દેશને જાગૃત કરવાનો પ્રયાસ કરે છે અને એવાં મિશન પર નીકળે છે જે તેમની હિંમત, વિચારધારા અને સંકલ્પશક્તિની કસોટી કરે છે. આ સીરિઝને ઐતિહાસિક પૃષ્ઠભૂમિ સાથે એક્શન, ભાવના અને રાજકીય ડ્રામાના મિશ્રણ તરીકે રજૂ કરવામાં આવશે.

આ સિરીઝની કાસ્ટમાં ભુવન બામ, રોહિત સરાફ, પ્રતિભા રાંટા, ગુરફતેહ પીરઝાદા અને જેસન શાહ સામેલ છે.મોનીષા અડવાણી અને મધુ ભોજવાણી દ્વારા એમ્મે એન્ટરટેઈનમેન્ટ હેઠળ નિર્મિત આ સીરિઝ કન્ટેન્ટ-ડ્રિવન સ્ટોરીટેલિંગ સાથે પ્રોડક્શન હાઉસનાં જોડાણને આગળ વધારે છે. સ્ક્રીનપ્લે અક્ષિતા વઢવાણા, રૂત્વી મહેતા અને શોભિત નારંગ દ્વારા લખવામાં આવ્યો છે, જ્યારે સંવાદ સંયુક્તા ચાવલા શેખ અને અક્ષિતા વઢવાણા દ્વારા લખાયા છે.

ઈતિહાસ, ડ્રામા અને યુવાનોના બળવાની વાર્તા સાથે, ધ રિવોલ્યુશનરીઝ પ્રાઈમ વીડિયોનાં લાઈનઅપમાં એક મહત્વનો ઉમેરો કરશે. આ સીરિઝ પિરિયડ ડ્રામામાં રસ ધરાવતા દર્શકોને આકર્ષશે અને સાથે જ ભારતના સ્વતંત્રતા સંઘર્ષ પર નવો દૃષ્ટિકોણ પણ રજૂ કરશે.

## ‘મહાવતાર’ છાવા કરતાં છ ગણી મોટી ફિલ્મ બનશે : દિનેશ વિજાન

# દિનેશ વિજાને કહ્યું, જો રામાયણ ચાલી ગઈ તો મહાવતાર પણ ચાલી જ જશે

દિનેશ વિજાનના મેડોક ફિલ્મ્સ સાથે વિકી કૌશલની છાવા પછી બોક્સ ઓફિસ પરના રેકોર્ડબ્રેક કમાણીની અછતનો અંત આવ્યો હતો. કોરોના પછી આંધી તોફાનની જેમ સફળતા મેળવતી આ ફિલ્મ હવે તેમની આગામી ફિલ્મ પાસે પણ ઘણી અપેક્ષાઓ છે, ત્યારે વિકી કૌશલના મહાવતારનો ફર્સ્ટ લૂક જાહેર થતાં જ આ ફિલ્મ પણ ચર્ચામાં આવી ગઈ છે. આ ફિલ્મ અંગે ઘણી ઉત્સુકતા છે. ત્યારે તાજેતરમાં ફિલ્મના પ્રોડ્યુસર દિનેશ વિજાને ફિલ્મની ભવ્યતાની વાત કરી હતી.

મુંબઈમાં યોજાયેલા એક કાર્યક્રમમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીના અનેક જાણીતા લોકો હાજર રહ્યા હતા. આ ઈવેન્ટમાં મેડોક ફિલ્મ્સના પ્રોડ્યુસર દિનેશ વિજાને એક ચર્ચામાં ઈન્ડસ્ટ્રીના ટ્રેન્ડ્સ સાથે પોતાની આગામી ફિલ્મ ‘મહાવતાર’ વિશે પણ વાત કરી.

વિકી કૌશલ અભિનીત આ ફિલ્મ અંગે વાત કરતા દિનેશ વિજાનએ કહ્યું, “લોકો જોખમ ટાળવા માંગે છે, પરંતુ જો ધ્યાન આપીએ તો ૫૦૦ કરોડથી વધુ કમાણી કરનાર ફિલ્મો જોખમી જ રહી છે. છાવા (૨૦૨૫) બનાવતી વખતે અમને ખબર નહોતી કે તે કેવી રીતે બનાવવી. વિકી કૌશલે પહેલાં ક્યારેય ઐતિહાસિક પાત્ર ભજવ્યું નહોતું અને લક્ષ્મણ ઉટેકરે પણ આવી ફિલ્મ ડિરેક્ટ કરી નહોતી. છતાં, આ બધું આપણી જાતને ટકાવી રાખવા માટે જરૂરી હતું. એક સમયે ફિલ્મના કોઈ રાઈટ્સ વેંચાયા નહોતા, છતાં એ ફિલ્મે થિયેટર્સમાંથી જ પોતાની સંપુર્ણ કમાણી વસુલ કરી લીધી.”

આગળ તેમણે કહ્યું, “અમે હવે ‘મહાવતાર’ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ, જે ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર પરશુરામ પર આધારિત છે. આ ફિલ્મ સાથે અમે ગ્લોબલ લેવલ પર જવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. ઘણી વાર મને લાગે છે કે ‘આ આપણે કેવી રીતે કરીશું?’ કારણ કે આ ફિલ્મ છાવા કરતાં છ ગણી મોટી છે. અમે દુનિયાને કંઈ નાનું આપી શકતા નથી, અમે આપણી સંસ્કૃતિને શ્રેષ્ઠ રીતે રજૂ કરવા માગીએ છીએ. મને લાગે છે કે આ વર્ષે આવતી ‘રામાયણ’ ફિલ્મ આ માટે રસ્તો તૈયાર કરશે.”દિનેશે આગળ જણાવ્યું કે નમિત મલ્હોત્રા દ્વારા બનાવાતી ભવ્ય ‘રામાયણ’ ફિલ્મ અંગે તેમણે કહ્યું, “નમિતે હજુ સુધી આ ફિલ્મ માટે કોઈ અધિકારોની ડીલ કરી નથી. હું વધારે કંઈ કહીશ નહીં, પરંતુ ચાર વર્ષ પહેલાંથી જ તેને આ ફિલ્મ વિશે સંપૂર્ણ સ્પષ્ટતા હતી. તે એવા થોડા લોકોમાંના એક છે જેમની પાસે હું માર્ગદર્શન માટે જઈ શકું. મેં તેને કહ્યું હતું—‘જો રામાયણ ચાલશે, તો મહાવતાર માટે રસ્તો તૈયાર થઈ જશે!’”તેમણે ઉમેર્યું કે જ્યાં ‘રામાયણ’ ભગવાન વિષ્ણુના સાતમા અવતાર પર આધારિત છે, ત્યાં ‘મહાવતાર’ તેમના છઠ્ઠા અવતારની કહાની રજૂ કરશે. આ રીતે, દિનેશ વિજાનની આ મહત્ત્વાકાંક્ષી ફિલ્મ ‘મહાવતાર’ ભારતીય સંસ્કૃતિને વૈશ્વિક સ્તરે ભવ્ય રીતે રજૂ કરવાનો મોટો પ્રયાસ બની શકે છે.






# કરીના કપૂર ખાનનું આરકે સ્ટુડિયોના કમબેકની અફવાઓ પર પૂર્ણવિરામ

## કરીનાએ કહ્યું, “એવું કંઈ થવાનું નથી”

લાંબા સમયથી રણબીર કપૂર આરકે સ્ટુડિયોને પુનર્જિવિત કરવાનો હોવાના અહેવાલો હતા. ત્યારે હવે કરીના કપૂર ખાને આઈકોનિક આરકે સ્ટુડિયોના પુનઃપ્રારંભ અંગે ચાલી રહેલી અફવાઓને સ્પષ્ટપણે નકારી કાઢી છે અને જણાવ્યું છે કે હાલમાં આવી કોઈ યોજના નથી. કરીનાએ તાજેતરની એક વાતચીત દરમિયાન આ અફવાઓ પર પ્રતિભાવ આપતા ઈન્ડસ્ટ્રીમાં ચાલી રહેલી ચર્ચાઓ પર પૂર્ણવિરામ મુકી દીધું છે.

ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના રિપોર્ટ મુજબ, કરીનાએ કહ્યું, “આ બિલકુલ ખોટી વાત છે. આ બાબત અમારા ફેમિલી ગ્રુપમાં પણ ચર્ચાઈ હતી અને બધાં જ કહેતા હતા કે ‘આવું થવાનું નથી’.” આ નિવેદન સાથે તેણે સ્પષ્ટ કર્યું કે પરિવારનું આરકે સ્ટુડિયો ફરી શરૂ કરવાનું કોઈ આયોજન નથી.

અગાઉ એવી ચર્ચાઓ હતી કે રણબીર કપૂર અને કરિશ્મા કપૂર આરકે સ્ટુડિયોના પુનઃપ્રારંભનું નેતૃત્વ કરી શકે છે, જેની શરૂઆત રાજ કપૂરે કર્યું હતું. પરંતુ કરીનાના નિવેદનથી સ્પષ્ટ થાય છે કે આ તમામ દાવાઓ માત્ર અફવાઓ છે અને પરિવાર દ્વારા કોઈ પ્રક્રિયા કરવામાં આવી રહી નથી.

રણબીર કપૂરની પ્રાથમિકતાઓ અંગે વાત કરતાં કરીનાએ તેના અભિનય પ્રત્યેના જુસ્સાની વાત કરી હતી. તેણે કહ્યું, “મને લાગે છે કે રણબીર સંપૂર્ણપણે એક્ટિંગ પર ફોકસ કરે છે. તેને એક્ટિંગ ખૂબ ગમે છે. મારી દ્રષ્ટિએ, આજે ભારતમાં તે શ્રેષ્ઠ અભિનેતા છે. તેથી તેનું ફોકસ એનાં જ પર છે.” તેના આ શબ્દો દર્શાવે છે કે રણબીરનું ધ્યાન હાલ સંપૂર્ણપણે તેના અભિનય પર કેન્દ્રિત છે, સ્ટુડિયોના પુનઃપ્રારંભ પર નહીં.

આરકે સ્ટુડિયો હિન્દી સિનેમાના ઈતિહાસમાં ખાસ સ્થાન ધરાવે છે, કારણ કે તે અનેક યાદગાર ફિલ્મો અને કપૂર પરિવારના ફિલ્મી વારસાથી જોડાયેલો છે. છતાં, તેની આસપાસની યાદો અને લાગણીસભર જોડાણ હોવા છતાં, કરીનાની સ્પષ્ટ સ્થિતિ દર્શાવે છે કે તેનો પુનઃપ્રારંભ નજીકના ભવિષ્યમાં શક્ય નથી.

# ‘તુંબાડ ૨’ માટે મુંબઈમાં ૭—૮ એકરનો ભવ્ય સેટ તૈયાર કરાયો

તુંબાડ સાથે સોહમ શાહે ખરેખર એક સિનેમેટિક માસ્ટરપીસ ફિલ્મ આપી હતી. જેની એક એક ફ્રેમ દર્શકો અને વિવેચકો વખાણતાં હતાં. આ ફિલ્મે સમય જતાં કલ્ટ ફિલ્મ તરીકે લોકપ્રિયતા મેળવી અને હિન્દી હોરર ફિલ્મોમાંથી એક શ્રેષ્ઠ માનવામાં આવે છે. ૨૦૨૪માં તેની ફરી રિલીઝ બાદ તે ભારતની બીજી સૌથી વધુ કમાણી કરનાર રી-રિલીઝ ફિલ્મ બની હતી. ત્યારથી જ દર્શકો તુંબાડ ૨ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે અને તેની જાહેરાત બાદ ઉત્સુકતા વધુ વધી ગઈ છે.હવે, આ બહુ ફિલ્મની સિક્વલ તુંબાડ ૨ના પ્રોડક્શનને લઈ મહત્વપૂર્ણ માહિતી સામે આવી છે. સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, આ વખતે મેકર્સ ફિલ્મને વધુ મોટા અને ભવ્ય સ્તર સાથે બનાવવા જઈ રહ્યા છે. ફિલ્મના પ્રથમ શીડ્યુલ માટે મુંબઈમાં એક વિશાળ સેટ તૈયાર કરવામાં આવી રહ્યો છે. ઈન્ડસ્ટ્રીનાં એક સુત્રે જણાવ્યું, “ફિલ્મ માટે મુંબઈમાં લગભગ ૭—૮ એકરનો વિશાળ સેટ બનાવવામાં આવી રહ્યો છે. આ એક સંપૂર્ણ શહેર જેવો સેટ હશે, જે ખાસ કરીને પ્રથમ શીડ્યુલ માટે તૈયાર થઈ રહ્યો છે. ફિલ્મની કહાની અથવા ટ્રીટમેન્ટ વિશે હજુ વધારે માહિતી બહાર આવી નથી, પરંતુ સોહમ શાહ ફરી પોતાની ભૂમિકામાં જોવા મળશે.”આ સિક્વલ સ્કેલ અને વિઝન બંને મામલે પહેલી ફિલ્મ કરતાં ઘણી મોટી બનવા જઈ રહી છે. આ ફિલ્મનું નિર્માણ સોહમ શાહ ફિલ્મ્સ અને પેન સ્ટુડિયોઝ દ્વારા કરવામાં આવી રહ્યું છે. ફિલ્મનું શૂટિંગ આ વર્ષના અંત સુધીમાં શરૂ થવાની શક્યતા છે. પેન સ્ટુડિયોઝ, જેનું નેતૃત્વ જાણીતા પ્રોડ્યુસર ડૉ. જયંતીલાલ ગડા કરે છે, તે આરઆરઆર અને ગંગૂબાઈ કાઠિયાવાડી જેવી બ્લોકબસ્ટર ફિલ્મો માટે જાણીતા છે.

# સંજય દત્ત ૧,૦૦૦ કરોડ ક્લબમાં પહોંચીને દીપિકાને પાછળ છોડશે

સંજય દત્તની કેરિયર હાલ પહેલાં કરતાં પણ જબરદસ્ત રીતે આગળ વધી રહી છે. એક પછી એક બ્લોકબસ્ટર ફિલ્મોમાં દેખાઈ રહેલો સંજય દત્ત હવે નવી સિદ્ધિ તરફ આગળ વધી રહ્યો છે. તેણે કરેલી છેલ્લી લગભગ દસ ફિલ્મ મોટી કમાણી કરનારી ફિલ્મો બની છે અને હવે સંજય દત્ત અનેક સ્ટારને પાછળ છોડીને ૧,૦૦૦ કરોડ ક્લબમાં સૌથી વધુ ફિલ્મો ધરાવતો અભિનેતા બનવા તરફ આગળ વધી રહ્યો છે.

તાજેતરમાં રિલીઝ થયેલી સંજય દત્તની ‘ધુરંધરઃ ધ રિવેન્જ’ ટૂંક સમયમાં ૧,૦૦૦ કરોડ ક્લબમાં જોડાશે એવી શક્યતા છે. જો આવું થાય છે, તો સંજય દત્તના ખાતામાં ચોથી ૧,૦૦૦ કરોડની કમાણી કરનારી ફિલ્મ ઉમેરાશે. આ પહેલા તે ‘કેજીએફઃ ચેપ્ટર ૨’ અને ‘જવાન’ જેવી બ્લોકબસ્ટર ફિલ્મોમાં મહત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળ્યો હતો.

બીજી તરફ, દીપિકા પાદુકોણ હાલમાં ત્રણ ૧,૦૦૦ કરોડની કમાણી કરતી ફિલ્મો સાથે આ સ્ટાર્સની યાદીમાં આગળ છે, તેની ‘પઠાણ’, ‘જવાન’ અને ‘કલ્કી ૨૮૯૮ એડી’એ ૧૦૦૦ કરોડથી વધુ કમાણી કરી હતી. તેની સાથે જ રણવીર સિંહ માટે પણ ‘ધુરંધરઃ ધ રિવેન્જ’ ખાસ બની શકે છે. તેને સૌથી ઝડપી રીતે માત્ર ત્રણ મહિનામાં ૧,૦૦૦ કરોડની કમાણી કરનારી બે ફિલ્મ આપનાર એક્ટર બનાવી શકે છે. હાલમાં આ રેકોર્ડ શાહરુખ ખાનના નામે છે, જેણે ‘પઠાણ’ અને ‘જવાન’ દ્વારા નવ મહિનામાં આ સિદ્ધિ મેળવી હતી.જો સાઉથના કલાકારોની વાત થાય તો, પ્રભાસ પાસે પણ ‘બાહુબલીઃ ધ કનક્લ્યુઝન’ અને ‘કલ્કી ૨૮૯૮ એડી’ જેવી બે ૧,૦૦૦ કરોડની કમાણી કરાનારી ફિલ્મો છે. હાલ સુધીમાં માત્ર નવ ભારતીય ફિલ્મો જ ૧,૦૦૦ કરોડ ક્લબમાં પ્રવેશી શકી છે. જો સંજય દત્તની આવનારી ફિલ્મોની વાત થાય તો, તેની પાસે અનેક ફિલ્મો લાઇનમાં છે. જેમાં, ‘રાજા શિવાજી’, ‘ધમાલ ૪’, ‘હેરા ફેરી ૩’, ‘દસ’, ‘૭ ડોગ’, ‘જનમભૂમિ’ જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે. તે ઉપરાંત, તે શાહરુખ ખાન સાથેની એક અનટાઈટલ્ડ ફિલ્મમાં પણ નજરે પડશે.





# શેન વોર્નના ૨૦ વર્ષ જૂના નિર્ણયથી તેમના પરિવારને રૂ.૪૬૦ કરોડની કમાણી થઈ

## રાજસ્થાન રોયલ્સ ૧૫૩૦૦ કરોડમાં વેચાઈ ત્યારે ભૂતપૂર્વ સ્પિનર શેન વોર્નના પરિવારને એક સમયે લીધેલા ૩ ટકા હિસ્સાનું વળતર મળશે

ન્યુ દિલ્હી : ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ દિગ્ગજ સ્પિનર શેન વોર્નના પરિવારને રાજસ્થાન રોયલ્સ તરફથી રૂ.૪૫૦ થી રૂ.૪૬૦ કરોડ મળી શકે છે. લગભગ ૨૦ વર્ષ પહેલાં ટીમ સાથે કરાર હેઠળ રહેલા દિવંગત સ્પિનરે લીધેલા નિર્ણયને કારણે વોર્ન પરિવારને આ લાભ મળવાની અપેક્ષા છે.

ઉલ્લેખનીય છે કે, ઇન્ડિયન પ્રીમિયર લીગની પહેલી સીઝનમાં, રાજસ્થાન રોયલ્સે સ્પિનર શેન વોર્નને ટીમનો કેપ્ટન બનાવ્યો હતો. તે સમયે, તેમને માત્ર ખેલાડી અને કેપ્ટનની ભૂમિકાઓ જ નહીં, પરંતુ ક્રિકેટ કામગીરી સંબંધિત અનેક નિર્ણયોની જવાબદારી પણ સોંપવામાં આવી હતી.

આ સમયગાળા દરમિયાન, વોર્ને તેના પગાર સાથે ફ્રેન્ચાઇઝીમાં હિસ્સો માંગ્યો, જેને ટીમ મેનેજમેન્ટે સ્વીકારી લીધો. રાજસ્થાન રોયલ્સે ઇન્ડિયન પ્રીમિયર લીગની પ્રથમ સીઝન જીતી. કમનસીબે, શેન વોર્નનું ૪ માર્ચ, ૨૦૨૨ ના રોજ ૫૨ વર્ષની વયે અવસાન થયું.

રાજસ્થાન રોયલ્સ મેનેજમેન્ટ દ્વારા કરવામાં આવેલા કરાર હેઠળ, વોર્નને પ્રતિ સીઝન લગભગ ૬.૫૭ લાખ ડોલર (રૂ.૬.૧૬ કરોડ) નો પગાર આપવામાં આવ્યો હતો, સાથે જ ટીમમાં રમવા માટે ૦.૭૫ ટકા હિસ્સો પણ આપવામાં આવ્યો હતો. વોર્ન ચાર સીઝન સુધી રાજસ્થાન રોયલ્સ ટીમ માટે રમ્યો, ત્યારબાદ તેનો કુલ હિસ્સો વધીને લગભગ ૩ ટકા થયો.

હવે, અમેરિકન ઉદ્યોગપતિ કાલ સોમાનીએ રાજસ્થાન રોયલ્સને આશરે ૧.૬૩ બિલિયન અથવા લગભગ રૂ.૧૫,૩૦૦ કરોડમાં ખરીદ્યા પછી, આ સોદા પછી ફ્રેન્ચાઇઝીના મૂલ્યમાં જબરદસ્ત ઉછાળો જોવા મળ્યો છે. આ સાથે, વોર્નના ૩ ટકા હિસ્સાનું મૂલ્ય પણ લગભગ રૂ.૪૬૦ કરોડ આંકવામાં આવ્યું છે, જે હવે તેમના પરિવારને જશે.

પરિવારને શેર વેચવાની તક મળી શકે છે

નોંધનીય છે કે, વોર્ન માત્ર એક ઉત્તમ સ્પિનર જ નહીં, પણ એક તેજસ્વી કેપ્ટન પણ હતો. તેણે ૨૦૦૮ થી ૨૦૧૧ સુધી રાજસ્થાન રોયલ્સ માટે ચાર સીઝન રમી હતી. આ સમયગાળા દરમિયાન, તેણે ૫૫ મેચોમાં ૫૭ વિકેટ લીધી હતી. તેની સૌથી યાદગાર સીઝન ૨૦૦૮ હતી, જ્યારે ટીમે તેની કેપ્ટનશીપ હેઠળ પહેલું IPL ટાઇટલ જીત્યું હતું.રાજસ્થાન રોયલ્સની શરૂઆત પણ રસપ્રદ રહી છે. ૨૦૦૮ માં, મનોજ બડાલેના નેતૃત્વ હેઠળના રોકાણ જૂથ દ્વારા આ ફ્રેન્ચાઇઝીને આશરે ૬૭ મિલિયનમાં ખરીદવામાં આવી હતી. હવે, લગભગ બે દાયકા પછી, તેનું મૂલ્ય વધીને ૧.૬૩ બિલિયન સુધી પહોંચી ગયું છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, IPL ૨૦૨૬ સીઝન પછી વોર્નના પરિવારને તેમના શેર વેચવાની તક મળી શકે છે. જોકે, આ સમગ્ર પ્રક્રિયા માટે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) ની મંજૂરી જરૂરી રહેશે.




# ચાર કિવી બોલરોની રેન્કિંગમાં સુધારો; અભિષેક, ઇશાન, તિલક અને સૂર્યકુમાર ટોપ ૧૦ માં યથાવત




**નવી દિલ્લી, તા.૨૬**

દક્ષિણ આફ્રિકા સામેની ્ ૨૦ શ્રેણીમાં પ્રભાવશાળી પ્રદર્શન બાદ ન્યુઝીલેન્ડના ફાસ્ટ બોલરોએ પુરુષોની ઝઝ્ ૨૦ બોલિંગ રેન્કિંગમાં સુધારો કર્યો છે. આ યાદીમાં ચાર કિવી ફાસ્ટ બોલરોએ પોતાના રેન્કિંગમાં સુધારો કર્યો છે. તેમાં ફર્ગ્યુસન, સીયર્સ ,જેમીસન અને ફોક્સ સામેલ છે ભારતનો અભિષેક શર્મા્ ૨૦ બેટિંગ રેન્કિંગમાં ટોચ પર યથાવત છે. તે હાલમાં તેના વતન મિત્ર ઈશાન કિશનથી આગળ છે. જોકે, ભારતના્ ૨૦ વર્લ્ડ કપ વિજેતા કેપ્ટન સૂર્યકુમાર યાદવ બે સ્થાન ઉપર આવીને સાતમા સ્થાને પહોંચી ગયા છે.



# ગંભીરના નામ અને ફોટાના દુરુપયોગ સામે હાઈકોર્ટની કડક કાર્યવાહી : નકલી પોસ્ટ અને વીડિયો દૂર કરવાનો આદેશ

નવી દિલ્લી, તા.૨૬

દિલ્હી હાઈકોર્ટે બુધવારે ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીરના વ્યક્તિત્વ અધિકારોનું રક્ષણ કરતો વચગાળાનો આદેશ જાહેર કર્યો. આ આદેશ ગંભીર દ્વારા દાખલ કરાયેલી અરજી પર આવ્યો હતો જેમાં તેમના નામ અને છબીનો દુરુપયોગ અટકાવવા અને વ્યાપારી લાભ માટે ઉપયોગમાં લેવાતી અને ખોટી માહિતી ફેલાવતા ક્નટેન્ટ દૂર કરવાની માંગ કરવામાં આવી હતી.

ગૌતમ ગંભીરે અગાઉ તેમની વચગાળાની અરજી પાછી ખેંચી લીધી હતી જેથી તેઓ વધુ અને સચોટ માહિતી સાથે નવી અરજી દાખલ કરી શકે. સુનાવણી દરમિયાન, ન્યાયાધીશ જ્યોતિ સિંહે બંને પક્ષોની દલીલો સાંભળી અને વિવાદિત લિંક્સની સંપૂર્ણ તપાસ કરી.કોર્ટે શોધી કાઢ્યું કે ગંભીરના વ્યક્તિત્વ અધિકારોનું ઉલ્લંઘન કરતા ક્નટેન્ટ વિવિધ ઓનલાઈન પ્લેટફોર્મ પર છે. આમાં AI-જનરેટેડ ડીપફેક્સ અને હેરફેર કરેલા વીડિયોનો સમાવેશ થાય છે.ન્યાયાધીશ જ્યોતિ સિંહે કહ્યું કે તેઓ મેટા, ગુગલ અને એમેઝોન વિક્રેતાઓને સામગ્રી દૂર કરવાનો નિર્દેશ આપતો આદેશ પસાર કરશે. કોર્ટ ગુગલ અને મેટાને અપલોડર્સની મૂળભૂત સબ્સ્ક્રાઈબર માહિતી અને ઈન્ટરનેટ પ્રોટોકોલ (IP) લોગિન વિગતો પ્રદાન કરવા પણ કહેશે.ગંભીરના વકીલ, જય અનંત દેહદરાયે જણાવ્યું હતું કે ઘણી વાંધાજનક લિંક્સ દૂર કરવામાં આવી છે, પરંતુ તે વારંવાર શેર કરવામાં આવી રહી છે. તેમણે કોર્ટને ગતિશીલ મનાઈ હુકમની માંગ કરી જેથી ભવિષ્યમાં આવી સામગ્રી તાત્કાલિક દૂર કરી શકાય.

# મુંબઈમાં મળી BCCI અને IPL કેપ્ટનોની બેઠક : બીજા તબક્કાનું શેડયુલ જાહેર થશે

**નવી દિલ્લી, તા.૨૬**

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) ટૂંકસમયમાં IPL ૨૦૨૬ ના બાકીના સમયપત્રકની જાહેરાત કરશે. બોર્ડના સચિવ દેવજીત સૈકિયાએ જણાવ્યું હતું કે, "અમે થોડા દિવસોમાt IPL ૨૦૨૬ ની બાકીની મેચોનું સમયપત્રક જાહેર કરીશું."

ભારતીય ચૂંટણી પંચ દ્વારા આસામ, પશ્ચિમ બંગાળ અને તમિલનાડુ જેવા રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીઓની જાહેરાત કર્યા પછી, BCCI એ અગાઉ ફક્ત પ્રથમ ૨૦ મેચો (૧૨ એપ્રિલ સુધી) માટે સમયપત્રક જાહેર કર્યું હતું.

બાકીની ૫૪ મેચોનું સમયપત્રક હવે આ અઠવાડિયાના અંત સુધીમાં જાહેર થવાની શક્યતા છે. બીજા તબક્કામાં ઊર્જા અને ઈંધણ સંકટને કારણે સ્ટેડિયમ ક્ષમતા અથવા દર્શકોની હાજરી પર સંભવિત અસર અંગે ચિંતા છે છતાં, BCCI સૂત્રોએ સંકેત આપ્યો છે કે લીગ કોઈપણ કાપ વિના સામાન્ય રીતે આગળ વધશે. ૨૦૨૬ ની IPL સીઝન શરૂ




થવા જઈ રહી છે, અને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. BCCI એ બુધવારે તમામ ૧૦ કેપ્ટનો સાથે એક બેઠક યોજી હતી, જેમાં ઈમ્પેક્ટ સબસ્ટિટ્યુટ નિયમ અને આચારસંહિતા જેવા વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી.બુધવારે મોટાભાગના IPL કેપ્ટનોએ ઈમ્પેક્ટ પ્લેયર નિયમ સામે વાંધો વ્યક્ત કર્યો હતો, જેના ૨૦૨૩ માં અમલમાં આવ્યા પછી મિશ્ર મંતવ્યો આવ્યા છે. ૨૦૨૪ માં, BCCI એ ઈમ્પેક્ટ પ્લેયર નિયમ ૨૦૨૭ સુધી લંબાવ્યો. આમ છતાં, ચાહકો અને ખેલાડીઓ બંનેમાં નિયમ પર ચર્ચા ચાલુ છે. મુંબઈમાં તમામ ૧૦ IPL ટીમોના કેપ્ટનોની બેઠકમાં આ મુદ્દા પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.મળતી માહિતી મુજબ, "મોટાભાગના કેપ્ટનોએ ઈમ્પેક્ટ પ્લેયર નિયમ અંગે પોતાના મંતવ્યો અને વાંધો વ્યક્ત કર્યો હતો, જોકે BCCI એ આ નિયમ ૨૦૨૭ સુધી લંબાવ્યો છે. તેમને કહેવામાં આવ્યું હતું કે તેની સમીક્ષા ફક્ત IPL ૨૦૨૭ પછી જ કરી શકાય છે, પહેલા નહી."બુધવારે, એક કેપ્ટને પ્રસ્તાવ મૂક્યો હતો કે ટીમોને પ્રથમ ઈનિંગની ૧૦મી ઓવર પછી બોલ બદલવાની મંજૂરી આપવી જોઈએ. "પ્રથમ ઈનિંગની ૧૦ ઓવર પછી બોલ બદલવાનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો, પરંતુ તેને બહુ સમર્થન મળ્યું ન હતું.

# કેકેઆરએ ઓલરાઉન્ડર આન્દ્રે રસેલની જર્સી નંબર ૧૨ને નિવૃત્ત કરી


કોલકાતા, કોલકાતા નાઈટ રાઈડર્સે તેના પૂર્વ ઓલરાઉન્ડર આન્દ્રે રસેલના સન્માનમાં તેની જર્સી નં. ૧૨ને રિટાયર કરી દીધી છે. રસેલ વર્ષ ૨૦૧૪થી ૨૦૨૫ દરમિયાન એક માત્ર ૨૦૧૭ની સિઝનને બાદ કરતાં ૧૧ વર્ષ સુધી ટીમ સાથે જોડાયેલો રહ્યો હતો. તેણે ગત વર્ષે નવેમ્બરમાં IPLમાંથી નિવૃત્તિ લીધી અને હવે ટીમમાં પાવર કોચની ભૂમિકા ભજવી રહ્યો છે. આન્દ્રે રસેલે આઈપીએલમાં કુલ ૧૪૦ મેચ રમી છે જે પૈકી ૧૩૩ મેચ કોલકાતા તરફથી રમ્યો હતો. રસેલે માત્ર બેટિંગથી જ નહી, પરંતુ તેની ડેથ ઓવર બોલિંગથી પણ ટીમને ઘણી મુશ્કેલ મેચોમાં જીત અપાવી હતી. રસેલ બે વખત દ્ધદ્ધઈની ટાઇટલ જીતનો ભાગ રહ્યો હતો. ૨૦૧૪માં તેમણે માત્ર ૨ મેચ રમી હતી, પરંતુ ૨૦૨૪માં ટીમને ચેમ્પિયન બનાવવામાં તેમની ભૂમિકા સૌથી મોટી રહી હતી. તે સીઝનમાં રસેલે ૧૫ મેચમાં ૧૮૫ના સ્ટ્રાઈક રેટથી ૨૨૨ રન બનાવ્યા અને ૧૯ વિકેટ પણ ઝડપી હતી. બોલિંગમાં તેની સરેરાશ ૧૫.૫૨ રહી હતી.કોચની નવી ભૂમિકા વિશે આન્દ્રે રસેલે કહ્યું,'મને નથી લાગતું કે કોચ બનવાથી મારી માનસિકતામાં કોઈ ફેરફાર આવ્યો છે. આ એ ખેલાડીઓને કંઈક પાછું આપવા જેવું છે જેમની સાથે અને જેમની વિરુદ્ધ હું વર્ષો સુધી રમ્યો છું. મને પાછા આવીને આ ક્રિકેટર્સની મદદ કરવામાં ખૂબ સારું લાગી રહ્યું છે.'રસેલ IPLની KKRની સાથે તેઓ નાઈટ રાઈડર્સની અન્ય ફ્રેન્ચાઈઝીઓ માટે પણ રમતો રહ્યો છે. તૈં ્૨૦માં 'અબુ ધાબી નાઈટ રાઈડર્સ' અને CPLમાં 'ત્રિનબાગો નાઈટ રાઈડર્સ'માં આ બંને ટીમો માટે તેણે ૪-૪ સીઝન રમી હતી.

# IPLના ઇતિહાસમાં પ્રથમ વખત તમામ ટીમના કેપ્ટન ભારતીય ખેલાડીઓ

## હૈદરાબાદે કમિન્સને કેપ્ટન બનાવ્યો પરંતુ ઇજાને કારણે બહાર થતાં ઇશાન કિશન ટીમનું નેતૃત્વ કરશે

**અમદાવાદ, તા. ૨૬**

ક્રિકેટના ફિવર ઇન્ડિયન પ્રીમિયર લીગ(આઈપીએલ)ની ૧૯મી સીઝનનો આગામી ૨૮મી માર્ચથી પ્રારંભ થવા જઈ રહ્યો છે. તેની સાથે જ આ વખતે એક નવો અધ્યાય જોવા મળશે. અગાઉ રમાયેલી આઈપીએલની ૧૮ સીઝનમાં એક કે તેથી વધુ ટીમના કેપ્ટન વિદેશી જોવા મળ્યા હતા. આ વખતે પણ સનરાઈઝર્સ હૈદરાબાદે પેટ કમિન્સને કેપ્ટન જાહેર કર્યો હતો જે આ સીઝનમાં ૧૦ ટીમોના કેપ્ટન પૈકી એક માત્ર વિદેશી કેપ્ટન હતો પરંતુ તે પણ ઈજાગ્રસ્ત થતાં ટીમ સાથે જોડાયો નથી. આથી સનરાઈઝર્સ હૈદરાબાદે આ વખતે તોફાની ઓપનર ઈશાન કિશનને ટીમનો કેપ્ટન બનાવ્યો છે. આમ, આઈપીએલની અત્યાર સુધીની કુલ ૧૯ સીઝનમાં પ્રથમ વખત એવું બનશે કે તમામ ૧૦ ટીમનું નેતૃત્ત્વ ભારતીય ખેલાડીઓ કરશે. આઈપીએલના ઈતિહાસમાં ૨૦૦૮થી ૨૦૨૫ સુધી રમાયેલી ૧૮ સીઝન પૈકી પ્રથમ સીઝનમાં આઠ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં રાજસ્થાન રોયલ્સે શેન વોર્નને કેપ્ટન બનાવ્યો હતો. તેના નેતૃત્ત્વમાં ટીમ ચેમ્પિયન બની હતી. ૨૦૦૯ની સીઝનમાં આઠ પૈકી કોલકાતા નાઈટ રાઈડર્સ, રાજસ્થાન રોયલ્સ અને ડેક્કન ચાર્જર્સ એમ ત્રણ ટીમોની કમાન વિદેશી ખેલાડીઓ પાસે હતી જેમાં પણ ડેક્કન ચાર્જર્સે એડમ ગિલક્રિસ્ટના નેતૃત્ત્વમાં ટાઈટલ જીત્યું હતું. તે






પછીની સીઝન એટલે કે ૨૦૧૦માં ડેક્કન ચાર્જર્સના કેપ્ટન તરીકે એડમ ગિલક્રિસ્ટ, કિંગ્સ ઈલેવન પંજાબના કેપ્ટન તરીકે કુમાર સંગાકારા અને રાજસ્થાન રોયલ્સના કેપ્ટન તરીકે શેન વોર્નએ ટીમની કમાન સંભાળી હતી. વર્ષ૨૦૧૧માં રમાયેલી આઈપીએલમાં આઠ પૈકી પાંચ ટીમના કેપ્ટન વિદેશી હતા. જેમાં કિંગ્સ ઈલેવન પંજાબના કેપ્ટન તરીકે એડમ ગિલક્રિસ્ટ, ડેક્કન ચાર્જર્સના કેપ્ટન તરીકે કુમાર સંગાકારા, રાજસ્થાન રોયલ્સના કેપ્ટન તરીકે શેન વોર્ન, કોચી ટસ્કર્સ કેરાલાના કેપ્ટન તરીકે માહેલા જયવર્દને અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના કેપ્ટન તરીકે ડેનિયલ વિટ્ટોરીએ સુકાન સંભાળ્યું હતું.વર્ષ ૨૦૧૨માં ડેક્કન ચાર્જર્સના કેપ્ટન તરીકે કુમાર સંગાકારાએ, કિંગ્સ ઈલેવન પંજાબના કેપ્ટન તરીકે એડમ ગિલક્રિસ્ટે અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુના કેપ્ટન તરીકે ડેનિયલ વિટ્ટોરીએ ટીમનું નેતૃત્ત્વ કર્યું હતું. વર્ષ ૨૦૧૩માં દિલ્હી ડેરડેવિલ્સ ટીમે માહેલા જયવર્દનેને કેપ્ટન બનાવ્યો હતો જ્યારે કિંગ્સ ઈલેવન પંજાબે એડમ ગિલક્રિસ્ટને, પુણે વોરિયર્સે એન્જેલો મેથ્યુઝને જ્યારે સનરાઈઝર્સ હૈદરાબાદે કુમાર સંગાકારાને કેપ્ટન બનાવ્યો હતો. વર્ષ ૨૦૧૪માં દિલ્હી ડેરડેવિલ્સે કેવિન પીટરસનને, કિંગ્સ ઈલેવન પંજાબે જ્યોર્જ બેલીને, રાજસ્થાન રોયલ્સે શેન વોટસનને અને સનરાઈઝર્સ હૈદરાબાદે ડેરેન સેમીને કમાન સોંપી હતી.

# સાવરકુંડલા-લીલીયા વિધાનસભામાં માર્ગ સુવિધા માટે ૧૨.૨૫ કરોડના કામો મંજૂર

## મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો ધારાસભ્ય મહેશ કસવાલા દ્વારા આભાર વ્યક્ત કરાયો

સાવરકુંડલા, તા.૨૬

ગ્રામ્ય વિકાસને કેન્દ્રસ્થાને રાખીને અને "સુવિધાસભર ગામ — સશક્ત ગુજરાત"ના વિઝનને સાકાર કરવા સાવરકુંડલા-લીલીયા વિધાનસભાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા દ્વારા સતત પ્રયત્નોના પરિણામે માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) હસ્તકના વિવિધ માર્ગ કામો માટે ?૧૨.૨૫ કરોડની મહત્વપૂર્ણ રકમ ગુજરાત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવી છે.આ વિકાસકાર્યો હેઠળ સાવરકુંડલા તાલુકાના અમૃતવેલ, ફાચરીયા, દેતડ, કેરાળા, વીરડી, દોલતી, કાનાતળાવ, વંડા, મેકડા, ઈંગોરાળા તથા લીલીયા તાલુકાના બવાડી, બવાડા, ઈંગોરાળા, પાંચતલાવડા અને નાના લીલીયા જેવા કુલ ૧૫ ગામોને સીધો લાભ મળશે. આ યોજનાના અમલીકરણથી ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગ સુવિધામાં ગુણાત્મક સુધારો થશે, જેનાથી નાગરિકોને સરળ અને સુરક્ષિત અવરજવર મળશે. ખાસ કરીને ગામડા ના મુખ્ય માર્ગ ની સ્થિતિ માં ખૂબ મોટો સુધારો થશે, જેના પરિણામે ગ્રામ્ય અર્થતંત્રને મજબૂતી મળશે અને વિકાસને નવી ગતિ મળશે. ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ જણાવ્યું હતુ કે, "રસ્તા માત્ર માર્ગ નથી, પરંતુ વિકાસની ધમની છે. આ કામો દ્વારા ગામોને શહેર જેવા વધુ મજબૂત રોડ બનાવવા નો પ્રયાસ છે, જે સમગ્ર વિસ્તારમાં સર્વાંગી વિકાસનું દ્રષ્ટાંત પૂરું પાડશે." આ મહત્વપૂર્ણ અને જનહિતલક્ષી કામોને તાત્કાલિક મંજૂરી આપવા બદલ ધારાસભ્યશ્રીએ ગુજરાત રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.



# નર્મદા નદી પર તૈયાર થયો ભારતનો પ્રથમ ૮-લેન એક્સ્ટ્રાડોઝ્ડ કેબલ સ્ટેડ બ્રિજ

## દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર પર ૮૧૭ કરોડથી વધુના ખર્ચે તૈયાર થયેલો ૨.૨૨ કિમી લાંબો બ્રિજ દેશના બે મુખ્ય આર્થિક કેન્દ્રોને જોડશે

સુરત, તા.૨૬

ભારતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈતિહાસમાં એક સુવર્ણ પ્રકરણ ઉમેરાયું છે. દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે. નર્મદા નદી પર નિર્મિત ભારતનો પ્રથમ આઠ લેન એક્સ્ટ્રાડોઝ્ડ (Extradosed) કેબલ સ્ટેડ રિવર બ્રિજ એન્જિનિયરિંગની અદભુત સિદ્ધિ સમાન છે. આ બ્રિજ માત્ર બે શહેરોને જ નહી, પરંતુ દેશની રાજકીય રાજધાની દિલ્હીને આર્થિક રાજધાની મુંબઈ સાથે વધુ નજીક લાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

આ બાબતે પ્રોજેક્ટ ડાયરેક્ટર સંજયકુમાર યાદવે માહિતી આપી હતી કે, દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે એ ભારતનો સૌથી લાંબો રોડ કોરિડોર છે, જે મુસાફરીના સમયમાં ૧૦ થી ૧૨ કલાકનો મોટો ઘટાડો કરશે. આ સમગ્ર પ્રોજેક્ટમાં અંકલેશ્વર-મનુબાર સેક્શનમાં આવેલો આ નર્મદા બ્રિજ કોરિડોરની નવી ઓળખ બની ગયો છે. ૨.૨૨ કિલોમીટરની લંબાઈ ધરાવતો આ બ્રિજ ભારતીય એન્જિનિયરોની મહત્વાકાંક્ષા અને મજબૂત ઈચ્છાશક્તિનો પુરાવો છે.

ભૂકંપ અને ભરતીના જોખમો ધરાવતા નર્મદાના પટમાં આ બ્રિજનું નિર્માણ કરવું અત્યંત જટિલ કાર્ય હતું. એન્જિનિયરિંગ ટીમોએ ૬૦ મીટરથી વધુ ઊંડા પાઈલ ફાઉન્ડેશન નાખ્યા છે જેથી ભરતીના ભારે મોજાંઓ સામે આ સ્ટ્રક્ચર અડીખમ રહી શકે. શ્રી અક્ષય રાવ હોશિંગ, બ્રિજ ડિઝાઈન એન્જિનિયરે માહિતી આપતા જણાવ્યું હતું કે, આ બાંધકામમાં ૩૨,૦૦૦ મેટ્રિક ટન રિઈન્ફોર્સમેન્ટ સ્ટીલ વપરાયું છે, જે પ્રખ્યાત બ્રુકલિન બ્રિજ કરતા ૨.૫ ગણું વધારે છે. નિર્માણ કાર્ય દરમિયાન ટીમોએ અનેક પડકારોનો સામનો કર્યો હતો. પાછલા ૧૦ વર્ષના પૂરના ડેટાના આધારે તૈયાર કરેલા કામચલાઉ સ્ટ્રક્ચર્સ પણ બે વખત આવેલા ભયાનક પૂરમાં તણાઈ ગયા હતા. આ ઉપરાંત, રાષ્ટ્રવ્યાપી લોકડાઉન અને ચોમાસાની મુશ્કેલીઓ છતાં, નદીમાં ટગબોટ્સ અને બાર્જની મદદથી કામ સતત ચાલુ રાખવામાં આવ્યું હતું. નર્મદા બ્રિજ માત્ર વાહનવ્યવહાર માટે નથી, પરંતુ તે આર્થિક વિકાસનું કેન્દ્ર છે. તે દિલ્હી, વડોદરા, ભરૂચ, સુરત અને મુંબઈ જેવા મુખ્ય ઔદ્યોગિક શહેરોને જોડીને મેન્યુફેક્ચરિંગ સેક્ટરને વેગ આપશે. ખાસ કરીને ભરૂચ અને અંકલેશ્વર જેવા ઔદ્યોગિક વિસ્તારો માટે આ બ્રિજ નવી તકો અને રોજગારીના દ્વાર ખોલશે.

# સાયન્સ સેન્ટરમાં મે મહિનામાં એસ્ટ્રોનાઈટ ફોટાનું પ્રદર્શન

સુરત, તા.૨૬

મે મહિનામાં સાયન્સ સેન્ટર સ્થિત આર્ટ ગેલેરીના (પ્રથમ માળ) પર એસ્ટ્રો/નાઈટ ફોટોગ્રાફી પ્રદર્શનનું આયોજન કરવામાં આવનાર છે. આ પ્રદર્શનમાં એસ્ટ્રોનોમી વિષય તથા રાત્રિઆકાશ અંતર્ગત આકાશગંગા, સૂર્યમંડળના સભ્યો (સૂર્ય, ચંદ્ર, ગ્રહો, ધૂમકેતુ), તારાસહ રાત્રિઆકાશ, સ્ટારટ્રેલ વિગેરેના ફોટોગ્રાફ પ્રદર્શિત કરવામાં આવશે જે માટે રજીસ્ટ્રેશન ફોર્મ સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in પરથી તા.૨૫/૦૩/૨૦૨૬ થી તા.૨૪/૦૪/૨૦૨૬ સુધી ઉપલબ્ધ રહેશે. આ એસ્ટ્રો/નાઈટ ફોટોગ્રાફ ને સાયન્સ સેન્ટર સુરત ખાતે તા.૨૪/૦૪/૨૦૨૬ ના રોજ સાંજે ૪:૦૦ કલાક સુધી જમા કરાવી શકાશે.

# જંગલની જમીનોમાં વૃક્ષારોપણ માટેની પૂર્વ તૈયારીઓ શરૂ થઇ

## ઉમરપાડામાં ૧૮૦ હેક્ટરમાં કામગીરી હાથ ધરાઈ

સુરત, તા.૨૬

ચોમાસા પૂર્વે વનવિભાગ દ્વારા જંગલની જમીનોમાં એડવાન્સ વર્કની કામગીરી કરવામાં આવે છે જેની વિગતો આપતા ઉમરપાડા રેન્જના આર.એફ.ઓ. અનિલ પટેલ જણાવે છે કે, જાન્યુઆરીથી માર્ચ મહિના દરમિયાન જંગલ વિસ્તારમાં રોપાઓના વાવેતર માટે એડવાન્સ વર્કની તૈયારીઓ કરવામાં આવે છે જેમાં એલાઈમેન્ટની કામગીરી ૩ બાય ૩ મીટરમાં ચુના દ્વારા નિશાન કરવામાં આવે છે. ત્યારબાદ ૩૦×૩૦ સે.મી.ના અંતરે લાઈનદોરીમાં ખાડાઓ ખોદવામાં આવે છે જેના કારણે જમીનને સુર્ય પ્રકાશ મળી રહે તેમજ આ ખાડાઓમાં પાદડાઓ જવાથી ખાતરમાં પરિવર્તીત થાય છે. આ ઉપરાંત જમીનમાં રહેતા બિનજરૂરી બેકટેરીયા પણ નાશ પામે છે. ચોમાસાના સમય દરમિયાન ખાડાઓમાં વૃક્ષારોપણની કામગીરી સરળતાથી થઈ શકે છે. જેનાથી વૃક્ષોનો ગ્રોથ ઝડપી થાય છે ઉમરપાડામાં ૧૮૦ હેકટરમાં આવી કામગીરી કરવામાં આવી રહી હોવાનું તેઓ જણાવે છે.




# સુરત જિલ્લા પેન્શનર્સ એસો. દ્વારા કલેક્ટરને રજૂઆત કરાઈ

## કાળો કાયદો વેરીકેશન એક્ટ ૨૦૨૫ રદ કરવા માંગણી

સુરત, તા.૨૬

સુજિપે એસોસિએશન તરફથી સુરત જિલ્લા સેવા સદન - ૨ અઠવાલાઈન્સ મુકામે ૧૭૫ પેન્શનર સભ્યો એ શાંત રેલી કાઢી. જેમાં એસોસિયેશનના હોદ્દેદારો અને કારોબારી સભ્યોએ કાળી કોટી પહેરી અને સભ્યોએ કાળી રીબીન લગાડી રાજ્યના પેન્શન વિરોધી બિલ વેતન ધારો ૨૦૨૫ રદ કરવા કલેકટરશ્રી ને મેમોરેન્ડમ પાઠવવા રેલી સ્વરૂપે ભેગા થયા હતા.

આ શાંત રેલીમાં જુદા જુદા સ્લોગન જેવા કે કાળો કાયદો વેરીકેશન એક્ટ ૨૦૨૫ રદ કરો - ૨૫ માર્ચ ૨૦૨૫ રાજ્ય પેન્શનર માટે કાળો દિવસ- રાજ્યના પેન્શન વિરોધી નીતિ પેન્શન રુલ્સ સુધારણા બીલ વેતન નિધિ એક્ટ ૨૦૨૫ રદ કરો. જેવા ૪૫ બેનરો સાથે સુરત જિલ્લા કલેકટરશ્રી ને માન. નરેન્દ્રભાઈ મોદીને લગતો મેમોરંડમ રજૂ કર્યું.

આ રેલી જિલ્લા પેન્શન એસોસિએશનના પ્રમુખ શ્રી મનહરભાઈ લાપસીવાલા ની આગેવાની હેઠળ સુરત જિલ્લાના બારડોલી ના પ્રમુખ ઈશ્વરભાઈ પટેલ,ઓલપાડના પ્રમુખ કરસનભાઈ પટેલ, કામરેજના પ્રમુખ કાંતિભાઈ સોલંકી, વ્યારાના પ્રમુખ નવીનભાઈ આહીર ઉપસ્થિત રહ્યા અને સૂત્રોચાર થી કલેકટર કચેરી ગુંજી ઉઠી હતી. પેન્શનરો ની મુખ્ય માંગણી તા. ૨૫/૩/૨૫ ના રોજ લોકસભા એ જે ખરડો પગાર પંચ માટે કર્યો છે તેમાં પેન્શનર નો ઉલ્લેખ નથી .સદર મેમોરેન્ડમ કલેક્ટરશ્રી એ સ્વીકારી આશ્વાસન આપ્યું હતું. શાંત દેખાવની રેલી થી જનતા સ્તબ્ધ બની ગઈ હતી આ પ્રસંગે પ્રમુખ અને અન્ય વક્તાઓ એ પોતાના વિચારો રજૂ કરી સભાનું રેલીનો સમાપન જાહેર કર્યું.

# ગુજકેટ પરીક્ષા કેન્દ્રોથી ૨૦૦ મીટર અંદર ઝેરોક્ષ-ફેકસ પર પ્રતિબંધ

નવસારી, તા.૨૬

આગામી ૨૯/૦૩/૨૦૨૬ ના રોજ નવસારી જિલ્લામાં ઉચતર માધ્યમિક પ્રમાણપત્ર વિજ્ઞાન પ્રવાહ પરીક્ષા બાદ ડીગ્રી એન્જીન્યરીગ ડીગ્રી/ડીપ્લોમાં ફાર્મસી અભ્યાસકર્મોમાં પ્રવેશ માટેની ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ (ગુજકેટ) પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પરીક્ષાનું સરળ અને સુચારુ સંચાલન થાય, જાહેર પરીક્ષાની ગુણવત્તા અને વિશ્વસનીયતા જળવાઇ રહે અને પરીક્ષાર્થીઓ શાંત અને સ્વસ્થચિતે પરીક્ષા આપી શકે એ માટે નવસારીના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી યોગરાજસિંહ બી. ઝાલાએ મળેલી સત્તાની રૂએ નવસારીના પરીક્ષા કેન્દ્રોની અને બિલ્ડીગની હદથી ૨૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓને ભેગા થવા ,સભા ભરવા ,સરઘસ કાઢવા તથા કોઈપણ વ્યકિતએ (પરીક્ષાર્થી સહિત) હથિયાર, મોબાઇલ ફોન ,સ્માર્ટ વોચ ,સ્માર્ટ બેન્ડ લઇ જવા પર કે પરિક્ષા સમય દરમિયાન તેનો ઉપયોગ પર કે લાઉડસ્પીકર વગાડવા પર તથા પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ મીટર અંદર ઝેરોક્ષ/નકલો/ફેક્સ સંબધિત સેન્ટરો ચાલુ રાખવા સાથે નીચે જણાવેલ કૃત્યો પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

(૧) બિનઅધિકૃત વ્યકિતઓને પ્રતિબંધિત પરીક્ષા કેન્દ્ર/બીલ્ડીગના વિસ્તારમાં દાખલ થવા પર. (૨) કોઈપણ શખ્સો દ્વારા તરકીબ વાપરી પરીક્ષાર્થીઆને પરીક્ષા વિષયક ચોરી કરવા / કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવા પર. (૩) પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ, વિક્ષેપ, ધ્યાનભંગ થાય તેવું કોઈપણ કૃત્ય કરવા (૪) પરીક્ષામાં ચોરી ગણાય તેવી પ્રતિબંધિત વસ્તુ,ઈલેકટ્રોનિકજ આઈટમો, મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, સ્માર્ટ બેન્ડ, પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલો વિગેરેનું વહન કરવા કે કરાવવા ઉપર તથા આવા કાર્યોમાં મદદગારી કરવા ઉપર ૫) ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવા / સભા બોલાવવા, સરઘસ કાઢવા કે ભેગા થવા પર આ હુકમનો અમલવારી નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૯ -૦૩-૨૦૨૬નાં રોજ સવારે ૦૮ -૦૦ કલાક થી ૦૬ -૦૦ કલાકસુધી અમલમાં રહેશે , હુકમનો ભંગ કરનાર ઈસમ / વ્યક્તિને ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૨૨૩ મુજબ ફરિયાદ દાખલ કરી કાર્યવાહી કરવામાં આવશે.

# દેવધગામની પોલીસ ચોકી પાસે ઝુંપડામાં આગ લાગી

## કચરાની આગના તણખા ઉડતા બે ઝુંપડા આગની લપેટમાં

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૬

શહેરના દેવધગામ વિસ્તારમાં આવેલી માનસરોવર સોસાયટી પાસેની પોલીસ ચોકી નજીક આજે અચાનક આગ ફાટી નીકળતા અફરાતફરી મચી ગઈ હતી. પ્લોટમાં સળગાવવામાં આવેલા કચરાના તણખાને કારણે બાજુમાં આવેલા બે ઝૂંપડા આગની લપેટમાં આવી ગયા હતા.

ઘટનાની જાણ થતા જ સુરત ફાયર બ્રિગેડ એક્શનમાં આવ્યું હતું. ડીડોલી અને ડુંભાલ ફાયર સ્ટેશન ખાતેથી તાત્કાલિક બે ગાડીઓ ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. જેમાં ડીડોલી ફાયર સ્ટેશનની ટીમ પરત કરવામાં આવી હતી અને ડુંભાલ ફાયરની ટીમે ત્વરિત પહોંચીને પાણીનો મારો ચલાવ્યો હતો અને ટૂંક સમયમાં આગ પર સંપૂર્ણ કાબુ મેળવી લીધો હતો આગની આ ઘટનામાં બંને ઝૂંપડામાં રહેલ સામાન બળીને ખાખ થઈ ગયો હતો. જોકે, રાહતની વાત એ રહી કે જ્યારે આગ લાગી ત્યારે ઝૂંપડામાં રહેતા શ્રમજીવી પરિવારના સભ્યો પોતપોતાના કામે ગયા હતા. ઝૂંપડા ખાલી હોવાને કારણે કોઈ પણ પ્રકારની જાનહાનિ નોંધાઈ નથી. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, ઝૂંપડાની બાજુમાં આવેલા ખુલ્લા પ્લોટમાં કચરો બાળવામાં આવી રહ્યો હતો, જેની ગરમી અને તણખાથી આ આગ લાગી હોવાનું ફાયર ઓફિસર સુનિલ ચૌધરીએ જણાવ્યું હતું.

## બારડોલીના અસ્તાન પાસેથી કિશોરી ગુમ

સુરત, તા.૨૬

બારડોલીના અસ્તાનગામ સરકારી કન્યા છાત્રાલય પાસેના વિસ્તારમાંથી ૧૬ વર્ષીય કિશોરી અંજલી પરશુરામ રાઠોડ ગુમ થઈ છે. અંજલીનો બાંધો પાતળો, રંગ ઘઉંવર્ણો અને ઊંચાઈ ૪ ફૂટ ૫ ઈંચ છે. આ અંગે બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનમાં અપહરણનો ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી છે. આ કિશોરી વિશે માહિતી મળ્યેથી બારડોલી પોલીસ (૦૨૬૧-૨૬૫૧૮૩૧) અથવા ૧૦૦ નંબર પર જાણ કરવા નમ્ર વિનંતી છે.

## ૨૪ વર્ષીય મહિલા ઇન્દુબેન ગુમ થયા

સુરત, તા.૨૬

સુરત મહુવા પોલીસ સ્ટેશનના જણાવ્યાનુસાર ૨૪ વર્ષીય મહિલા ઈન્દુબેન વિનુભાઈ વળવી તા.૨૯/૦૧/૨૦૨૬ ના રોજ ક્યાંક ચાલ્યા ગયેલ છે. આ મહિલાનો દેખાવ લંબગોળ ચહેરો, મજબૂત બાંધો, આશરે ૪ ફૂટ ૫ ઇંચ ઊંચાઈ અને શ્યામવર્ણ છે. તેમણે આછા લાલ ગુલાબી કલરનો પંજાબી ડ્રેસ અને લાલ કલરનું સ્કર્ટ પહેરેલ છે. આ મહિલા અંગે કોઈ જાણકારી મળે તો તાત્કાલિક મહુવા પોલીસ સ્ટેશન અથવા સુરત ગ્રામ્ય પોલીસનો સંપર્ક કરવા જણાવાયું છે

# ૭૧ વર્ષની ઉંમરના બહાને ક્લેઈમ નકારનાર વિમા કંપનીને લપડાક

## વિમાદારને ક્લેઇમના રૂા.૨ લાખ ચૂકવી દેવા ગ્રાહક કોર્ટનો હુકમ

૭૧ વર્ષની ઉમર હોવાથી વિમા પોલીસીનો લાભ નહી મળે તેવું કારણ આપી હાંસોટની ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળીના સભાસદનો ક્લેઈમ નકારનાર વિમા કંપનીને ગ્રાહક કોર્ટે લપડાક આપી મૃતકના પરિવારને ૨ લાખ વિમાની રકમ ચૂકવી આપવા સુરત ગ્રાહક કોર્ટે વિમા કંપનીને આદેશ કર્યો હતો.

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના કીમગામે રહેતા અને શિક્ષક તરીકે ફરજ બજાવતા જમનાદાસ પ્રજાપતિ હાંસોટની ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળીના સભાસદ હતા. વર્ષ ૨૦૧૮માં જમનાદાસ પ્રજાપતિ શાળાએ જઈ રહ્યા હતા, ત્યારે પશુ સાથે બાઈક અથડાતા તેમનું મોત નિપજ્યું હતું. જમનાદાસ પ્રજાપતિ મંડળીના સભાસદ હોવાથી મંડળી દ્વારા ગૃપ ઈન્સ્યુરન્સ પોલીસી આપવામાં આવી હતી. જેથી જમનાદાસ પ્રજાપતિના પરિવારે પર્સનલ એક્સીડન્ટ ઈન્સ્યુરન્સ પોલીસી અન્વયે નેશનલ ઈન્સ્યોરન્સ પોલીસી કંપનીમાં ક્લેઈમ કર્યો હતો. જોકે, વીમા કંપનીએ ક્લેઈમ નકારી કારણ આપ્યું હતું કે, ગૃપ ઈન્સ્યુરન્સ પોલીસીનો લાભ ૭૦ વર્ષ સુધીના સભાસદોને મળી શકે તેવી સ્પષ્ટ શરત સાથે ઉતરાવેલો હતો. જમનાદાસની ઉમર અકસ્માત સમયે ૭૧ વર્ષની હતી. અને તે પોલીસીનો લાભ ૭૦ વર્ષ સુધીની ઉમર સુધીના સભાસદને મળી શકે તેમ હોવાથી જમનાદાસ પ્રજાપતિનો ક્લેઈમ રદ કર્યો હતો. જેથી મૃતક જમનાદાસના પરિવારે વકીલ ઈશાન શ્રેયસ દેસાઈ મારફતે સુરત ગ્રાહક કમિશનમાં વિમા કંપની વિરૂદ્ધ ફરિયાદ કરી હતી. વકીલ ઈશાન દેસાઈએ દલીલો કરી હતી કે, મૃતક જમદાનાસ દ્વારા ઉમર સંબંધિત કોઈ હકીકત છુપાવવામાં આવી ન હતી. મંડળીના રેકર્ડમાં મૃતકની સાચી ઉમર નોંધાયેલી જ હતી.મંડળીએ પણ મૃતકની ઉમર વિશે સાચી-ખરી માહિતી વિમા કંપનીને આપી જ હશે. વીમા કંપનીને જણાવવામાં મંડળીની કોઈ ચૂક થઈ હોય યા વીમા કંપની સાચી વિગત મેળવવામાં બેદરકારી રહી હોય તો તે માટેની જવાબદારી વીમેદારની ન ગણાય. ગ્રાહક કમિશને બંને પક્ષની દલીલો અને રેકર્ડ પરના પુરાવા ધ્યાને લઈ નોંધ્યું હતુ કે, વીમા કંપની વીમાધારકની વાસ્તવિક ઉ.વ.૭૧ વર્ષ હતી તે સાબિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ રહી છે. તેથી માત્ર શંકા અથવા અધૂરી માહિતીના આધારે દાવો નકારવો યોગ્ય ગણાવી શકાય નહી. વીમા કંપનીઓએ માત્ર ટે?ક્નીકલ કારણો દર્શાવી યોગ્ય દાવો નકારવો એ સેવામાં ખામી ગણાય. કોર્ટે મૃતક જમનાદાસના પરિવારને રૂ.૨ લાખ ૯ ટકા વ્યાજ સાથે ચૂકવવા વીમા કંપનીને આદેશ કર્યો હતો.

**ઈરાન હાર સ્વીકારી**
**પહેલા પાનાનું ચાલુ**

ઈરાને બુધવારે રાત્રે દાવો કર્યો હતો કે તેણે અમેરિકી F/A-૧૮ ફાઈટર જેટને તોડી પાડ્યું છે, જે હિંદ મહાસાગરમાં ક્રેશ થઈ ગયું. ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) ના જણાવ્યા અનુસાર, આ કાર્યવાહી દેશના દક્ષિણી દરિયાકાંઠાના વિસ્તાર પાસે કરવામાં આવી હતી.

જોકે, અમેરિકાએ આ દાવાને ફગાવી દીધો છે. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) એ કહ્યું કે ઈરાને કોઈ પણ અમેરિકી ફાઈટર જેટને તોડી પાડ્યું નથી.

**તા. ૧ એપ્રિલથી**
**પહેલા પાનાનું ચાલુ**

ઈન્ફેક્શન તથા પિનરલ્સ ડ્રગ્ઝનો સમાવેશ થાય છે. અમુક દવા કોવિડથી અસરગ્રસ્ત દર્દીઓ માટે પણ ઉપયોગમાં લેવાય છે. આ સિવાય સ્ટીરોઇડ પણ સામેલ છે.

દવા ઉદ્યોગના સૂત્રોએ કહ્યું કે ઈરાન યુધ્ધને કારણે સપ્લાય ચેઈન પ્રભાવિત થતાં દવાનો ઉત્પાદન ખર્ચ વધવા સમયે નફો કપાયો છે તેવા સમયે સરકારે આ સામાન્ય વધારો મંજુર કર્યો છે. અમુક ફોર્મ્યુલેશનમાં ભાવ ઘણા વધી ગયા છે. જ્યારે સામાન્ય ભાવવધારાથી ઉદ્યોગને કોઈ રાહત થાય તેમ નથી.

ફોર્મ્યુલેશનમાં ૩૦ થી ૩૫ ટકાનો વધારો થયો છે. ગ્લીસરીન ૬૪ ટકા પેરાસીટામોલ ૨૫ ટકા તથા સીપ્રો ફલોક્ષેસીન ૩૦ ટકા મોંઘા થયા છે. પેકેજીંગ સામગ્રીમાં પણ ૪૦ ટકાનો ભાવ વધારો છે. ગ્લીસરીન, પ્રોપીલીન ગ્લાયકોલ તથા સોલવન્ટનો ઉપયોગ તમામ સીરપ, ઓરલ ડ્રોપમાં થાય છે. સરકારે વધુ ભાવવધારો મંજુર કરવાની જરૂર હતી. આ મામલે સરકારમાં રજુઆત કરવામાં આવશે.

**બંગાળ-સરની**
**પહેલા પાનાનું ચાલુ**

કરી શકાયા નહોતા. બાકીના નામ તબક્કાવાર રીતે જાહેર કરવામાં આવી રહ્યા છે. હવે દર શુક્રવારે નવી સપ્લીમેન્ટરી યાદી જાહેર કરવામાં આવશે. અંડર એડજુડિકેશનમાં તે મતદારોને રાખવામાં આવ્યા હતા, જેમના દસ્તાવેજો કે પાત્રતા પર શંકા હતી.

**દેશના**
**પહેલા પાનાનું ચાલુ**

જરૂરિયાત નથી.

સ્ટડી પણ આ બાબતને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો હતો કે જ્યાં સીઆઈએસએફના ટ્રેઈન્ડ જવાનની જરૂર નથી, ત્યાં ટ્રેઈન્ડ જવાન શા માટે મુકવામાં આવે? તેમની જગ્યાએ ખાનગી સુરક્ષા કર્મીઓને લગાવીને કામ ચલાવી શકા છે, આથી ખર્ચ પણ ઘટશે અને લોકોને પણ કોઈ અસુવિધા નહીં રહે, જો કે જ્યાં જરૂરી હશે ત્યાં સીઆઈએસએફ નહીં હટે.

**સુતનું નવું**
**પેજ-૨ પાનાનું ચાલુ**

વિવિધ NGO અને વિદ્યાર્થીઓના સહયોગથી વિશેષ સફાઈ ઝુંબેશ અને જનજાગૃતિના કાર્યક્રમો યોજવામાં આવશે. સુરત મહાનગરપાલિકા તમામ નાગરિકોને અપીલ કરે છે કે સુરતના આ ગૌરવ સમાન સ્થળને સ્વચ્છ રાખવામાં સહયોગ આપે.

**ગુજરાત સરકારની**
**પેજ-૨ પાનાનું ચાલુ**

રૂપે દર મહિને 'બાલશક્તિ' ના ૫૦૦ ગ્રામના ૧૦ પેકેટ ફાળવવામાં આવે છે. સગર્ભા અને ધાત્રી માતાઓના સ્વાસ્થ્યને ધ્યાને રાખી તેમને દર મહિને 'માતૃશક્તિ' ના ૧ કિલોગ્રામના ૪ પેકેટની સહાય મળે છે. તેવી જ રીતે, કિશોરીઓના પોષણ માટે દર મહિને 'પૂર્ણાશક્તિ' ના ૧ કિલોગ્રામના ૪ પેકેટ આપવામાં આવે છે. આ તમામ લાભાર્થીઓને આયોડિન અને આયર્નની ઉણપ દૂર કરવા માટે દર મહિને ૧ કિલોગ્રામ 'ડબલ ફોર્ટિફાઈડ આયોડાઈઝ્ડ મીઠું' પણ વિનામૂલ્યે આપવામાં આવે છે. ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત આવતી આઈ.સી.ડી.એસ. (ICDS) કચેરી દ્વારા સંચાલન કરાઈ છે. આ યોજનાના લાભ માટે રાજ્ય કક્ષાએ ગાંધીનગર સ્થિત ડો. જીવરાજ મહેતા ભવન ખાતેની નિયામકશ્રીની કચેરી કાર્યરત છે, જ્યારે સ્થાનિક કક્ષાએ અરજદારો પોતાની નજીકની આંગણવાડીના કાર્યકરનો સીધો સંપર્ક કરી શકે છે. યોજના સંબંધિત વધુ માહિતી સત્તાવાર વેબસાઈટ https://wcd.gujarat.gov.in/initiativedetails?id=૨૪૦ પરથી મેળવી શકાશે.

**ઓલપાડ તાલુકાના**
**પેજ-૨ પાનાનું ચાલુ**

બ્રિજેશ પટેલનાં જણાવ્યા અનુસાર આ શૈક્ષણિક પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓમાં સંપ, સહકાર, ભાઈચારો, સહનશીલતા, સાહસીકતા જેવાં ગુણો તાદૃશ્ય થયાં. તેમનામાં જે તે સ્થળ વિશે નવીન જાણકારી મેળવવાની તાલાવેલી જોવા મળી, જેનાથી અમારા પ્રવાસનો મૂળભૂત હેતુ ફલિત થતો જણાયો.

સમગ્ર પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓ માટે સવારનાં પૌષ્ટિક નાસ્તાથી લઈને બપોરે અને રાત્રે શુદ્ધ ભોજનની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી હતી, જેનાં કારણે સૌમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ટૂંકમાં, આ આયોજન થકી વિદ્યાર્થીઓને પોતાનાં જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરવા સાથે ભરપૂર મનોરંજનનો અનોખો લ્હાવો સાંપડ્યો હતો. એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

**વૈશ્વિક પ્રતિકૂળ**
**પેજ-૨ પાનાનું ચાલુ**

રોકાણ ક્ષેત્રમાં ઉભા થતા નવા અવસરો અને પડકારો અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ભારતીય અર્થવ્યવસ્થા સતત વૃદ્ધિ પામી રહી છે અને આવનારા સમયમાં દેશના વિવિધ સેકટર્સમાં નોંધપાત્ર રોકાણ તકો ઊભી થવાની શકયતા છે, જેને સમજદારીપૂર્વક અપનાવીને રોકાણકારો વધુ સારા પરિણામો મેળવી શકે છે. જેએમ ફાઈનાન્શિયલના એકિઝકયુટિવ ડિરેકટર તથા હેડ ઓફ પ્રોડકટસ શ્રી મનીષ ગર્ગ દ્વારા ગ્લોબલ માર્કેટ આઉટલુક વિષે વિસ્તૃત પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું. ઈન્વેસ્ટમેન્ટ પીચ અંતર્ગત જેએમ પ્રાઈવેટ વેલ્થ દ્વારા પોતાની સેવાઓ અને વિશેષતાઓ રજૂ કરી હતી, જેમાં હાઈ નેટવર્થ ઈન્ડિવિજુઅલ્સ માટે તૈયાર કરાયેલા ઈન્સ્ટિટયુશનલ લેવલના સોલ્યુશન્સ, રોકાણ ફિલોસોફી અને તેમની કાર્યપદ્ધતિ અંગે માહિતી આપી હતી.

આ ઉપરાંત આદિત્ય બિરલા સન લાઈફ એ.એમ.સી.ની ટીમ દ્વારા ઉપસ્થિત સભ્યોને મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતમાં પ્રશ્નોત્તરી સત્ર યોજાયું હતું, જેમાં ઉપસ્થિત સભ્યો દ્વારા પૂછાયેલા પ્રશ્નોના નિષ્ણાતોએ સંતોષકારક જવાબો આપ્યા હતા. આ સેશનનું સંચાલન સુશ્રી જહાનવી તુલસિયાન દ્વારા કરવામાં આવ્યું હતું. અંતમાં સેશનના કન્વીનર જહાનવી તુલસિયાએ આભારવિધિ વ્યક્ત કરીને કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

**ખેડૂતોએ**
**પેજ-૨ પાનાનું ચાલુ**

લીક મોબાઈલ નંબર મારફત OTP દ્વારા અથવા બાયોમેટ્રિક દ્વારા કરી શકાશે. વર્ષ ૨૦૨૬-૨૭ માટે ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓનો લાભ લેવા આધાર ઓથેન્ટિકેશન કર્યા બાદ ઘટક માટેની જરૂરી વિગતો ભરી અરજી કરવાની રહેશે.આથી, ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓનો લાભ મેળવવા માંગતા હોય તેવા ખેડૂત મિત્રોએ આધારકાર્ડ સાથે લીંક મોબાઈલ નંબર પર મળેલ દ્વારા અથવા બાયોમેટ્રિક દ્વારા નોંધણી/ અરજી કરવા તમામ ખેડૂતોને જિલ્લા ખેતીવાડી કચેરી દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

**જર્મન મહિલાનો**
**પહેલા પાનાનું ચાલુ**

સુરત પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌત અને ઉચ્ચ અધિકારીઓની સૂચના મુજબ પ્રજાની સેવા કરવાના હેતુથી, પોલીસે આ ફોન મેળવીને મહિલા પ્રવાસીને પરત કર્યો હતો. પોતાનો ફોન સુરક્ષિત પરત મળતા જર્મન મહિલાએ સુરત પોલીસનો આભાર માન્યો હતો અને પોલીસની કાર્યક્ષમતાના વખાણ કર્યા હતા. આમ, મહિધરપુરા પોલીસે વિદેશી મહેમાનની મદદ કરીને ભારતીય સંસ્કૃતિના મૂળભૂત સિદ્ધાંત "અતિથિ દેવો ભવઃ" ને ખરા અર્થમાં સાર્થક કર્યો છે.

**ઉનના મદ્રેસાની**
**પહેલા પાનાનું ચાલુ**

ઓફિસમાં આગ લગાવી દીધી હતી. જેના કારણે ઓફિસમાં રાખેલા મહત્વના દસ્તાવેજો, ફાઈલો તેમજ અન્ય સામગ્રી સળગી ને ખાખ થઈ ગઈ હતી. આ બનાવમાં કુલ રૂ.૭,૫૦,૯૫૦ની માલમત્તાનું નુકસાન થયું હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

આગના કારણે મદરેસાની મિલ્કતને પણ નુકસાન પહોંચ્યું છે. ઘટના બાદ આરોપી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ફરિયાદના આધારે પોલીસ દ્વારા તા.૨૫ માર્ચ ૨૦૨૬ના રોજ રાત્રે ૨૨:૩૦ વાગ્યે ગુનો નોંધવામાં આવ્યો છે. હાલ પોલીસ આરોપીની શોધખોળ કરી રહી છે અને સમગ્ર બનાવની ગંભીરતાથી તપાસ ચાલી રહી છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

# માતાજીના મંદિરમાં આઠમનું હવન, શ્રી રામજી મંદિરમાં રામનવમીની શ્રદ્ધાપૂર્વક ઉજવણી

## શહેરભરમાં વહેલી સવારથી વિવિધ મંદિરોમાં ભક્તો ઉમટી પડયાં



(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૬

આજે ગુરૂવારે ચૈત્ર નવરાત્રિનું શક્તિ પર્વ છે. ઉદિત તિથી મુજબ સવારે ૧૧.૫૦ વાગ્યા સુધી ચૈત્ર સુદ આઠમ રહેશે અને ત્યારબાદ નોમ બેસશે. જે આવતીકાલે શુક્રવારે સવારે ૧૦ વાગ્યા સુધી રહેશે. આથી શહેરભરના માતાજીના મંદિરોમાં આઠમનું અનુષ્ઠાન કરવામાં આવી રહ્યું છે. અને ભગવાન શ્રી રામના મંદિરોમાં રામ નવમીની પણ ઉજવણી કરવામાં આવી રહી છે. સિદ્ધિ યોગ અને રવિયોગ એક સાથે આવતા માતાજીના મંદિરોમાં હવન થઇ રહ્યા છે અને રામજી મંદિરોમાં રામનવમીની ઉજવણી થઇ રહી છે.

ચૈત્રિ નવરાત્રિનું હિન્દુ શાસ્ત્રોમાં ઘણુ આદ્યાત્મિક મહત્વ રહેલું છે. મનઈચ્છિત ફળ પામવા અને જીવનની ઉપાધીઓથી મુક્ત થવા માટે ભક્તો માતાજીના નવ સ્વરૂપની ભક્તિભાવથી પુજા અર્ચના કરતા હોય છે ત્યારે આ વર્ષે આઠમ અને રામનવમી એક જ દિવસે આવ્યા છે. શહેરના રાંદેર રોડ પર આવેલા મેરૂલક્ષ્મી મંદીરમાં આજે સવારથી જ ભક્તોની ભીડ જામી હતી. આ ઉપરાંત અડાજણ ખાતે આવેલા શ્રી મહાલક્ષ્મી માતા મંદીરે પણ ભક્તોની લાઇન લાગી હતી. આઠમ અને રામનવમી એક જ દિવસે આવ્યા હોય શહેરના આદ્યશક્તિ, મોટા અંબાજી, પીપલોદ ખાતે આવેલા અંબિકાનિકેતન મંદીર ખાતે તેમજ વરાછા ઉમિયા માતાના મંદીરે, લાલ દરવાજા શ્રી ખોડીયાર માતાના મંદિરે સવારથી ભક્તોની ભીડ ઉમટી પડી હતી. વિવિધ ધાર્મિક વિધી વિધાન મુજબ સવારથી જ મંદિરોમાં પુજા-આરતી, હોમ હવન અને અનુષ્ઠાનો કરવામાં આવ્યા છે.રામનવમીને લઇ શહેરના રામ મંદિરોમાં પણ ભગવાનશ્રી રામના દર્શનાર્થે લોકોનું ઘોડુપુર ઉમટ્યું હતું. શહેરનાં મોટા મંદિરોમાં તેમજ શેરી મહોલ્લાઓમાં પણ રામનવમી અને આઠમ નિમિત્તે હવનનું આયોજન કરાયું છે. માતાજીના વિવિધ મઠ ખાતે ભક્તો માટે મહાપ્રસાદી તેમજ ભંડારાના પણ આયોજનો કરવામાં આવ્યા છે.

### ૫૧ હજાર લોકો દ્વારા સામુહિક હનુમાન ચાલીસા પાઠ યોજાશે

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, રાષ્ટ્રીય બજરંગદળ અધ્યક્ષ ડો.પ્રવિણ તોગડિયાના માર્ગદર્શન હેઠળ રામનવમી નિમિત્તે વરાછામાં ભવ્ય શોભાયાત્રા કરવામાં આવ્યું છે.વરાછામાં પરંપરાગત દર વર્ષે રામનવમી નિમિત્તે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવે છે.આ શોભાયાત્રા ૫૧ હજાર લોકો હનુમાન ચાલીસાના પાઠ કરશે. એક સાથે હનુમાન ચાલીસાના પાઠથી શોભાયાત્રામાં અનોખી ભક્તિ અને શક્તિની ઉર્જાનું સંચાર થશે. આ શોભાયાત્રામાં લવ જેહાદની ઝાંખી પણ રજુ કરવામાં આવશે. વરાછા વર્ષા સોસાયટીની વાડી, રંગ અવધુત, રેણુકા ભવન થઇ શોભાયાત્રા સીતાનગર, માતૃશક્તિ સોસાયટી, નાલંદા સ્કુલ થઇ કારગીલ ચોક અને ત્યાંથી કિરણ ચોક થઇ યોગીચોક, મહાવીર ચોક ફરી નાના વરાછા ઢાળથી પરત રામજીમંદિર પહોંચશે.



આજે સવારથી ચૈત્રી નવરાત્રિમાં શક્તિ પર્વ 'આઠમ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. શહેર ભરના માતાજીના મંદિરોમાં હવન-અનુષ્ઠાનના કાર્યક્રમ યોજાઈ રહ્યાં છે. જ્યારે બપોર પછી રામનવમીની ઉજવણી કરાશે. ચૈત્રી નવરાત્રિ આઠમ નિમિત્તે અઠવાલાઈન્સ સ્થિત અંબિકા નિકેતન મંદરમાં માતાજીને ભવ્ય શણગાર કરી વિવિધ ભોગ ધરવામાં આવ્યા છે.






પીપલોદ , રાંદેરમાં નવનિર્મિત પોલીસ માટેના આવાસો, ભેસ્તાન પોલીસ મથક, મરીન ટાસ્ક ફોર્સના હજીરા ખાતેના રહેણાંક મકાનોનો સંયુક્ત લોકાર્પણ સમારંભ પીપલોદ ખાતે યોજાયો હતો. લોકાર્પણ સમારંભમાં કેન્દ્રીયમંત્રી સી.આર. પાટીલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, સાંસદ મુકેશ દલાલ , ધારાસભ્ય સંદીપ દેસાઈ , પોલીસ કમિશનર અનુપમસિંહ ગહેલોત વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતા.

# જર્મન મહિલાનો ગુમ મોબાઈલ ફોન પોલીસે તુરંત શોધી આપ્યો

**અતિથિ દેવો ભવનઃના મંત્રને ખરા અર્થમાં સાર્થક કરતી મહિધરપુરા પોલીસ**

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૬

ભારતની મુલાકાતે આવેલી એક જર્મન મહિલા પ્રવાસી માટે સુરતનો પ્રવાસ યાદગાર બની રહ્યો છે, પરંતુ કોઈ મુશ્કેલીના કારણે નહી પણ સુરત પોલીસની ત્વરિત અને સરાહનીય કામગીરીને કારણે. સુરત રેલવે સ્ટેશનથી હોટલ જતી વખતે રિક્ષામાં ભુલાઈ ગયેલો કિંમતી મોબાઈલ ફોન મહિધરપુરા પોલીસે ગણતરીના કલાકોમાં શોધી કાઢી, "તેરા તુજ કો અર્પણ" કાર્યક્રમ હેઠળ મૂળ માલિકને પરત સોંપ્યો છે.

જર્મનીથી ભારત પ્રવાસ અર્થે આવેલી મહિલા પ્રવાસી ૨૫ માર્ચના સવારે આશરે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ સુરત રેલવે સ્ટેશન ઉતરી હતી. ત્યાંથી તેઓ હોટેલ જવા માટે સ્ટેશનની બહારથી એક ઓટોરિક્ષા ભાડે કરીને રવાના થયા હતા. હોટેલ પહોંચ્યા બાદ તેમને અહેસાસ થયો કે તેઓ પોતાનો પર્પલ કલરનો ગુગલ પિક્સલ ૯છ મોડલનો મોબાઈલ ફોન રિક્ષામાં જ ભૂલી ગયા છે.

ગભરાયેલી મહિલાએ તાત્કાલિક મહિધરપુરા પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધ્યો હતો. આ મામલાની ગંભીરતા જોઈને સર્વેલન્સ ટીમ સક્રિય કરવામાં આવી હતી. પોલીસ ટીમે રેલવે સ્ટેશન અને આસપાસના વિસ્તારના અલગ-અલગ સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા. ચોકસાઈભરી તપાસ અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી પોલીસે ટૂંક સમયમાં જ રિક્ષાચાલક અને મોબાઈલ ફોન શોધી કાઢ્યો હતો.

અનુસંધાન પાના ૭ પર

# ઉનના મદ્રેસાની ઓફીસમા ચોરે હાથ ફેરો કરી આગ ચાંપી દીધી

**ઓફીસમાં ચોરીના પુરાવાનો નાશ કરવા લગાડેલી આગમાં મહત્વના દસ્તાવેજો ભસ્મીભૂત**

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૬

સુરત શહેરના ઉન-ભેસ્તાન વિસ્તારમાં આવેલ મદરેસામાં ચોરી અને આગજનીનો ગંભીર બનાવ સામે આવ્યો છે. આ મામલે રઈશખાન જલીલખાન પઠાણ (ઉ.વ.૬૦), ધંધે વેપારી, દ્વારા અબ્દુલ સમદ હમીદ મનીહાર સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.ફરિયાદ મુજબ, ઘટના તા.૨૪ માર્ચ ૨૦૨૬ના રોજ વહેલી સવારે આશરે ૦૩:૪૫ વાગ્યાના સમયે બની હતી. આરોપી અબ્દુલ સમદ મનીહાર મદરેસામાં રાત્રિના સમયે ચોરીના ઈરાદે ગેરકાયદેસર રીતે પ્રવેશ્યો હતો. ત્યારબાદ તેણે મદરેસાની ઓફિસમાં રાખેલા કબાટમાંથી ડોનેશન તરીકે એકત્રિત થયેલી રોકડ રકમ ચોરી કરી હતી.આરોપીએ કબાટમાં રાખેલા કુલ રૂ.૭,૫૦,૦૦૦ની રોકડ સાથે ચાર કીપેડ મોબાઈલ ફોન (આશરે રૂ.૯૫૦ કિંમતના) પણ ચોરી કર્યા હતા. ચોરી બાદ પોતાના ગુનાનો પુરાવો નાશ કરવા માટે આરોપીએ મદરેસાની

અનુસંધાન પાના ૭ પર

## પલસાણામાંથી બોગસ ડોકટરની ધરપકડ

કડોદરા, તા.૨૬

કડોદરા તારીખ ૨૬ પલસાણા ના પરવેશ પાર્કમાં જોઈ ક્લિનિક નામનો ક્લિનિક ખોલી પ્રમાણપત્ર મેળવ્યા વગર ગેરકાયદેસર રીતે ડોક્ટરની પ્રેક્ટિસ કરતા બોગસ ડોક્ટરની ધરપકડ કરી હતી પલસાણા પોલીસે તેમની પાસેથી સાધન સામગ્રી મેડિસિન ૧૪૧૦૫ નો મુદ્દા માલ જપ્ત કર્યો હતો કનાવ પી એચ સી સેન્ટર અને પલસાણા પોલીસને મળેલ બાદમી ના આધારે પોલીસે પલસાણા ગામ પરવેશ પાર્કમાં આવેલ વિકાસભાઈ ની બિલ્ડીંગ રૂમ નંબર એક જોય ક્લિનિક નામનો ક્લિનિક ગુજરાત મેડિકલ કાઉન્સિલ નું રજીસ્ટ્રેશન અંગેનું પ્રમાણપત્ર વગર ગેરકાયદેસર રીતે ડોક્ટરની પ્રેક્ટિસ ચલાવી માનવ જિંદગી સાથે ચેડા કરતા સજીત અજીત બિસવાસ ઉંમર વર્ષ ૩૦ મૂળ કડકોલા નટુન પાલા થાના શાંતિપુરા જિલ્લો નોધિયા પશ્ચિમ બંગાળ ની ધરપકટ કરી છે પોલીસે સાધન સામરાગી મેડિસિન મળી ખુલ્લે ૧૪ ૧૦૫ નો મુદ્દા માલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે .

# અલ્બેનિયાના વર્ક વિઝાના બહાને છ યુવાનો સાથે છેતરપિંડી કરાઈ

**પ્રિયંકા ખત્રીએ નકલી એગ્રીમેન્ટ લેટર અને નકલી વિઝા પણ યુવકોને આપી દીધા**

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૬

શહેરના પીપલોદ વિસ્તારમાં વર્ક વિઝાના બહાને મોટી છેતરપિંડીનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. આ મામલે યોગેશભાઈ નટવરલાલ પ્રજાપતિ (ઉ.વ.૩૯), રહે. સેલવાસા તથા પીપલોદ, સુરત દ્વારા પ્રિયાંકકુમાર રાજેન્દ્રકુમાર ખત્રી સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે ગુનાહિત વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, આરોપી પ્રિયાંકકુમાર ખત્રીએ પોતાને વિદેશમાં નોકરી અપાવતો એજન્ટ તરીકે ઓળખાવ્યો હતો. તેણે ફરિયાદીને વિશ્વાસમાં લઇ તેમના ઓળખીતાં છ લોકોને અલ્બેનિયા દેશમાં વર્ક વિઝા અપાવી "સ્પાર સુપર માર્કેટ"માં નોકરી અપાવવાની લાલચ આપી હતી. આ માટે આરોપીએ બોગસ એગ્રીમેન્ટ લેટર અને નકલી વર્ક વિઝા પણ મોકલી આપ્યા હતા, જેથી ફરિયાદીને તેની વાતમાં વિશ્વાસ આવી ગયો હતો.

આરોપીએ વિઝા પ્રક્રિયા અને નોકરી માટે પ્રતિ વ્યક્તિ રૂ.૩.૫ લાખ નક્કી કરી ફરિયાદી પાસેથી ટુકડાઓમાં કુલ રૂ.૧૬,૬૬,૫૦૦ વસૂલ કર્યા હતા. જો કે, રકમ મેળવી લીધા બાદ આરોપીએ કોઈપણ પ્રકારની પ્રક્રિયા પૂર્ણ કરી નહોતી અને ન તો વિઝા અપાવ્યા હતા કે નોકરીની કોઈ વ્યવસ્થા કરી હતી. ત્યારબાદ, ફરિયાદીએ આરોપીને સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આરોપીએ ટાળટૂળ કરતા અંતે પૈસા પરત આપવાનો ઈન્કાર કર્યો હતો.

આ બનાવ તા.૨૦ ડિસેમ્બર ૨૦૨૪થી તા.૨૫ માર્ચ ૨૦૨૬ દરમિયાન પીપલોદ જકાતનાકા પાસે આવેલી "સિદ્ધી ફોટો" નામની દુકાન ખાતે બન્યો હોવાનું સામે આવ્યું છે. ફરિયાદ નોંધાયા બાદ પો.સ.ઇ. બી.ડી. વાઘ દ્વારા કેસ રજીસ્ટર કરી આગળની તપાસ શરૂ કરવામાં આવી છે. પોલીસ દ્વારા આરોપીની શોધખોળ ચાલી રહી છે.

# રાજ્યમાં સૌથી વધારે સુરત શહેરમાં ૨૦,૧૧૪ વિદ્યાર્થીઓ ગુજકેટ આપશે

**શહેરના ૧૦૧ કેન્દ્રો પર ગ્રુપ-'એ'માં ૧૦૨૩૪, ગ્રુપ-'બી'માં ૯૮૩૬ અને ગ્રુપ 'એબી'માં ૪૪ વિદ્યાર્થીઓ નોંધાયા**

સુરત, તા.૨૬

રાજય સહિત સુરત જિલ્લામાં તા.૨૯/૩/૨૦૨૦૬, રવિવારે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા 'ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ (GUJCET)-૨૦૨૬' યોજાશે.

આ વર્ષે સુરત શહેરમાં રાજ્યના સૌથી વધુ ૨૦,૧૧૪ વિદ્યાર્થીઓ(છોકરીઓ ૮૮૨૦ અને છોકરાઓ ૧૧૨૯૪) ગુજકેટની પરીક્ષા આપશે. જેમાં ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહના ગ્રુપ-એ(ગણિત)માં ૧૦,૨૩૪, ગ્રુપ-બી(જીવવિજ્ઞાન)માં ૯૮૩૬ અને ગ્રુપ-એબી(ગણિત-જીવવિજ્ઞાન બંને)માં ૪૪ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ વાગ્યે ભૌતિક અને રસાયણવિજ્ઞાન(ફિઝીક્સ અને કેમેસ્ટ્રી) બપોરે ૧:૪૦ થી ૨:૪૦ વાગ્યે અને જીવવિજ્ઞાન(બાયોલોજી) સમજે ૪:૦૦ થી ૫:૦૦ વાગ્યે યોજાશે.

### પરીક્ષા ખંડમાં વિવિધ ગેઝેટ્સ પર પ્રતિબંધ

પરીક્ષાખંડમાં મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, ટેબ્લેટ સહિતના કોઈ પણ ઈલેક્ટ્રોનિક ગેઝેટ્સ કે સાયન્ટિફિક કેલ્ક્યુલેટર સાથે લઈ જવા પર સખત પ્રતિબંધ છે. વિદ્યાર્થીઓ માત્ર સાદું કેલ્ક્યુલેટર અને બોલપેન જ સાથે રાખી શકશે. મદદ માટે કંટ્રોલ રૂમઃ વિદ્યાર્થીઓ અને વાલીઓના માર્ગદર્શન માટે ગાંધીનગર ખાતે ૨૪ કલાક કાર્યરત 'સ્ટેટ કંટ્રોલ રૂમ' (ફોનઃ ૦૭૯-૨૩૨૨૦૫૩૮) ની સુવિધા તા. ૨૮ માર્ચથી ઉપલબ્ધ રહેશે.

સુરતમાં આ પરીક્ષા માટે ૧૦૧ બિલ્ડિંગોમાં ૧૦૦૮ બ્લોકની વ્યવસ્થા કરાઈ છે. તેમજ આ પરીક્ષા કુલ ત્રણ માધ્યમોમાં યોજાશે. જેમાં ગુજરાતીના ૧૦,૧૯૯, અંગ્રેજી માધ્યમના ૯૬૦૧ અને હિન્દી માધ્યમના ૩૧૪ વિદ્યાર્થીઓ નોંધાયા છે.

પરીક્ષાના દરેક સેન્ટર શહેરમાં હોવાથી સુરત જિલ્લા શિક્ષણાધીકારીની કચેરી તરફથી જિલ્લાના(ગ્રામ્યના) બાળકોને પરીક્ષાના સમયથી થોડા વહેલા પરીક્ષા સ્થળે પહોંચી જવા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

